

જૈનશાસનસ્તંભ આગમદિવાકર આગમોદ્ધારક આચાર્યદેવ
સ્વ. સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

દીપક પ્રિન્ટરી · અમદાવાદ

# નિવેદન

આ ગ્રંથના પ્રકાશનના પ્રેરક અને જન્મદાતા પરમ પૂજ્ય પ્રસિદ્ધ વક્તા મુનિરાજશ્રી ચંદ્રોદયસાગરજી મહારાજ છે. સં. ૧૯૯૭માં પાંજરાપોળમાં તેમણે કરેલા ચાતુર્માસ પછીથી તો અમદાવાદ અને સમગ્ર જૈનસમાજમાં તેઓ તેઓશ્રીની વ્યાખ્યાનશક્તિથી ખુબજ પ્રસિદ્ધ છે. જૈનસમાજમાં અતિપ્રસિદ્ધ ગણાતા વ્યાખ્યાનકારોમાં તેઓશ્રી પણ એક મહત્વનું સ્થાન ધરાવે છે. તેઓશ્રીની વ્યાખ્યાનશક્તિ શ્રોતાને તત્ત્વસન્મુખ બનાવી હૃદયમાં ધર્મની અપૂર્વ જ્યોત જગાવે છે.

પરમપૂજ્ય આગમોદ્ધારક આગમ દિવાકર સ્વર્ગસ્થ આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજીની નિ:સીમ કૃપા કપડવંજ ઉપર છે. કારણ કે તેમના દીક્ષા બાદ કપડવંજમાંથી સેંકડો સ્ત્રી–પુરૂષોએ પરમ પાવન ભાગવતી દીક્ષા અંગીકાર કરી છે. કપડવંજમાં અનેક ધર્મપ્રભાવના કરનારાં કાર્યો થયાં છે અને જૈનસમાજમાં કપડવંજ એ દીક્ષાક્ષેત્ર તરીકે અતિપ્રસિદ્ધિપણાને પામ્યું છે. આ ઉપકારનો હિસ્સો પરમ પૂજ્ય પ્રસિદ્ધ વક્તા ચંદ્રોદયસાગરજી મહારાજને અને તેમના કુટુંબને પણ મળ્યો છે. અને પરમ પૂજ્ય ચંદ્રોદયસાગરજી મહારાજના દાદા લલ્લુભાઈ પાદશાહે પરમપૂજ્ય ગુરૂદેવ આચાર્ય ભગવંત પાસે ૧૯૭૨માં અમદાવાદમાં ભાગવતી દીક્ષા અંગીકાર કરી હતી. અને

વિ. સં. ૧૯૮૯માં પોતાના પિતા–પૂ. મુનિશ્રી **વિનયસાગરજી** અને કાકા–પૂ. મુનિશ્રી **ચારિત્રસાગરજી** સાથે મુનિશ્રી ચંદ્રોદયસાગરજીએ પોતાની ૧૨ વર્ષની ઉંમરે અમદાવાદમાંજ ભાગવતી પ્રવજ્યાનો સ્વીકાર કર્યો હતો. આમ પરમ પૂજ્ય આગમોદ્ધારક ગુરૂદેવ **સાગરનંદસૂરીશ્વરજી** મહારાજનો પરમઉપકાર તેમની ત્રણ પેઢી સુધીનો છે અને આજે પણ તેમનાજ કુટુંબના જયંતિલાલ શંકરલાલ પાદશાહના નામથી પ્રસિદ્ધ જયંત મેટલ વર્કસ જે હજારો લાખોની સખાવત ધર્મમાર્ગે કરે છે તે સર્વમા પણ પરમપૂજ્ય ગુરૂદેવના ઉપદેશામૃતનું સિંચનજ કારણ રૂપ છે.

પરમપૂજય **ચંદ્રોદયસાગરજી** મહારાજ દીક્ષાબાદ સ્વર્ગસ્થ પરમપૂજય આગમોદ્ધારક આગમદીવાકર ગુરૂદેવ **સાગરાનંદસૂરીશ્વરજી** પાસે રહ્યા હતા અને બાળપણામાં તેમની પાસેથી જ અભ્યાસ સંસ્કાર અને જે કાંઇ શક્તિ મળી તે મેળવી છે. પોતાનામાં આવેલ વ્યાખ્યાન શક્તિ કે અભ્યાસ તે સર્વ ગુરૂદેવનું સાનિધ્ય, વ્યાખ્યાન શ્રવણ અને તેમની નિસીમ કૃપાનોજ પ્રતાપ છે.

વર્ષો અગાઉથી તેમની ભાવના પરમપૂજય ગુરૂદેવના વ્યાખ્યાનો છપાઇ ઘેરઘેર પહોંચતા થાય તેવી હતી કારણકે તેઓશ્રીના વ્યાખ્યાનમાં તત્વજ્ઞાન, દલીલ, શ્રદ્ધા, અને માણસના હૃદયને હચમચાવવાની અપૂર્વ શક્તિ સાથે કુતર્કને હઠાવવાની અને જૈનશાસનની પ્રભાવના કરવાની અપૂર્વ શક્તિ છે. તેમના વ્યાખ્યાન શ્રવણ અને વાંચનથી તો આજે કેટલાએ વ્યાખ્યાનકારો સારા વ્યાખ્યાનકાર બન્યા છે. અને દરેક

વ્યાખ્યાનકારને જ્યારે શું પડે ત્યારે તેમનાજ વ્યાખ્યાનનો આશરો લેવો પડે છે. તેઓશ્રીના વ્યાખ્યાનો સૌ કોઈને ઉપયોગી થઇ પડે તેવા નદીના પ્રવાહની માફક ખળખળ વહેતા પાણી જેવા સ્વયં નિર્મલ અને અન્યને નિર્મલ બનાવે છે.

આ આનંદ ઝરણાના પ્રકાશનની સામગ્રી માટે અપ્રગટ વ્યાખ્યાનોનો સંગ્રહ આપવા બદલ પૂ આચાર્ય દેવ **હેમસાગરસૂરીશ્વરજી** અને પૂ. મુનિશ્રી **ગુણસાગરજી** મહારાજનો અમે આભાર માનીએ છીએ.

આ ગ્રંથ પ્રકાશનમાં એલીસબ્રીજ જૈનસોસાયટીના સંઘે જે આર્થિક મદદ કરી છે તે બદલ તેનો પણ આભાર માનીએ છીએ.

આ ગ્રંથનું પ્રકાશન સ્વ. પરમ પૂજ્ય મુનિરાજ શ્રી **ચારિત્રસાગરજી**ના સ્મરણાર્થે કરવામાં આવ્યું છે.

અંતે સૌ કોઇ વાંચકો વ્યાખ્યાનો વાંચે અને તેમાં બતાવેલ વિરતિને યથાશક્તિ સ્વીકારી આ ગ્રન્થ છપાવવાનું સાફલ્ય કરે. એજ.

પ્રકાશક,

# પ્રાક્કથન

વિ. સં. ૨૦૦૭ માં પ્રથમ ભાગ છપાયા પછી આ બીજો ભાગ બે વર્ષે બહાર પડે છે.

પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવનાં અપ્રગટ વ્યાખ્યાનોનો સંગ્રહ જો કે એક પછી એક તેમના શિષ્યો તરફથી બહાર પડે છે એટલે એ દિશામાં બહુ સારી પ્રવૃત્તિ ચાલે છે જે ખુબજ અનુમોદનીય છે.

આનંદ ઝરણાનો પ્રથમ ભાગ તૈયાર કરતી વખતે મારે માત્ર છાપેલ સિદ્ધચક્રની ફાઈલોજ જોવાની હતી પરંતુ આ ભાગમાં મોટે ભાગે અપ્રગટ વ્યાખ્યાનો છાપવાના હોવાથી મને એક મોટું પોટલું અપ્રગટ વ્યાખ્યાનનું આપવામાં આવ્યું હતું. આ પોટલામાં પાલીતાણા, મુંબઇ, મહેસાણા વિગેરે વિવિધ સ્થળે આપેલાં વ્યાખ્યાનો હતાં. નવપદનાં પણ અપ્રગટ વ્યાખ્યાનો હતાં. શું લેવું અને શું ન લેવું તેનો નિર્ણય મારે માટે બહુ મુશ્કેલ હતો કેમકે તે નિર્ણય તો તેજ માણસ કરી શકે કે જેણે આજ સુધી તેમનું બહાર પડેલું બધું સાહિત્ય અવગાહ્યું હોય.

વધુમાં મારી પાસેના પોટલામાં પંચાશક, વિચારામૃત, યોગશાસ્ત્ર અને ત્રિષષ્ઠિ ઉપર એકજ શ્લોક ઉપર આપેલાં આઠ દસ વ્યાખ્યાનો હતાં. આ વ્યાખ્યાનો હું આપું તો એકજ શ્લોકના વ્યાખ્યાનોમાં આ પુસ્તક પુરૂં થઈ જાય. અને તેમ થાય તો છૂટક છૂટક વ્યાખ્યાનો આપવાનો જે ક્રમ રાખ્યો હતો તે સચવાય તેમ ન હોવાથી ૧૦૦–૧૫૦ પાના વાંચ્યા પછી ભાગ્યેજ એક વ્યાખ્યાન હું લઇ શકતો.

પ. પૂ. ચંદ્રોદયસાગરજી મહારાજનો આ ભાગ માટે વિશેષતઃ ખાસ આગ્રહ એ હતો કે ઉ. યશોવિજયજી મહારાજના ગ્રંથ ઉપરનાં તેઓશ્રીનાં વ્યાખ્યાનો આવે તો વધુ સારૂં તેથી જ્યાં સુધી મળ્યાં ત્યાં સુધી તેજ લેવાનો આગ્રહ રાખ્યો છે. આ ઉપરાંત બે વ્યાખ્યાનો સિદ્ધચક્રની ફાઇલમાંથી અને બે વ્યાખ્યાન ઠાણાંગસૂત્રના વ્યાખ્યાન સંગ્રહમાંથી પણ લીધાં છે. તેથી તેના પ્રકાશકોનો આભાર માનીએ છીએ.

આ ભાગમાં ૨૦ વ્યાખ્યાનો આપવામાં આવ્યાં છે. ૧૬ અપ્રગટ છે અને ચાર પ્રગટ પૈકીનાં છે.

આગમોદ્ધારક આચાર્યદેવના વ્યાખ્યાન એટલે શ્રુત અનુભવ, સમન્વય અને દલીલોનો ઝરો ટુંકા ટુંકા વાક્યો અને ડગલે ને પગલે તેમાં થતું ઉદ્‌બોધન આત્માને ઉદ્‌બોધન કરે છે.

પૂ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજને આપણે 'ગિરુઆરે ગુણ તુમ તણા' જેવા સરલ શ્રદ્ધાપોષક સહિત્યને અને ન્યાયના અનેકાન્તવાદ જેવા આકગ પ્રભાવક ગ્રંથોને બનાવતા દેખી આપણે તેમના જ્ઞાન અને શાસન ઉપરની શ્રદ્ધાથી નતમસ્તક બનીયે છીએ તેમ આગમોદ્ધારક આચાર્યદેવનો આગમ અને પ્રકરણ ગ્રંથોના આરપાર નિદર્શનપૂર્વક શ્રદ્ધા પોષક વાક્પ્રવાહ આપણને ધર્મમાં અનિદઢ બનાવી નતમસ્તક બનાવે છે

ભાષાજ્ઞાન માટે વ્યાકરણ અને જૈનશૈલિની પરિપાટી સમજવા પ્રકણ ગ્રંથનું અધ્યયન કરી પૂ આગમોદ્ધારક આચાર્યદેવનો વ્યાખ્યાનસંગ્રહ અવગાહનાર સુંદર વક્તા અને

બહુશ્રુત બનવા સાથે જૈનશાસનતો નિતાંત આરાધક બની કલ્યાણુ સાધી શકે છે.

આ કાળે જૈનશાસનની સાચી ખુબી સમજવા અને તેની પ્રકૃષ્ટતાનું સાચું દર્શન કરવા તેઓનો વ્યાખ્યાનસંગ્રહ ખુબજ ઉપકારી છે.

આ ગ્રંથમાં આપવામાં આવેલ વ્યાખ્યાનસંગ્રહ તત્ત્વ જ્ઞાન કરતાં જૈનશાસનની ખુબી સમજાવવામાં ખુબ ઉપયોગી છે. જ્ઞાન તરફ પ્રવૃત્તિ, મૂર્તિપૂજા રહસ્ય, સમતા, સત્સંગ વિગેરે બધાં વ્યાખ્યાનો ધર્મમાં દઢ કરનારાં છે.

આ વ્યાખ્યાનમાં આકરા તત્ત્વજ્ઞાનના વિષયને તેમણે અધ્યાત્મમય બનાવ્યો છે. અને શ્રોતાને સાચું ભાન કરાવી ધર્મમાર્ગે વાળ્યો છે. તેમ વાંચક પણ આને વાંચી પોતાનું કલ્યાણ સાધશે તેની અમને પૂર્ણ શ્રદ્ધા છે.

આ ગ્રંથ પ્રકાશન વખતે પૂ. મહારાજ સાહેબના વ્યાખ્યાનો વાંચવાનો વિચારવાનો મને જે સુયોગ પૂ. મુનિરાજશ્રી ચંદ્રોદયસાગરજી મહારાજે પુરો પાડયો છે તે બદલ તેઓનો આભાર માની આ મુદ્રિત થયેલ વ્યાખ્યાન સંગ્રહને વાંચકો વિચારે અને તત્ત્વજ્ઞાન પામી કલ્યાણ સાધે એજ અંતિમ અભ્યર્થના સાથે વિરમું છું.

વિ. સં. ૨૦૦૯ ભા. શુ. ૩

નયન પ્રિન્ટીંગ પ્રેસ,
કા. ૨-૬૧ ફર્નાન્ડીઝ પુલ,
અમદાવાદ.

પં. મફતલાલ ઝવેરચંદ.



સ્વ. પૂજ્ય મુનિ મહારાજ શ્રી ચારિત્રસાગરજી

જન્મ : સં. ૧૯૫૩ ના કારતક સુદ ૫

દીક્ષા : સં. ૧૯૮૭ ના પોષ સુદ ૫

સ્વર્ગગમન : સં. ૨૦૦૯ ના અષાડ વદી ૩

દીપક પ્રિન્ટરી • અમદાવાદ

સ્નેહાળ હતી. ચુનીલાલ ધીર ગંભીર અને કર્તવ્યપરાયણ હતા. ત્યારે વાડીલાલ ચકોર રમતીયાળ અને તોફાની હતા.

બન્ને બાંધવો વૈભવથી અને માતપિતાના ધર્મસંસ્કારથી ઉછર્યા. પિતા લલ્લુભાઇ એ ધર્મના દૃઢ રાગી હોવાથી છોકરાઓ ઉંમરલાયક થતાં સ્વ. આગમોદ્ધારક આચાર્યદેવ સાગરાનંદ-સૂરીશ્વરજી પાસે મુનિશ્રી **લક્ષ્મીસાગરજી** નામ ધારણ કરી ભાગવતી પ્રવજ્યા સ્વીકારી અને થોડાજ વખતમાં સારી આરાધના કરી વિ. સં. ૧૯૭૪ના આસો સુદી ૫ કાળધર્મ પામ્યા.

કુટુંબમાં વારસાગત આવેલા ધર્મના સંસ્કાર ચુનીલાલ અને વાડીલાલમાં પણ આવ્યા. આ બન્ને બાંધવો વ્યાપારમાં ખેલાડી, નીડર અને ભલાભલાને હંફાવે તેવા કુશળ હતા છતાં કોઈ એક પળે તેમનું હૃદય વૈરાગ્યવાસિત થયું અને તેમણે ભાગવતી પ્રવજ્યા લેવાનો વિચાર કર્યો. કપડવંજ-વાસિને ગુરૂની શોધ કરવાની ભાગ્યેજ હતી. તેમને તો પિતાના ગુરૂ આગમોદ્ધારક સાગરાનંદસૂરિજી હતાજ તેથી તેમણે વિ. સં. ૧૯૮૭ પોષ સુદ ૫મે રાજનગરમાં ભાગવતી પ્રવજ્યા સ્વીકારી. ચુનીલાલ મુનિશ્રી **ચારિત્રસાગરજી** અને વાડીલાલ મુનિશ્રી **વિનયસાગરજી** બન્યા. આ દીક્ષા વખતે વાડીલાલને ચંપકલાલ નામનો ૧૨ વર્ષનો બાળક હતો. કુટુંબ દીક્ષા આપવી ન આપવીમાં ઝોલા ખાતું હતું તે વખતે આ બાળકે વિચાર્યું કે દાદા, પિતા, કાકા, બધા પાદશાહ બની મોટા શાહ બન્યા તો હું કેમ રહું તેથી તે પણ કુટુંબની પાદશાહની ડેહેલીએ તાળું લગાવી પિતા અને કાકા સાથે દીક્ષિત બન્યો. જેનું નામ મુનિશ્રી **ચંદ્રોદયસાગરજી** રાખવામાં આવ્યું.

મુનિશ્રી ચારિત્રસાગરજીએ દીક્ષા લીધા અગાઉ ઘણી આયંબિલની ઓળીની ઉજવણી કરી હતી. કપડવંજની

મારવું એ ખોટું છે. બીજાને મારતાં જુએ કે મને તો નહિ મારેને? પહેલાંથી મારવાનું ખોટું સમજે છે અને ઉદ્યમ કરે છે. ખોટું ન સમજતો હોય તો તેની પાસે સાધન છે કે નહિં તે શું કામ તપાસે? મારવું ખોટું એ દરેક કબૂલ કરે છે. હિંસા કરનારે પણ હિંસા કરવી ખોટી છે, એમ માની લીધું છે. નહિતો પોતે પોતાનો બચાવ કેમ ધાર્યો? બોલે એની પહેલાંજ અંદર બડબડાટ થાય, આમ બોલું તો તે જાણી તો નહિ જાયને? કોઈની વસ્તુ ઉઠાવવા પહેલાં રખેને દેખશે તો નહિં.

હિંસા એ ખરાબ ચીજ છે એમ અંતઃકરણ કહી આપે છે. કેટલીક એવી પ્રવૃત્તિઓ છે કે જેમાં અંતઃકરણની પ્રવૃત્તિ એને લાવી દેખે છે. પણ અંતઃકરણ અરૂપીને લાવી દેખવાવાળું નથી. જે વસ્તુને મારૂં અંતઃકરણ કહે તેનેજ ધર્મ માનવો. જેને માનવાનું ના કહે તેને ધર્મ માનવો નહિં. પણ ધર્મનું લક્ષણ મારૂં અંતઃકરણ કહે તે અર્થ માનવો તે બરાબર નથી. એને માટે નિયમ છે કે સમગ્ર પાપથી વિરમવું. પાપ-રહિત સ્થિતિને પીછાણવી એ તમારા અનુભવનું કામ નથી. રોગરહિત દશા એ ડોકટરના કહ્યાથી માલમ પડે. આપણી કલ્પનાએ કામ નથી લાગતું. જે એ બાબતના જાણકાર હોય તેનું કહેવું કામ લાગે. ડોકટર કહે તેજ કામ લાગે. આપણે શરીરના માલિક છીએ. ક્ષયથી પીડાતા હોઈએ, ક્ષય નથી થયો એમ કહીએ તેથી ક્ષય વગરના થઈએ ખરા કે? તેથી ક્ષય મટી ગયો કે? કેન્સર થાય તેની ખબર મોટા મોટા ડોકટરોને પડતી નથી. કોઈ કહે કેન્સર નથી તેથી દરદ મટી ગયું? દર્દોને જાણવાવાળા સર્જન હોય તે

તે પ્રગટ થતું નથી. તો પછી આટલી બધી ભાંજગડ શી? મળ્યું તો શું? ન મળ્યું તો શું? જ્ઞાન વગર દેશવિરતિ વિગેરે જાણી ન શકીએ, તો પછી કલ્યાણકારી હોય તે આદરી કયાંથી શકીએ? મોક્ષ પ્રાપ્તિને અંગે જ્ઞાનની પહેલી જરૂર છે, એ જ્ઞાન શીખતાં મનુષ્યને બહુ મુસ્કેલી પડે છે. જીવવિચારઃ નવતત્ત્વભણવાવાળા કેટલા નીકળશે? એકે નહિ. લક્ષ્ય એ તરફ નથી. જેવું દુનિયાદારી તરફ લક્ષ્ય છે તેવું અહિં નથી. અહીં નથી શીખાતું. પેલું હજાર ગાઉ દૂર જઈને શીખાય છે. જ્ઞાન એવી ચીજ છે કે એના તરફ લક્ષ્ય કર્યા વિના છૂટકો નથી. અનંતાભવો રખડશો તો પણ જ્ઞાનની દરકાર કર્યા વિના છૂટકો નથી. જ્ઞાન મેળવવું પડશે. જ્ઞાન ન મળે ત્યા સુધી આત્મકલ્યાણ છેટું છે. જગતમાં સારા પદાર્થની દરકાર બધાને થાય છે. ભક્ષ્ય વસ્તુમાં અમૃત કહી દીધું. પણ અમૃત ચીજ શી? દરિઓ ડહોળતાં નીકળેલી ચીજ. દેવોએ દરિઆ ડહોળ્યો ત્યારે નીકળેલી ચીજ અમૃત છે. આત્મામાં રહેલું જ્ઞાન એ અમૃત તો છે. એમાં રવૈયો કરવો પડયો નથી. આત્માનો સ્વભાવ જ્ઞાન છે. એ જ્ઞાનરૂપી અમૃત માટે દરિઓ ડહોળવો પડે તેમ નથી. અમૃતતો દેવતાની વાતોમાં ગયું. અમારી વાતોમાં અમૃતને અવકાશ નથી. પહેલાં ડગલેને પગલે દેવતાઓ આવતા હતા, તે વખતે અમૃતની વાત હતી. જે કાળમાં દેવતાના દર્શન દુર્લભ ત્યાં દરીયો ડહોળ્યો એ વાત તત્ત્વવાળી ન ગણાય. આજકાલ રસાયણ તો માનો છો ને? તે આવેલા ઘડપણનો નાશ કરી જુવાની લાવી દે, ચાહે જેવા ભયંકર રોગોને ટાળી દે પણ આત્માના રોગોને તો તે ઉલ્ટા વધારે છે. વિષય, કષાય, અભિ-

૨

# મૂર્તિપૂજા રહસ્ય

[ ધર્મની પ્રસિદ્ધિ દેવના નામે હોય છે. શિવને માનનારા શૈવ અને જિનેશ્વરને માનનારા જૈનો કહેવાય છે.

ધર્મ અને ગુરુનો આધાર દેવતત્ત્વ ઉપર છે. આથી દેવતત્ત્વ શુદ્ધ હોવું જોઇએ.

મૂર્તિ આલંબન છે આ આલંબનથી વિચારધારા પ્રગટે છે. જેવી મૂર્તિ તેવી વિચારધારા જાગે આથી જિનમૂર્તિ શાંત હોય છે ત્યાં બૈરાં છોકરાં કે હથિયાર હોય નહિ.

જિનેશ્વર ભગવાનની મૂર્તિ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ વખતે તિર્થંકર ભગવાનની જે સ્થિતિ હોય તે સ્થિતિની બનાવવામાં આવે છે, આથીજ ભગવાનની મૂર્તિ કાઉસ્સગ્ગ અવસ્થાની અને પર્યંકાસનની એજ મળે છે.

તીર્થંકર ભગવાનના પર્યંકાસને કાઉસ્સગ્ગ કરવો કે ઉભી પડાવવી એ આશાતના છે. આપણી મૂર્તિ ભગવાનની સાકાર અવસ્થાની છે. નિરાકાર અવસ્થાની મૂર્તિ બનાવી ન શકાય.

દીવો પદાર્થ દર્શાવે છે પણ તે પદાર્થ સર્જી શકતો નથી, તેમ તીર્થંકર ભગવાન અને તેમની પ્રતિમા ધર્મ બતાવે છે. ધર્મમાં કોઇ પરિવર્તન ન હોય. ધર્મ તો સદાકાળે એક રહે છે. આગમો વલભીપુરમાં લખાયાં તેમાં દેશકાળ ન વિચાર્યો પરંતુ જ્ઞાનીઓનાં વચનો જેમને જે રીતે યાદ હતાં તે રીતે ઉતાર્યાં.

આ મૂર્તિ એ ધર્મમાર્ગને બતાવનાર છે. ]

### ધર્મની પ્રસિદ્ધિ દેવના નામે થાય છે.

સકલ સંસારમાં ધર્મની પ્રસિદ્ધિ નથી તો યતી ગુરુને નામે કિંવા નથી તો યતી ધર્મને નામે ધર્મ, મત કે સંપ્રદાય એ સઘળાની પ્રસિદ્ધિ માત્ર દેવોને નામેજ થાય છે અને એટલાજ માટે વિષ્ણુને માનનારાઓ તે **વૈષ્ણવો**, શિવને માનનારાઓ **શૈવો** અને જિનેશ્વરને માનનારાઓ **જૈનો** કહેવાય છે આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે શાસન, સંપ્રદાય મત કે પંથોના નામો દેવતાઓ ઉપરથીજ પ્રવર્તે છે આજ કારણથી સૌથી પહેલો દેવતાનો નિશ્ચય થવાની ખાસ જરૂર છે.

### શુદ્ધ દેવ નહિ તો શુદ્ધ ગુરુ પણ નહિં.

જો તમે દેવનો નિશ્ચય ન કરી શકો અને શુદ્ધ દેવ નાને ન મેળવી શકો તો તમો શુદ્ધ ગુરુને પણ મેળવી શકવાનાજ નથી. કારણ કે શુદ્ધ દેવતાઓ જે આચાર કહી ગયા છે તેજ આચારને શુદ્ધ ગુરુઓ પાળે છે અને તેજ શુદ્ધ ગુરુઓ કહેવાય કે જે ગુરુઓ શુદ્ધ દેવે કહેલા આચારોનેજ પાળે છે હવે શુદ્ધ ધર્મ કોને કહેવો તેનો વિચાર કરી લઇએ શુદ્ધ દેવોએ જે આચાર કહ્યો છે તેને જ આપણે શુદ્ધ ધર્મ કહીએ છીએ. આ સઘળા ઉપરથી તમે સ્હેજે જાણી શકશો કે શુદ્ધ દેવ એ શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મના સ્વરૂપનું અસ્તિત્વ છે ગુરુ અને ધર્મ એ બંને તત્ત્વોનો આધાર જોઇએ તો તે દેવતત્ત્વ ઉપરજ અવલંબેલો છે. જો તમે સહેલાઇથી સમજી શકશો કે જો ધર્મ અને ગુરુ એ બનેનો આધાર દેવતત્વ ઉપરજ છે તો તે દેવતત્ત્વજ શુદ્ધ શોધવું જોઇએ અને સૌથી પહેલો નિશ્ચય દેવતત્ત્વનોજ થવો એ વાસ્તવિક અને જરૂરી છે

## મૂળ સારૂં હોય તો ફળ સારૂં !

તમે જાણો છો કે જે વૃક્ષના મૂળિયાં સશકત અને યોગ્ય છે તેજ વૃક્ષનાં ફળો પણ સારાં નીપજે છે. જો મૂળિયાં સડી ગયેલાં હોય તો તે વૃક્ષ અને તેનાં ફળો પણ નકામાંજ થાય છે. એજ ન્યાયે ધર્મ અને ગુરુનો જેના ઉપર આધાર છે એવા દેવતત્ત્વનો પહેલો નિર્ણય થવો એ જરૂરી વસ્તુ ઠરે છે. જો દેવ અવ્યવસ્થિત હોય અને અર્થહીન હોય તો તેને પરિણામે ગુરુ અને ધર્મ એ બંને તત્ત્વો પણ તેવાંજ અવ્યવસ્થિત અને મિથ્યાત્વથી ભરેલાંજ રહેવાનાં. ગુરુ અને ધર્મ તત્ત્વની શુદ્ધતા દેવતત્ત્વ ઉપરજ અવલંબેલી છે અને તેથીજ સૌથી પહેલાં શુદ્ધ દેવતત્ત્વનો નિશ્ચય કરવો એનેજ શાસ્ત્રકાર મહારાજાઓએ યોગ્ય માન્યો છે. ગુરુદેવોનો આધાર દેવો ઉપરજ છે અને ગુરુઓ દેવોનેજ આદર્શ તરીકે બતાવે છે. દેવોનું જે સ્વરૂપ છે તે આદર્શ છે. એ આદર્શ દર્શાવીને, તે સ્વરુપને પહોંચવાને માટે સુધર્મ રૂપ રસ્ને પ્રયાણ કરવાની ઉત્તેજના અને સહાયતા આપવી એજ ગુરુઓનું કર્ત્તવ્ય છે.

## મૂર્તિપૂજા યોગ્ય છે કે અયોગ્ય ?

તીર્થંકર ભગવાનોની સ્તુતિ કરતાં **मूर्त्तिश्रो जिनपुंगवस्य भवतु श्रेयस्तरीर्देहिनाम्** આવા શબ્દો મૂકવામાં આવ્યા છે. ભગવાન તીર્થંકર દેવોની સ્તુતિ કરતાં આ શબ્દો શા માટે મૂકવામાં આવ્યા છે તેનો હવે વિચાર કરો. અહિં કહેવાનો આશય મૂળ એ છે કે આત્માના સાધ્ય તરીકે અને આત્માને પ્રાપ્ત કરવાની વસ્તુ તરીકે એજ વસ્તુ છે કે જે વસ્તુ ભગવાનશ્રી તીર્થંકર દેવોએ પ્રાપ્ત કરી છે. ભગવાન

તીર્થંકર મહારાજ જેમ આત્માનું કલ્યાણ કરી શકયા છે, તેજ પ્રમાણે આપણે પણ જો એજ માર્ગે જઇએ તો આપણે પણ આપણા આત્માનું કલ્યાણ અવશ્ય સાધી શકીએ આ દ્દષ્ટિએ જૈનશાસનની મૂર્તિપૂજા વૈજ્ઞાનિક અને વાસ્તવિક ઠરે છે. જૈનો મૂર્તિપૂજા કરે છે તે આ રીતે વ્યવહારિક, વાસ્તવિક અને વિજ્ઞાન તથા માનસશાસ્ત્રના નિયમોને અનુસરતી છે. પરંતુ જૈનોની મૂર્તિપૂજા જોઇને બીજાઓ પણ મૂર્તિપૂજાને વાસ્તવિક ઠરાવવા મંડી જાય છે અહીં ધ્યાનમા રાખવાનું છે કે અન્યદર્શનીઓ જે મૂર્તિપૂજા કરે છે તે કોઇપણ રીતે યોગ્ય કિંવા વાસ્તવિક નથી રીરી છોકરાવાળા ભગવાન એ આદર્શ નથી ભગવાન શ્રીજિનેશ્વરદેવોની સૌમ્ય અને શાંત પ્રતિમા હોય છે તેને આપણે જોઇએ કે તુર્ત આપણા આત્મામાં પણ એવી સૌમ્ય ભાવના જાગે છે કે 'અહા ! શું આ ભગવાનના મોઢા પર શાંતતા અને સૌમ્યતા પથ રાએલી છે ખરેખર, મારો આત્મા આવી દશા કયારે પામશે?' આપણા અંતરમા જ્યાં આવો વિચાર પ્રવર્તે છે કે ત્યા આપણી મૂર્તિપૂજા સફળ થાય છે હવે ધારો કે એજ આ પણ તીર્થંકર ભગવાનને રાણી સાથે ઉભા રાખીએ, તેમના હાથમાં હથિયારો આપીએ અથવા તેમને ઉટ, ઘોડા કે હાથી ઉપર ચઢી બેઠેલા ચીતરીએ તો એ પ્રતિમાઓ દેખીને આપણા અંતરમાં કેવા વિચારો આવવા પામશે? ભગવાન શ્રી જિનેશ્વર દેવની પ્રતિમા અને સ્ત્રી, છોકરા અને શસ્ત્રો સાથેની દેવોની પ્રતિમા એ બન્ને પ્રતિમાઓમાં ભગવન શ્રી જિનેશ્વર દેવની પ્રતિમા તેજ આદર્શ તરીકે વધારે વાસ્તવિક ઠરે છે. સ્ત્રી, છોકરા કે હથિયારો સાથેની પ્રતિમા

રાખવી એનો કશો અર્થ નથી અને એ પ્રતિમાઓ આદર્શ પણ થઇ શકતીજ નથી.

તમે એ વાત તો સહેલાઇથી માન્ય રાખશો કે આદર્શ હંમેશાં ચાલુ સ્થિતિથી વધારે શ્રેષ્ઠ અને ઉંચા પ્રકારનો હોય છે. સ્ત્રી, છોકરાં અને શસ્ત્રરૂપ અર્થ મેળવવાના સાધનો એ સઘળું તો તમારી પોતાની પાસે પણ વિદ્યમાન છેજ, તો પછી જે વસ્તુ તમારી પાસે છે તેજ વસ્તુઓની પાછળ ભગવાન પણ ભટકતા હોય. ગૌરીની પાછળ ગાંડાતુર થઇને દોડતા હોય. અને હથિયારોના ખણખણાટથીજ જે શત્રુઓને જીતી લેતા હોય, તેવા આત્માઓ તમારાથી કઇ રીતે શ્રેષ્ઠ ઠરે છે કે જેને તમે તમારો આદર્શ ઠરાવી શકો ? કદાચ કોઇ એમ કહે કે આપણી સમૃદ્ધિ અલ્પ છે અને ગૌરી છોકરાં વાળા શસ્ત્રધારી ભગવાનની સ્ત્રીઓ સંપૂર્ણ રૂપવતી છે, તેમનો ધનકોષ પૂરો ભરેલો છે અને શસ્ત્રસંચાલનમાં તેઓ પરિપૂર્ણ કુશળ છે, માટે તેઓ આપણો આદર્શ છે. તો આ જવાબ પૂર્ણ છે એમ આપણે કદાપિ માની શકતા નથી. કેમકે હંમેશાં આદર્શ તો તેજ હોવો જોઇએ કે જે અવિચળ હોઇ શકે.

## કલ્યાણ માર્ગનું સ્મરણ ક્યારે થાય?

ધન, પુત્ર, વૈભવ ઇત્યાદિ સઘળું એવું છે કે જે સનાતન્ અથવા અવિચળ નથી, પરંતુ તે સઘળું ચલિત છે. જો એ સઘળી વસ્તુઓ ચલિત છે તો એ સઘળી વસ્તુઓથી યુક્ત એવા ભગવાન પણ આદર્શ થવાને માટે અયોગ્યજ છે, એ વાત સ્પષ્ટ થાય છે. મેળવેલી વસ્તુઓનો ત્યાગ એજ

તારણનું સાધન માન્યુંજ નહોતું, એ ઉપાધિને તેમણે ત્યાગવા જેવીજ માની હતી અને છેવટે એ બધી ઉપાધિનો તેમણે ત્યાગજ કર્યો હતો. આથીજ આપણે તેમને ઉત્તમ ગણ્યા છે. વળી બીજી ધ્યાનમાં રાખવાની વાત એ છે કે આપણે ભગવાનોની એ સ્ત્રીપુત્રાદિવાળી અવસ્થાને પણ સારી માનીજ નથી. પરંતુ તેમની ત્યાગ પછીની અવસ્થાનેજ આપણે સારી માની છે. ભગવાનની પણ બધી દશા અનુકરણીય નથીજ. ભગવાને પણ પોતાના ત્યાગ પછીની દશાને જ સારી મનાવી છે. તેમણે ત્યાગ પહેલાંની દશાને કદી સારી મનાવીજ નથી. ભગવાનનું ચારિત્ર આદર્શ અને અનુકરણીય છે, પરંતુ તે ત્યાંજ અનુકરણીય છે કે જ્યાં કર્મની ક્ષયોપશમ દશાનો ભાવ હોય. ભગવાનની કર્મોદયની દશામાં તેમને હાથે જે કાર્યો થએલાં હોય તે કાર્યો કે તે દશા એને આ શાસને કદી પણ અનુકરણીય માનીજ નથી.

## વર્તન એજ ધર્મ તો પછી કથનીની જરૂર શી?

હવે તમોને પ્રશ્ન એ ઉઠશે કે જો આ સ્થિતિ છે તો પછી આવી દશામાં ભગવાનની કથની અને કરણી જુદા પાડી શકાય કે નહિ? જૈન શાસનમાં અને અન્ય શાસનમાં જે કાંઇ તફાવત છે, ફરક છે તે અહીંજ છે. અન્ય શાસનમાં તેમના દેવોની કથની અને કરણી એ બંનેમાં તફાવત છે. અને એ તફાવતથી ઉભો થતો વિરોધાભાસ ટાળવાજ તેમને કથની કરણીના ભિન્નત્વને ભગવાનની લીલાને નામે પડદો નાંખીને ઢાંકી દેવી પડી છે. અને જૈન શાસનમાં ભગવાનની કથની અને કરણી બંને એક અને અવિભિન્ન છે.

## આદર્શ કેવા જોઇએ ?

ઇશ્વરમાંથી અવતાર માનવા એના અર્થ એ છે કે નિર્મળમાંથી મલિનતા માનવી અને અવતારમાંથી ઇશ્વર માનવા એના અર્થ એ છે કે મલિનતામાંથી નિર્મળતા માનવી. આપણે ભગવાનને જન્મ વખતે મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન ઇત્યાદિ જ્ઞાના હતા અને તેઓ વીતરાગરૂપ હતા તેમ હરગીજ માનતા નથી. પરંતુ આપણે તો સ્પષ્ટ રીતે એમ માનીએ છીએ કે તીર્થંકર ભગવાને જન્મ્યા ત્યારે તેમને કેવળ જ્ઞાન નહોતું, પરંતુ ભગવાને જન્મ્યા પછી સાધુત્વના અંગીકાર કર્યો અને તત્પશ્ચાત્ તેમણે મનાપર્યવજ્ઞાન મેળવી ઘાતીકર્મના ક્ષય કર્યો હતો એટલે તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી તેમ માનીએ છીએ. આપણી આ માન્યતાના અર્થ એ છે કે મલિનતા પહેલી હતી અને નિર્મળતા પછી પ્રાપ્ત થવા પામી હતી. અર્થાત્ અજ્ઞાન પહેલાં હતું અને જ્ઞાનની જ્યોતિ તે પછીથી પ્રકટ થવા પામી હતી. હવે જેઓ ઇશ્વરમાંથી અવતાર માને છે તેઓ કેવા પ્રકારના ભ્રમમાં કુટાય છે તે જોઇએ. ઇશ્વરમાંથી અવતાર માનવા એના અર્થ તો એજ થાય કે પહેલાં ઇશ્વરત્વ–એટલે શુદ્ધતા અને પછી મનુષ્યત્વ એટલે મલીનતા. એના અર્થ એ થયો કે એમના આદર્શ શુદ્ધતા નિર્મળતાના નહિં પરંતુ મલિનતાનોજ ઠરે છે. અન્યો પોતાના ઇશ્વરને નિરંજન, નિરાકાર, શુદ્ધ બુદ્ધ અને જ્યોતિ રૂપ તો માને છે, તો પછી સવાલ એ થાય છે કે એની મૂર્તિ કઇ અને શી રીતે હોઇ શકે ? હવે બીજી તરફ કોઇ આપણને પણ એવોજ પ્રશ્ન પૂછી શકે છે કે આપણે પણ

પાદપીઠ પર પગ થાપીને બેસે છે. ભગવાન શ્રી તીર્થંકર દેવોના શરીર આ રીતે જુદે જુદે સમયે જુદી જુદી દશા ધારણ કરે છે. છતાં ભગવાનની જે પ્રતિમા બનાવવામાં આવે છે તે દેશનાની મૂર્તિ, દેવછંદાની મૂર્તિ કે વિહાર વખતની મૂર્તિ હોતી નથી. ભગવાનની જે મૂર્તિઓ જૈન શાસનમાં છે, તે સઘળી તીર્થંકર ભગવાનો સિદ્ધ થવાના હોય તેજ વખતની અવસ્થાની મૂર્તિઓ હોય છે. આપણી મૂર્તિઓમાં માત્ર બેજ પ્રકાર છે. એક કાયોત્સર્ગનો અને બીજો પર્યંકાસનનો. આ સંસારમાં મોક્ષે ગએલા આત્માઓ અસંખ્ય હોય છે. અતીતકાળે અસંખ્ય આત્માઓ મોક્ષે ગયા છે, વર્તમાનકાળે અસંખ્ય આત્માઓ મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષે જાય છે અને અનાગત કાળમાં પણ અનંતા આત્માઓ મોક્ષે જશે. સિદ્ધો કોઈપણ આકારે મોક્ષે જાય છે. જ્યારે સઘળા તીર્થંકર ભગવાનો મોક્ષે કાયોત્સર્ગ અને પર્યંકાસન બેજ આકારો જવાના હોય છે. આજ કારણથી ભગવાન તીર્થંકરદેવોની મૂર્તિ બેજ આકારવાળી હોય છે. અને તે બે સિવાય ત્રીજો આકાર સંભવતો નથી. હવે આજકાલના કેટલાક ડોળઘાલુ સાધુઓ ડોળ કરે છે અને એ તીર્થંકરની રીતે બેસે છે, તેમણે વિચારવાની જરૂર છે કે એ આકાર કોનો છે ? અને કયા વખતનો છે ? સાધુઓએ બેસીને કાઉસ્સગ કરવો એવું કયા ગ્રંથમાં અથવા કયાં લખેલું છે ? વર્તમાન સાધુઓ બેસીને કાઉસ્સગ્ગ કરે એ તેમનો ખુલ્લે ખુલ્લો પ્રમાદ છે. અને તેવો પ્રમાદ ન કરવાની સ્પષ્ટ શાસ્ત્રાજ્ઞા છે. કેવળ ડોળ કરવા તીર્થંકરના રૂપક લેવાં એમાં કોઈ પુણ્ય તો નથીજ, પરંતુ ઉલટું મહાપાપ છે. શ્રાવકો

કોઇ સ્થળે ઉલ્લેખ કર્યો નથી. આજકાલ ગુરુ પરત્વેની ભક્તિ ઓછી થઈ છે તોપણ જેઓ ધાર્મિક પુસ્તકોનું પ્રકાશન કરે છે તેઓ પુસ્તકની સાથે પોતાના ગુરુઓની ઢગલાબંધ છબીઓ જોડે છે. પણ ભગવાન દેવર્ધિગણીએ એવું એકપણ કાર્ય કરેલું અદ્યાપિ પર્યંત કોઇ સંશોધકે શોધી આપ્યું નથી. ભગવાન દેવર્ધિગણીએ તો ફક્ત પોતાને જે વસ્તુ સ્મરણમાં હતી તેજ સાદ્યંત લખવાની હતી તેમાં કાઢવા ઘુસાડવાની વસ્તુ તેમને કાંઈ કરવાની ન હતી.

જે સમયે વલ્લભીપુરમાં આગમો લખવાનું કાર્ય ચાલતું હતું તે સમયે ભગવાન શ્રી દેવર્ધિગણીએ ખૂણામાં બેસીને ગુપચુપ એ આગમો ઘસડી કાઢયા નહતાં. વલ્લભીપુર ખાતે જૈનશ્રમણોની મહાસભા મળી હતી અને એ મહાસભામાં ૫૮૦ શ્રમણમહારાજો વિદ્યમાન હતા. આ પાંચસોને એંસીએ શ્રમણમહારાજોએ જે વિચારો માન્ય રાખ્યા હતા તેજ વિચારો આગમોમાં લખવામાં આવ્યા હતા. લખવું ત્યાં પણ અમુકજ લખવું અને અમુક પ્રકારેજ લખવું એવો જ્યાં કટ્ટર નિયમ હોય ત્યાં કેટલાકો એમ માને છે કે અમુક સ્થળે પાઠાંતર જોઇએ ઇત્યાદિ શબ્દો કહેવા એ મહામૂર્ખાઇજ છે. સર્વજ્ઞ મહારાજાઓએ જે સિદ્ધાંતોની ઝાંખી કરી હતી અને જે સિદ્ધાંતો સંસારને દર્શાવ્યા હતા તેજ સિદ્ધાંતો આજના પુસ્તકોમાં પણ ચાલ્યા આવે છે. આત્માના પ્રદેશો જેમ પહેલાના માનીએ છીએ તેજ પ્રમાણે હજુપણ માનીએ છીએ. તો પછી શંકાકારોને આપણે પૂછી શકીએ છીએ કે તમે શાસ્ત્રોમાં એવો તે કયો ફેરફાર દેખ્યો છે કે જેથી

સ્વભાવજ તેમણે તો બતાવ્યો છે. એ ઉપરથી એમ નથી સમજવાનું કે તીર્થંકર ભગવાનોની હસ્તી પહેલાં આ સંસારમાં કોઇને પુણ્ય યા પાપ લાગતુંજ ન હતું. તીર્થંકર ભગવાનોના થવા પહેલાં પણ મંદ કષાયવાળાઓ પુણ્ય બાંધતા હતા. કષાયોથી જે પાપો થતા હતા તે સર્વકાળને વિષે થતાંજ રહ્યાં હતાં. માત્ર તીર્થંકર ભગવાનોએ તો જે પાપ પુણ્ય થતાં હતા તે પાપપુણ્ય અને તે થવાનું કારણ એટલુંજ માત્ર બતાવી આપ્યું હતું. પ્રકાશનું ઉદાહરણ તમારે બરાબર લાગુ પાડવાનું છે. મનુષ્ય આંખો ઉઘાડે છે ત્યારે તે પ્રકાશને દેખે છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે તે આંખ નથી ઉઘાડતો તે પહેલાં પ્રકાશ હોતો નથી. યાતો તે પહેલાં પ્રકાશ પ્રકાશનું કામજ કરતો નથી. પ્રકાશનું કાર્ય જેમ સંસારને વસ્તુઓ દેખાડવાનું છે તેજ પ્રમાણે તીર્થંકરદેવોનું કામ આ સંસારમાં પાપપુણ્ય અને તે થવાના કારણોને દર્શાવવાનુંજ છે. આજ કારણથી ધર્મ, દેશ કે તીર્થને પ્રવર્તાવનાર તરીકે તીર્થંકર ભગવાનને ગણ્યા છે. પરંતુ તેમને ઉત્પાદક તરીકે ગણ્યા નથી. ધર્મ એ જગતનો સ્વભાવ છે. જૈન ધર્મ એ જોડી કાઢેલી નવલકથા નથી પરંતુ જેમ દર્પણમાં પદાર્થ જેવો હોય તેવોજ દેખાય છે તેજ પ્રમાણે જગતનો જે સ્વભાવ છે તેજ સ્પષ્ટ રીતે જૈનશાસનમાં પડેલો છે. ધર્મ એ જગતનો સ્વભાવજ હોવાથી એ સ્વભાવમાં તો તીર્થંકર ભગવાનોથી પણ ફેરફાર થઇ શકતો નથી.

આપણે દ્રવ્યાદિને આશ્રયીને ફેરફાર કરી શકીએ છીએ પરંતુ ત્યાં પણ ધર્મ દેખાડવાને માટે પલાટવવાને માટે નહિ. ભગવાન મહાવીરે ચાર વ્રતોનાં પાંચ મહાવ્રતો કર્યાં તેમાં

સાધક દશા અને બીજી સિદ્ધ દશા. નેપોલીયન બોનાપાર્ટનો કોઇ ખેલ ભજવે તો તે નેપોલીયને કરેલી દેશસેવાનું નાટક ભજવી શકે અને તેવા અનુકરણીય ગુણોની નકલ પણ કરે, પરંતુ ભવાયો પણ નેપોલીયનના શરીરની ગંદી ક્રિયાઓનું કાંઇ અનુકરણ અથવા નકલ કરવા બેસતો નથી. નેપોલીયન જ્યારે રાજદ્વારી જીવનમાં બહાર પડયો ત્યારે તેને સાધક દશાની પ્રાપ્તિ થઇ એજ પ્રમાણે શ્રીમાન્ તીર્થંકર દેવો પણ જ્યારે સાધુ થયા ત્યારે તેઓ સાધક દશામાં પ્રવેશ્યા હતા.

એજ પ્રમાણે સિદ્ધ દશાનું વિચારવાનું છે. તીર્થંકર દેવોનું જ્યારે દેવત્વ સિદ્ધ થયું ત્યારે તેઓ કેવા હતા એ સઘળું વિગતવાર જાણવાને માટે સાધક, સિદ્ધ દશાના ગુણો બતાવવા જોઇએ. હવે કોઇ એવી શંકા કરશે કે તીર્થંકર મહારાજાઓમાં દેવપણાનું સિદ્ધપણું આવ્યું એ તો ઠીક છે પરંતુ જો એ સિદ્ધપણું અમોને ઉપકાર કરનારૂં ન હોય તો એ દેવપણા સાથે આપણે શા માટે સંબંધ રાખવો જોઇએ? અને એ દેવપણાને આપણે શા માટે વંદન પણ કરવું જોઇએ? તીર્થંકર ભગવાનનું દેવત્વ એ જો સંસારને માટે ઉપકારક ન હોત તો જૈનશાસન એ દેવત્વના કદી પણ વખાણ ન જ કરત. પરંતુ એ દેવત્વ આપણને અનેક રીતિએ ઉપકારક છેજ અને તેથીજ એ દેવત્વને આપણે વંદન કરવાનું છે.

૯

શ્રુતજ્ઞાનમા અક્ષરજ્ઞાન, પર્યાયશ્રુત, પદશ્રુતાદિ ભેદો વિગેરે જાણવાથી આત્માને કૃતાર્થ માની લેવાય તેમ નથી, અર્થાત્ पज्जयअक्खर આદિ જાણવાથી આત્માને કૃતાર્થ માનવાનો નથી. આત્મા જ્યારે વિષય પ્રતિભાસજ્ઞાનમાંથી પરિણતિજ્ઞાનમાં આવે અને તેમાંથી પ્રવૃત્તિજ્ઞાનમાં આવે તો તે જ્ઞાન મેળવ્યું સફળ ગણાય. પરિણતિ કે પ્રવૃત્તિમાં આવ્યા વગરનું જ્ઞાન શુષ્ક છે, નિરર્થક છે, ફલ વગરનું છે. અનંતી વખત આ જીવ શ્રુતજ્ઞાનને ધારણ કરનાર થયો, શ્રુતજ્ઞાન દ્રવ્યથી અનંતી વખત આવી ગયું, પણ તે વિષય પ્રતિભાસરૂપે હતું માટેજ ફલ્યું નહિ. આજ કાલ કેટલાક કહેવાતા આધ્યાત્મવાદીઓ પણ ક્રિયાના ઉત્થાપકો હોઇ ભવ્યજીવોને ક્રિયાથી ચલિત કરવા માટે તેમને કહે છે કેઃ "મેરૂ જેટલા ઓઘા મુહુપત્તિ કર્યાઃ શું વળ્યું ?" વાત ખરી, પણ પરિણતિજ્ઞાનવાળા ઓઘા મુહુપત્તિનું ગ્રહણ થયું નથી એજ ન વળવાનું કારણ છે. પરિણતિજ્ઞાનપૂર્વકના ઓઘા મુહુપત્તિ આઠ વખતથી વધારે વાર નજ થાય. કલ્યાણની બુદ્ધિથી ગ્રહણ કરવામાં આવેલા ચારિત્રના ભવ આઠથી વધારે હોતા નથી. એવું ચારિત્ર આખા ભવચક્રમાં આઠ વખતજ હોય. તેથી વધારે વખત નજ હોય. વધારેમાં વધારે આઠ વખત હોય.

## શ્રી ગૌતમસ્વામિને હાથે ખેડુતને બોધ.

શ્રમણ ભગવાન્ શ્રીમહાવીરદેવે પેલા ખેડુતને શ્રી ગૌતમસ્વામીજી પાસે ચારિત્ર અપાવ્યું: એ ખેડુત ભગવાનનો પૂર્વભવનો દ્વેષી હતો, તેથી તે ખેડુતનો જીવ પોતાથી તો કોઇ પણ પ્રકારે બોધિબીજ પામે તેમ નહોતું તેથીજ તો શ્રીગૌતમસ્વા-

પેલા અને પાપ ત્હારે બાંધવું? પરભવે પેલા ભોગવવા આવશે કે તારે ભોગવવું પડશે. શાક ખાવાનું તો ઘરવાળા બધાને છે, પણ સમારનારની આંગળી કપાય તો વેદના તેને એકલાનેજ થાય છે. ચોરી કરવા જનાર કુટુંબાદિ માટે તે બધું કરે છે, પણ ચોરી કરતાં પકડાય તો સજા તેને પોતાનેજ થાય છે. પણ કુટુંબને થતી નથી, પૈસા માટે કોઈનું ખુન કોઈ કરે તો માલમાં બધાએ ભાગીદાર થાય, પણ ફાંસી તો એકલા ખુનીનેજ થાય! આ બધું તો આ લોકમાં પ્રત્યક્ષ છેને? તો પછી પરભવે કોણ ભાગીદાર થવા આવશે? કુટુંબીઓ અહિં માલ ખાવાના! માર ખાવાના નહિં! અહિંજ પાપના ફલો ભોગવતી વખતે કુટુંબીઓ જ્યારે અલગ થઈ જાય છે ત્યારે બીજા ભવમાં શું તેઓ કુટુંબી થવા આવશે? અને પેટ! પેટ એકલું પાપથીજ ભરાય છે એમ કોણે કહ્યું? વગર પાપે પણ પેટ ભરાય છે. રાંધ્યા વિના પણ માધુકરીવૃત્તિથી ભિક્ષા માગી લાવી પેટ ભરી શકાય છે. કાચા પાણીને અડવાનું નહિ, અગ્નિને અડવાનું નહિ. પરિગ્રહ પાપનું મૂળ છે તેથી તે રાખવાનો નહિં, હિંસા કરવાની નહિં, અસત્ય બોલવાનું નહિં, ચોરી કરકરવાની નહિં, વિષયસેવન જ સંસારમાં રખડાવનાર છે તેથી તેનો ત્યાગ કરવો. પણ આ બધું દીક્ષાથીજ સુસાધ્ય છે, માટે સંયમ ગ્રહણ કર!"

ખેડૂને વિચાર્યું. "ઓહો! આ તો સારૂં! પેટ પણ ભરાય અને પાપ પણ ન બંધાય!" તેના આત્મામાં ઝણઝણાટી આવી. રોમાંચ ઉભાં થયાં. અપૂર્વ આનંદ તેણે ભળ્યો અને પછી હાથ જોડીને શ્રીગૌતમસ્વામીજીને

જમીનમાં હજારો વરસ સુધી એકલું ઘાસ ઉગ્યું હતું. કેમકે ત્યાં વાવ્યું નહોતું. જે વાવ્યું નહિં તો અનાજ ઉગે ક્યાંથી? પણ જો ત્યાં વવાય તો અનાજ ઉગવામાં વાંધો નથીજ. અનંતી વખત ઓઘામાં કલ્યાણની બુદ્ધિ થઇજ નહોતી અને તેથી અત્યારે પણ તે બુદ્ધિ નથી એમ કેમ કહેવાય? અગર સમ્યક્ત્વાદિ આચારોમાં અત્યારે પણ કલ્યાણ બુદ્ધિ નથી એમ કયા આધારે બોલાય?

## સંયમમાં કે ધર્મકરણીમાં આજે કયું પ્રલોભન છે?

બજારમાં માલ આવે છે તો શેરીવાળા લેવા દોડે છે. શ્રી તીર્થંકરમહારાજાના વખતમાં ચક્રીઓ, વાસુદેવો, રાજા મહારાજાઓ બધા ધર્મ માટે તેમની પાસે દોડયા દોડયા આવતા હતા તો તે વખતે તો પૂજા સત્કારની ઇચ્છાએ પણ સાધુપણું લેવાય એમ સંભવ છે. તે વખતે દેવતાઓ આવતા હતા, પ્રત્યક્ષ દેખાતા હતા, અમુક મનુષ્યે ચારિત્ર લેવાથી દેવતાપણું મેળવ્યું તે આ છે એમ સ્પષ્ટ દેખાતું હતું. જેઓ દેવ, ગુરૂ કે ધર્મની ભક્તિ કરતા હતા અને કાલકરી દેવલોકમાં ઉત્પન્ન થતાંજ પોતાને દેવપણું શાથી મળ્યું? તે પ્રશ્ન થતાં પોતાના જ્ઞાનથી કે સામાનિકોના વચનથી નિર્ણય કરી જેના યોગે તે મળ્યું તેની ભક્તિ કરવા તેઓ અહિં દોડી આવતા હતા. તેવા વખતમાં ચારિત્ર લેવાનાં કારણો સહજ છે. પણ અત્યારે તો એવું એક પણ કયું કારણ છે કે જેનાથી કોઇને ચારિત્રની ઇચ્છા થાય? અત્યારે તો દેવનાં દર્શનનાંજ સાંસાં છે, અમુક ધર્મ કરવાથી અમુક જીવ રાજા થયો તેવા દાખલા જાણવાનો પણ અવકાશ

જોવા જાણવાના અભાવમાં વફાદારી સચવાય તે ખરેજ કિંમતી છે. આજે ચારિત્ર લેવાય અગર ધર્મ આચરણા કરાય તે જરૂર કિંમતી છે તથા તેમાં કલ્યાણની બુદ્ધિનો ઘણોજ સંભવ છે.

વળી પ્રાચીનકાલમાં ભોગની સામગ્રી સામાન્ય જનતા માટે મુશ્કેલ હતી, અને ઘણી ઓછી હતી, જ્યારે આજે સામાન્ય જનતા પણ તમામ મોજ શોખ ભોગવી શકે છે. વળી તે વખતે તો કોઇ રાજા મહારાજા અમુક નાટક કરાવે તેમાં અમુકનેજ નોતરૂં ! નાટકો જે તે મનુષ્યો જોઇ શકતા નહોતા. આજ તો બે ચાર આના ખર્ચનારો અફલાતુન નાટક અને સિનેમાદિ જોઇ શકે છે. તે વખતે નાટક, પોષાક, અલંકારાદિ ઉપર રાજ્ય તરફથી તથા નાત જાત તરફથી પણ અંકુશ હતો, તેથી આજના જેટલું ભોગોમાં તે વખતે રંગાવાનું નહોતું. તે વખતે મર્યાદા તથા અંકુશ એટલા બધા હતા કે જુવાનીમાં સવાશેર દારૂનો કેફ ગણાય તે આ અંકુશોથી દાબી દેવામાં આવતો હતો પણ અત્યારે તો તે કેફ ઘોડીયામાંથી છે અને અંકુશ મુદ્દલ નથી. આજે પાંચમા આરામાં આવા સંયોગોમાં ત્યાગની ભાવના થવી સ્હેલી નથી. જે વખતે આખી દુનિયા ભોગમાં રગદોળાઇ ગઇ છે, જ્ઞાતિ તથા કુટુંબનાં બંધારણો એવાં ઢીલાં છે કે કોઇ કોઇને રોકી શકતું નથી, તેવે વખતે ત્યાગનો વિચાર પણ કોઇ ભાગ્યશાળીનેજ થાય છે. ત્યાગ કરે કે ન કરે તે વાત જૂદી, પણ ત્યાગ સારો છે આટલી ભાવના થવામાં પણ પુણ્યોદય છે. તે વખતે ત્યાગમાં વિઘ્નો કરનારા કોઇ નહોતા: આજે તો [illegible]નીનું કુતરૂં પણ ત્યાગની આડે આવે છે.

આવશે નહિં. જેના હૃદયમાંથી ધર્મનું બીજ બળી ગયું છે તેવા વગર સંબંધના, ભાડુતી તથા ભાડુ પણ ન મળે તેવા ઘેરૈયા બની ગાંડની ખીચડી ખાઈ વચ્ચે માથું મારનારા લોકો દીક્ષા તથા ધર્મના દરેક અનુષ્ઠાનની આડે આવે છે; અને બકવાદ તથા ધમાલ કરે છે. અત્યારે ભોગની સામગ્રી જબરજસ્ત છે. પહેલાં આટલી નહોતી. અત્યારે ધર્મની બુદ્ધિ શિવાય ધર્મ કરવાનું થાય શાથી? અત્યારના ઓઘા મુહુપત્તિ દેવલોકાદિની ઈચ્છાવાળાની નહિ, પણ કલ્યાણની બુદ્ધિ વાળાના ગણાવાનો વધારે સંભવ છે. જો આમાં પરિણતિજ્ઞાન સાથે પ્રવૃત્તિ હોય અર્થાત્ મોક્ષની બુદ્ધિવાળું સંયમ હોય તો આઠથી વધારે ભવ થાય નહિં. વળી મેરૂ જેટલા ઓઘા લીધા તેમને પણ ફળ સારૂં મળ્યું કે ખોટું? તે ઓઘા લેનારા દેવલોકેજ ગયા છે. પણ નરકે ગયા નથી. હવે એ વિચારો કે ઓઘા વધારે લીધા? કે સંસારીપણે વધારે રહ્યા? ઓઘા લીધા તેના કરતાં અનંતગુણી વખત માતાપિતાદિ કર્યાં છે તેનું ફલ શું મળ્યું? જેના સંયોગથી નરક તિર્યંચગતિ મળે છે તે સંસારિપણું છોડાતું નથી અને જેનાથી દેવલોક મળે છે તે દીક્ષાનો આદર થતો નથી તો ગતિ શી?

શુષ્કજ્ઞાનથી કાંઇ વળવાનું નથી માટે પરિણતિમાં આવવાની પ્રથમ જરૂર છે. આદરવું કાંઇ નથી, ન કરવું સામાયિક, ન કરવી પૂજા, ન કરવું પ્રતિક્રમણ, ન કરવો પોસહ, ન કરવા ચોવિહાર, ન કરવા વ્રતપચ્ચક્ખાણ અને બૂમો માર્યા કરવી કે જ્ઞાનનો જમાનો છે. એનો અર્થ શો? આરિસામાં આખું પ્રતિબિંબ પડયું, પણ આરીસો કોઇને

વાળાથી વધારે જોઇ શકે છે. વૈમાનિકદેવો પોતાનાં અવધિજ્ઞાનથી સાતમી નરક સુધી જુએ છે. સર્વાર્થસિદ્ધના દેવો પોતાના અવધિજ્ઞાનથી નીચે અલોક લગભગ સુધી, અને ઉપર સિદ્ધશિલા લગભગ સુધી જુએ છે. ચર્મચક્ષુવાળા નજીકનું દેખે છે, અવધિજ્ઞાનવાળા દૂરનું દેખે છે, પણ બેય રૂપી દેખે છે. પોતાના આત્માને, બીજાના આત્માને, ધર્માસ્તિકાયાદિ અરૂપીને બતાવનાર કોણ? એ દેખાડનાર તો કેવળ કેવલજ્ઞાનજ છે. જે કેવલીઓની ચક્ષુ છે (સિદ્ધ શબ્દથી કર્મક્ષય કરી મુક્તિએ ગયા, અને જેને શરીર તથા મન નથી, તેવા સિદ્ધ માત્ર અહિં લેવાના નથી, પણ જેઓ કેવલજ્ઞાનવાળા હોય તે ચાહે તેરમે ગુણસ્થાનકે હોય કે ચાહે ચૌદમે ગુણસ્થાનકે હોય કે મોક્ષે ગયા હોય તે બધા સિદ્ધો લેવા. સિદ્ધની આવી વ્યાખ્યા અનુયોગદ્વારમાં સ્પષ્ટપણેજ છે.) આથી જગતની ચર્મચક્ષુ, દેવતાની અવધિ ચક્ષુ અને કેવલિની કેવલ ચક્ષુ છે. ઘાતિકર્મના પ્રાબલ્યને લીધે આપણે અવધિઆદિ ચક્ષુવાળા નથી. ચર્મચક્ષુથી જેટલું જોઈએ એટલુંજ માનીએ તો આત્મા; પરભવ વગેરે માનવાનું સ્થાન નથી. ચોથી ચક્ષુ કઇ? શાસ્ત્ર ચક્ષુ? **साधवः शास्त्रचक्षुषः** અહિં સાધુ શબ્દથી મોક્ષ સાધે તે સાધુ એમ સમજવું. જેઓ શાસ્ત્રરૂપી ચક્ષુથી દેખતા હોય તે સાધુ તથા સજ્જન! કોઇ જીવને મારવાથી થતું પાપ. કોઇને પરોપકાર કરવાથી થતો ધર્મ તે કઇ ચક્ષુથી જોયું? શાસ્ત્રની ચક્ષુથીને? એક જુઠું બોલ્યો. એક સાચું બોલ્યોઃ જુઠું બોલનારને પાપી કહ્યો, સાચું બોલનારને ધર્મી કહ્યો તે શાથી? શાસ્ત્રની ચક્ષુથી. દયામાં ધર્મ તથા હિંસામાં પાપ, સાચામાં ધર્મ અને જુઠામાં પાપ, શાહુકારીમાં

નાસ્તિક બને છે. ધૂળ ઉછળાવવી હોય તો પહેરેલું કાઢી નાખવું. પહેરેલું કાઢી નાંખો તો લોકો આપોઆપ ધૂળ ઉછાળશે.

જે શાસ્ત્રરૂપી ચક્ષુથી જુએ તે સજ્જન છે. તે સાધુ છે. સાધુ કે સજ્જન દરેક ચીજ શાસ્ત્રરૂપી ચક્ષુથી જુએ છે. સુખી શાથી થયા કે થવાય? દુઃખી શાથી થયા કે દુઃખી શાથી થવાય? એ બધું શાસ્ત્રે બતાવ્યું છે. શાસ્ત્રને ન માને તેના જેવા આંધળા કયા? આંધળો શબ્દ સાંભળી દુઃખ તો થશે, પણ શાસ્ત્ર ન માનનાર માટે બીજો શબ્દ નથી. પાપ-રૂપી રોગ ટાળવાને માટે ઔષધ શાસ્ત્ર છે. દુર્ગતિથી ડર-નારે શાસ્ત્રને અનુસરીનેજ વર્ત્તવું. શાસ્ત્રને માનનાર તથા તદનુસાર વર્તનાર મોક્ષના શાશ્વતસુખમાં વિરાજમાન થશે.

---

## સર્વને સુખ વ્હાલું છે દુઃખ અપ્રિય છે.

### आत्मवत् सर्वभूतेषु सुखदुःखे प्रियाप्रिये

જેવો ત્હારા આત્માને સમજે તેવા જગતના બધા આત્માને સમજ! ત્હારા આત્માને સુખ વ્હાલું છે, અને દુઃખ અળખામણું છે, તેમ પ્રાણિમાત્રને સુખ વ્હાલું છે: અને દુઃખ અળખામણું છે. માટે કોઇને સુખમાં અંતરાય કરવો નહિં તથા કોઇને દુઃખ દેનાર થવું નહિ. અન્યજીવોની હિંસા કર નહિં! જગતના જીવો તરફથી હિંસાની દૃષ્ટિ દૂર કર! આ રીતે આત્માને સારા રસ્તે યોજવામાં આવશે તો જરૂર તે મોક્ષને પામશે.

કિંમતી ત્યારેજ ગણાય કે ત્યારે સમ્યક્ત્વ તથા ધૈર્યની કિંમત હોય. આ બે વસ્તુની કિંમત ન હોય તો ગુરુની પણ કિંમત શી છે? તેવી રીતે ગુરૂ જીવન નિર્વાહ પણ ભિક્ષા માત્રથીજ કરે છે. જનાવરો કે પંખીઓ ખાવા માટે શું સંચય કરે છે કે રાખે છે? નહિં. कुक्खसंबलस्स ભાતું કેવલ ક્યાં? કુખમાં! અર્થાત્ અસંનિધિ તો જનાવરમાં છે પણ નિર્દોષ ભિક્ષાનું ઉપજીવન નથી નિર્દોષ ભિક્ષાનું ઉપજીવન તો સાધુમાંજ છે તેઓ વધ્યો આહાર પરઠવી દે પણ રાખી નહિં મ્હેલે. અહિં પણ સહજ પ્રશ્ન થશે કે આજે લઇને બીજે દિવસે ખાય તો રાત્રિ ભોજન કહેવાય તેથી સાધુ સંચય ન કરે પણ વધેલો આહાર ગરીબને કે જનાવરને દે તો અડચણ શી? ઉત્તરમાં જાણવાનું કે દુનિયાદારીના અનુભવી હોવાથી તમને એ તો સારી રીતે માલુમ હશે કે ટ્રસ્ટડીડમાં જે રકમ જે રૂપે લખાઈ હોય તેમાં ફેરફાર કરવાની લેશ માત્ર પણ ટ્રસ્ટીઓને સત્તા નથી. ટ્રસ્ટીઓ માત્ર ટ્રસ્ટડીડમાં લખ્યા મુજબ વહીવટ કરી શકે છે. વિદ્યાભ્યાસ માટે લખવામાં આવેલી રકમને જરૂર હોય તો પણ વસ્ત્ર કે દવા માટે વાપરવાની ટ્રસ્ટીની સત્તા નથી. એજ રીતે મુનિમહારાજાઓ વહોરતી વખતે કઇ કબૂલાત આપે છે? એ કબૂલાત જેવી તેવી નથી! ધર્મલાભ!!! ધર્મલાભ એટલે? **धर्मेण लाभः धर्मलाभः** કોઇની પાસેથી ચીજ લેવાનો કોઇને હક નથી. કોઈની પણ ચીજ પોતાને મળે તો ઠીક આવું ધારવા, વિચારવાનો પણ હક કોઈને નથી. અંતરાયકર્મ બાંધવાની જડજ આવા વિચારો છે. અન્યની ચીજ પોતાને

વાનના સમવસરણમાં વળી નાના મ્હોટાનો ભેદ શો? આવું વિચારનારાઓ શાસ્ત્રને સમજ્યાજ નથી. સમવસરણમાં પણ શ્રેણિકરાજા અને ઋદ્ધિવાળા વગેરેને આગળ આવીને બેસવાનું હતું કે નહિ? પ્રતિક્રમણની મંડળીમાં આચાર્ય મોડા આવે ત્યાં સુધી બીજાઓ કાઉસ્સગ્ગમાં ઉભા રહે છે. ઋદ્ધિમાન્ કે રાજા વગેરે કોઇ વાર આવેલ હોય તો તેને ધર્મોપદેશ આપવાને માટે આચાર્યમહારાજ ખોટી થાય છે. કદાચ શંકા થાય કે પૃર્ણ એટલે ચક્રવર્તી આદિ તેઓને પૂર્ણ એટલે જેવી રીતે ધર્મ કહેવો તેવી રીતે તુચ્છ એટલે દરિદ્રીઆદિને કહેવાનો છે. ધર્મ કહેવાની બેય માટે સરખાવટ છે. શ્રીઆચારાંગસૂત્રકાર ગણધરભગવાને ધર્મ કથન માટે બેય માટે સરખો નિયમ રાખ્યો તો પછી પ્રતિક્રમણનો વખત વીતી જાય છતાં રાજાદિકને ધર્મ સંભળાવવા આચાર્ય ખોટી શા માટે થાય? એ પણ પ્રશ્ન જો કે ઉદ્‌ભવશે. પણ જેઓને આગળ પાછળનો વિચાર ન હોય, માત્ર શબ્દનેજ વળગે, રહસ્ય ન સમજે તેઓનેજ આવો પ્રશ્ન થાય, તેવાઓ આને ભૂલ ગણવા પણ તૈયાર થાય. કેટલીક વખત જમાઇ અને દીકરાનું નામ એક હોય અને 'દેવદત્ત ગાંડો છે' એમ દીકરાને કહ્યું, પણ બીજો સાંભળનાર તે સ્થળે જમાઇને ગોઠવી દે તો તે બોલનાર સાસુ સસરાની કિંમત ઘટાડે છે. 'जहा पुण्णस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ' અર્થાત્ જેવી રીતે ચક્રવર્તિને ધર્મ કહેવો કે ઋદ્ધિમાનને ધર્મ કહેવો, તેવીજ રીતે દરિદ્રીને ધર્મ કહેવો.' એમ સ્પષ્ટ છે તો પછી પ્રતિક્રમણ વખતે ખોટી થઇને પણ આચાર્યે ઋદ્ધિમાનનેજ કેમ ધર્મોપદેશ દેવો? અહિં ધર્મના પ્રકારની સરખાવટ છે.

જાય છે. એટલે એવાઓમાંથી પણ કેટલાકની નજર આ દેવદ્રવ્ય ઉપર ગઈ કે જેથી શ્રાવકોને છેડવા ન પડે. દેવને અંગે આવતી આવકો ધારીએ ત્યાં લઈ જવાય એવું ધારી આ નવું તૂત ઉભું કર્યું. એ આવક સાધારણમાં લઈ જવાય પછી શ્રાવકને કહેવું ન પડે. શ્રાવકો પણ સમજ્યા કે-'આ તો ઠીક છે આપણે પણ સો પચાસ ખર્ચવા પડે છે તે બચશે! પરણારૂંને પોણીબાર!!! દેવદ્રવ્યને ધક્કો મારીને આ સ્થિતિ કરવામાં આવે તેની ગતિ શી? દેવદ્રવ્યની આવક ભાંગનારાઓ ભવાંતરમાં બુદ્ધિહીન થવાના, ધર્મપ્રાપ્તિ તેઓ માટે મુશ્કેલ થવાની અને પરિણામે દુર્ગતિમાં રખડવાના. 'ભાવપ્રધાનધર્મ' એમ કહેવાનો આશય વિશુદ્ધ હોત તો ઠીક, પણ ઉપર પ્રમાણે વિપરીત છે. દેવદ્રવ્યની લાગણીને અંગે લોકો જે બોલીથી બોલે છે તે લેવું છે અને કામ પોતાનું કહાડવું છે. એ કઇ દાનત? સંઘ દેવદ્રવ્યનો માલીક નથીઃ ટ્રસ્ટી છે. ટ્રસ્ટીને ફેરફાર કરવાનો કશો હક નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે 'શ્રી જિનપ્રસાદ-દેવ દ્રવ્યને વેડફી નાંખવાની આશાતના થાય' તેમાં દેવ બોલે નહિ, પણ દેવની આશાતના બોળી નાંખે!

### ભક્તિ ધર્મમાં દ્રવ્યની પ્રધાનતા

પૂજા વગેરેમાં ઘી બોલાય છે તેને અંગે જે એમ બોલે છે કે "જૈનદર્શનમાં દ્રવ્યને સ્થાન નથીઃ દ્રવ્યવાન લાભ લઇ શકે એવો ક્રમ શા માટે?" તે વચન વ્યર્થ પ્રલાપરૂપ છે. અરે! શ્રી જિનેશ્વરદેવનો અભિષેક પણ ઇંદ્રો જ કરે છે ને? તેમાં પણ ક્રમ તો છે ને? પહેલાં બારમા દેવલોકનો ઇંદ્ર અભિષેક કરે, પછી દશમા દેવલોકના ઇંદ્ર

જ્ઞાન તથા સમ્યક્ચારિત્રરૂપ ધર્મ જ્યાં વૃદ્ધિ પામતો હોય ત્યાંજ વાપરી શકાય. કોઇને એમ પણ થાય કે સમ્યક્ચારિત્રમાં રહીને લીધેલ પદાર્થ રાખમાં પરઠવવામાં ધર્મ ક્યાંથી? તેને માટે કહેવું જોઇએ કે જેને પોતાના ધર્મનું જ્ઞાન પણ જેને પૂરું જાણવું નથી ત્યાં શું થાય? અષ્ટપ્રવચનમાતામાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ છે. પારિષ્ઠાપનિકા સમિતિ પણ પાંચ સમિતિમાંની એક છે. પરઠવવું તે પણ એક સમિતિ છે. સમિતિ તે માતા છે. સમિતિ ચારિત્રની ઉત્પાદક છે, પોષક છે, ભક્તિ સાથે વિવેક રહે એ વાત જૂદી છે. પરઠવવું તે સમિતિ છે. ચારિત્રનો અંશ છે. भैक्ष्यमात्रोपजीविनः આ રીતિએ સાધુઓને મળે તેથી વૃદ્ધાદિની વૈયાવચ્ચ અને પોતાનો નિભાવ કરનારા હોય છે.

**જૈન શાસનમાં સ્પૃશ્યાસ્પૃશ્યનો વિભાગ નથી એમ નથી.**

**ભિક્ષાને જો ધર્મ ન માનીએ અને અધર્મ માનીએ તો ગુરૂને ગુરૂ કેમ મનાય?**

કંઇ પણ બદલો આપ્યા વગર લેવું તે લોકોમાં હરામનું લીધું કહેવાય છે. "સાધુઓ વસ્ત્રપાત્રાદિ લે છે તેનો કયો બદલો આપે છે?" એમ કોઇ કહે તો? જો આ **માધુકરીવૃત્તિનો મહિમા** હરામનું ગણાય તો ભિક્ષામાત્રથી નિર્વાહ કરનારા ઉત્તમ છે એમ મગજમાં આવે ખરૂં? વૃક્ષો પરના પુષ્પોમાંથી જેમ ભમરો થોડું થોડું લઇને પોતાનો નિભાવ કરે છે, તેમ સાધુઓ ગોચરી લે છે તેથી તો તેને 'માધુકરીવૃત્તિ' કહે-

વર્તો તેની સાથે શાસ્ત્રની આજ્ઞાને સંબંધ નથી. દેવતાઇ પ્રયોગમાં તો ઉપાય નથી છતાં પાપના ત્યાગમાં અડચણ નથી. માંડલીનો નિષેધ છે. વસ્તીપત્રકમાં એવાઓએ કોઇએ પોતાને જૈન લખાવ્યા નથી, તો જેઓ પોતે પોતાને જૈન કહેવરાવવા માગતા નથી તેઓને તમે શી રીતે જૈન કહી શકવાના હતા ?

નદી વહેતી હોય ત્યાં બ્રાહ્મણ તથા ચંડાલની આભડછેટ ગણવામાં આવતી નથી. નદીને. પ્રવાહ પવિત્ર ગણવામાં આવ્યો છે. તો પછી જ્યાં ક્રોડક્રોડ દેવતાઓ હોય ત્યાં સમવસરણમાં અપવિત્રપણું ન મનાય તેમાં અડચણ શી? તે વખતે અપવિત્રતાનો વ્યવહાર નહોતો ? જે મેતાર્યજીનું દૃષ્ટાંત આગળ કરવામાં આવે છે. તેમનો જન્મ માત્ર અંત્યજ કુલમાં થયો હતો. દૂધ પણ ત્યાંનું નથી પીધું, કે અનાજ પણ ત્યાંનું નથી ખાધું. જન્મતાંજ તેને શેઠને ઘેર લાવવામાં આવેલ છે. શેઠને ત્યાંજ તે ઉછરેલ છે. આઠ શેઠીઆઓની કન્યાઓ સાથે સંબંધ પણ થાય છે. પરણવા જાય છે. પણ જ્યારે પેલા દેવતાની ખટપટથી એ ચંડાળ છે એમ માલુમ પડે છે ત્યારે કેવી ફજેતી થાય છે ? આઠે કન્યા પાછી જાય છે કે? જો સ્પૃશ્યાસ્પૃશ્યનો વિભાગ નહોતો તો આ કેમ બન્યું ? ફરી દેવતાએ બાજી પલટી છે. કહેવાનું તાત્પર્ય એ પ્રાચીનકાલમાં કે જૈનશાસ્ત્રમાં સ્પૃશ્યાસ્પૃશ્યનો વિભાગ નથી એમ નથી. અહિં પણ દુગંછનીય કુલો વર્જવામાં આવ્યાં છે. કહે છે કે કેટલાંક ક્રિશ્ચિયન થાય છે. ક્રિશ્ચિયન નિભાવ માટે થાય છે. જેમને તેવાં સાધનો ન

કે જેની આગળ પેલો દોષ કાંઇ વિસાતમાં નથી. માધુકરી-વૃત્તિનો મહિમા જણાવવામાં આવ્યો છે. કોઇ શાસ્ત્રકાર એમ કહે કે–'પ્રતિજ્ઞાના ભંગને પ્રસંગે મરી જવું, પણ ભંગ તો નજ કરવો' એનો અર્થ મરવું સારૂં ગણ્યું છે એમ તો નથીજ. પણ મરણ કરતાં પ્રતિજ્ઞાભંગ વધારે ખરાબ ગણ્યું છે. મરણ ખરાબજ છે, અતીવ દુઃખદાયી છે, જેની કલ્પના પણ ભયંકર છે અને કોઇને રૂચતું નથી, છતાં પ્રતિજ્ઞા-ભંગનું દુઃખ એનાથીએ ભયંકર છે એટલુંજ જણાવવાની મતલબ છે. એમ ન હોય તો પ્રતિજ્ઞાભંગ વખતે મારી નાંખવામાં લાભ ગણાઇ જાય. એજ મુજબ માધુકરીવૃત્તિમાં એવો મહાન ગુણ છે કે જેથી મ્લેચ્છકુલથી ગોચરીનો નિષેધ છતાં તે પાપ પેલા માધુકરીના લાભની પાસે કાંઇ ગણતરીમાં નથી. આથી મ્લેચ્છકુલની ગોચરીમાં શાસ્ત્રદૃષ્ટિએ વાંધો નથી એવો અર્થ કરનારા અનર્થ કરે છે, આખા ગામને, દેશને પવિત્ર કરનાર દેવ છે એમ ગણીયે છીએ: એવા દેવતાના ગુરૂની પવિત્રતામાં પૂછવુંજ શું! ઉત્તમના પગની રજ (ધૂળ)ને પણ પવિત્ર ગણવામાં આવે છે. તો પછી આવા દેવતાનાના ગુરૂને ત્યાંથી પણ તમામ રસોઇ લેવાની મનાઇ શા માટે છે? માધુકરીવૃત્તિનો ભંગ ન થાય તેટલાજ માટે ને? માધુકરીવૃત્તિનો ભંગ થનો હોય તો દેવતાઓના ગુરૂની પવિત્રતાની પણ ગણના નથી. જેમ અહિં મ્લેચ્છકુલની ગોચરીની છુટ નથી, તેમજ પવિત્ર સ્થલેથી મળતી વસ્તુ લેવીજ એમ પણ નથી. દોષ બન્ને પક્ષે એકાન્તમાં છે. સાધુઓ ભિક્ષામાત્રથી નિર્વાહ કરનારા છે. જેઓ, કહે છે કે "સાધુઓ મફતનું લે છે: બદલો આપતા નથી." તેઓ ભિક્ષાધર્મના

તત્ત્વો દરેક સંપ્રદાયને માન્ય કરવાંજ પડયાં છે, પરંતુ તેમાંય દેવતત્ત્વજ એ સઘળા તત્ત્વોની જડ તરીકે રહેલું છે. દેવતત્ત્વનો ત્યાગ કરીને બાકીના બે તત્ત્વોને આપણે કદાપિ પણ સ્થાન આપી શકતા નથી. જો દેવતત્ત્વની સુંદરતા હોય તોજ ગુરુતત્ત્વમાં પણ સુંદરતા આવી શકે છે. અને દેવ-તત્ત્વની સુંદરતા એજ ધર્મતત્ત્વમાં પણ સુંદરતા લાવે છે. આથીજ દેવતત્ત્વને પહેલું કહેવાની શ્રીમાન્ શાસ્ત્રકારમહા-રાજાઓએ જરૂર માની છે. દેવતત્ત્વોને આગળ કરવાનું બીજું એક કારણ છે. તે કારણ એ છે કે આ જગતને ધર્મને માર્ગે વાળનાર જો કોઇ પણ તત્ત્વ હોય તો તે દેવતત્ત્વજ છે. આ સંસાર અનાદિકાળથી રાગદ્વેષાદિ વિકારોમાં દોરાયેલો હતો. કોઇપણ ધર્મ યા સંપ્રદાયે આ સંસારને એવો ઉપદેશ આપ્યો નથી કે તમે વિષયવિલાસમાં દોરવાઇ જાઓ. તમે વ્યભિચારાદિમાં પ્રવૃત્ત થાઓ અથવા બીજી કષાયપોષક પ્રવૃત્તિઓ ચલાવો. પરંતુ તે છતાં પણ આ સંસાર વિ॥ કહે એવા માર્ગે દોરાઇ ગયો હતો. કડવી વસ્તુ ખરાબ લાગે છે એ વાત કોઇને શીખવવી પડતી નથી, મીઠાશ સારી છે એ વાત કોઇને કહેવી પડતી નથી છતાં સંસાર મીઠાશને વ્હાલું બન્યું છે. પોતાને જે વસ્તુ અનુકુળ હોય તે તેને સારી લાગે છે અને પોતાને જે વસ્તુ પ્રતિકુળ હોય તે ખરાબ લાગે છે. આત્માની આ પ્રવૃત્તિ અનાદિકાળથી ચાલી આવેલી છે. આ પ્રવૃત્તિ માટે આત્માને બોધ આપવો પડતો નથી અથવા તો તેને શીખવવું પડતું નથી. પરંતુ એ જ્ઞાન તેને સ્વાભાવિકપણેજ રહેલું છે. ઇન્દ્રિયોને અંગે અનુકુળતામાં સુખ અને તેજ ઇન્દ્રિયોને અંગે પ્રતિકુળતામાં દુઃખ, એ વાત

## સાચો દ્રષ્ટા કોણ થઈ શકે?

“તમે જેવો તમારા પોતાના આત્માને દેખો છો તેજ પ્રમાણે સર્વ જીવોના સમુદાયને દેખો” તમે એ પ્રમાણે જ્યારે દેખતા શિખશો ત્યારેજ તમે સાચા દેખનારા ગણી શકાશો. એ વાક્ય બોલવામાં ઘણું સુંદર છે પણ તત્ત્વતઃએ એટલું સુંદર નથી. આપણે કારણ ત્યાંજ માનીએ છીએ કે જ્યાં કાર્ય થતું દેખીએ છીએ. તેજ પ્રમાણે આખું જગત આંખે-વાળું હોઇ તે આખું જગત દેખે છે. પરંતુ ખરેખરા દેખ-નારા તેઓજ છે કે જેઓ સઘળાજ જીવોની અંદર પોતાના આત્માના જેવોજ આત્મા દેખે છે. જેવો પોતાનો આત્મા તેવો પરનો આત્મા અને જેવો પરનો આત્મા તેવોજ પોતાનો આત્મા. આ વાત જેઓ જાણે છે અને જેમણે એ વાત વિચાર વાણીને, વર્તનમાં ઉતારી છે તેઓજ સાચા દૃષ્ટા છે આ વાત બોલવામાં કેવળ સારી લાગે છે, તેના શબ્દો સુંદર છે પરંતુ જ્યારે અંદર ઉતરીને જોઇએ છીએ ત્યારે માલુમ પડે છે કે તેનું હાર્દ એવું સુંદર નથી.

ઉપરના શબ્દો બોલવા બધા તૈયાર છે, પરંતુ તેનો મર્મ વિચારવા કોઇપણ તૈયાર નથી. આ જગત કેવળ પોતાના આત્માને માટેજ આસ્તિક છે. પરંતુ સંસાર પારકા આત્માને માટે આસ્તિક નથી. જો સંસાર સઘળાજ આત્માને માટે આસ્તિક હોય તો પહેલાં તો એક વાત વિચારવાની છે કે આત્મા ક્યાં છે? મુસલમાનો અને ખ્રિસ્તીઓ આ સંસારમાં સર્વત્ર આત્મા માનતા નથી તેઓ માત્ર માણસોમાંજ આત્મા છે એમ માને છે જ્યારે હિંદુઓ

વિદ્વત્તાને લઈને છે, બીજા કશામાં નથી. બીજા દેવોએ પશુ, પક્ષી, કીડી, મંકોડીમાંજ જીવ માન્યો છે ત્યારે શ્રીમાન્ જિનેશ્વર ભગવાનોએ વનસ્પતિ સુદ્ધામાં જીવ માન્યો છે. આજે પ્રોફેસર બોઝે હજારો રૂપીઆ ખરચ્યાં, સેંકડો પ્રયોગ કર્યા, જબરી માથાફોડ કરી ત્યારે તેમણે શોધ કરી કે વનસ્પતિમાં પણ જીવ છે. હવે તમે એમ કહો છો કે વનસ્પતિમાં જીવ છે એ શોધ શ્રીમાન બોઝે કરી. પણ જૈનશાસનનાં પુસ્તકો ઉઘાડી જોશો તો માલમ પડશે કે શ્રીમાન્ જિનેશ્વર દેવોએ તો હજારો વર્ષ ઉપર એ વાત જ્ઞાનથી જોઈને તે જગતની સામે જાહેર કરેલી છે. શ્રીમાન જિનેશ્વર દેવોએ પુદ્ગલોના ગુણધર્મને અનુસરીને શબ્દ એ પુદ્ગલરૂપ છે એમ જગતને જણાવ્યું હતું ત્યારે એ શબ્દને પુદ્ગલરૂપે નૈયાયિક, વૈશેષિક, વૈદિક કે વેદાંતિક, એકે મતવાળાએ માન્ય રાખ્યો ન હતો. તેમજ શબ્દને પદાર્થ તરીકે કે દ્રવ્ય તરીકે પણ માનેલો ન હતો. તે સર્વજ્ઞોએ શબ્દને પુદ્ગલરૂપે પહેલેથી જાહેર કરેલ છે. અર્થાત્ શાસ્ત્રોમાં કહેલા શબ્દનું દ્રવ્યપણું તીર્થંકરોએ જ્ઞાનથી જોઈને પહેલેથીજ જણાવ્યું હતું. ભગવાન શ્રી તીર્થંકર દેવો પાસે નહોતી કોઈ લેબોરેટરી કે પ્રયોગશાળા, કે નહોતા કોઈ સંશોધનના નવાનવા મશીનો. તેઓ તો દિગંબર દેવતા હતા. એમણે જે સત્યો સંસારની સામે ધર્યાં છે તે પ્રયોગથી યા અખતરાથી નથી કહ્યાં પરંતુ જ્ઞાનથી કહ્યાં છે. શબ્દાદિ વિષયોનું જ્ઞાન આજે જે સત્ય મનાય છે. એ જ્ઞાન તેમને પહેલેથીજ હતું. નૈયાયિક અને વૈશેષિકોએ પાણીને સ્વતંત્ર તત્ત્વ માન્યું હતું એજ સમયે શ્રી મહાવીર દેવે તો સ્પષ્ટ પણે જણાવી દીધું હતું કે પાણી એ પવનનો વિકાર છે

તે હવે વિચારો. નૈયાયિકો કહે છે કે જે સૂક્ષ્મ રજનો છઠ્ઠો ભાગ છે તેજ પરમાણુ છે અને મીમાંસકો કહે છે સૂક્ષ્મ રજનો જે ત્રીસમો ભાગ છે તે પરમાણુ છે. એ પરમાણુઓના નાના પરમાણુઓ અશક્ય છે. હવે આગળ વાત કરો. હાલના વિજ્ઞાન પ્રમાણે એક નાનામાં નાનો સૂક્ષ્મ કણ તેના બે કરોડ અને ૬૯ લાખ કણીયા યાને બારિક પરમાણુ થાય છે. બાહ્ય શોધને આધારે નીકળેલું આ પ્રમાણ છે અને તે પ્રમાણે પ્રત્યક્ષ વિજ્ઞાને સાબિત કર્યું છે. તો હવે વિચાર કરજો કે નૈયાયિકો અને વૈશેષિકોને સાચા માનવા કે કલ્પનાના ઘોડા દોડાવનારા માનવા? યુરોપનું વિજ્ઞાન હજી વધારે દૂર જઈ શક્યું નથી. તે દૃશ્ય વસ્તુઓ સુધીજ જઈ શક્યું છે, પરંતુ વૈજ્ઞાનિક શોધખોળથી પણ જૈન વિજ્ઞાન આગળ વધેલું છે. જૈન શાસ્ત્રકારોએ અનંતા સૂક્ષ્મ પરમાણુ માન્યા છે. અને એવા અનંતા સૂક્ષ્મ પરમાણુઓ એકઠા થાય ત્યારે એક વ્યવહાર પરમાણુ બને એમ જણાવ્યું છે. આવા અસંખ્ય વ્યવહાર પરમાણુ એકઠા થાય ત્યારે નજરે દેખી શકાતો કણ બને છે. પરમાણુના સ્વરૂપનેજ જેઓ પ્રતિપાદતા હતા તેમનું જ્ઞાન કેવું મિથ્યા હતું તે વાત આજે ખુલ્લી પડી જાય છે. સમય સરખી કાળની બારીકી અને આકાશ સરખી પ્રદેશની બારીકી જે તીર્થંકર ભગવાને જણાવેલી તેજ આજે સારાયે સંસારને માનવીજ પડે છે. આથી સ્પષ્ટ થાય છે કે આ સંસારમાં કોઈ સર્વજ્ઞ હોય, જ્ઞાની હોય તો તે માત્ર તીર્થંકર ભગવાનો છે.

**છએ કાયના જીવને કબુલ કરનાર જિનેશ્વરને માની શકે**

સમયનું જ્ઞાન આપે, પ્રદેશનું વર્ણન કરે, શબ્દના

જવાબ એ છે, કે તમારે અનશન કરવું જોઇએ ધર્મમાં તમે ફેરફાર કરી શકો નહિ. ધર્મ સર્વ કાળને માટે એક સરખો છે. અને એકજ સરખા સ્વરૂપવાળો પણ છે. તે તમારી આંખોના જેવો અચળ છે. આંખો ઉપર માલીકી તમારી પોતાની છે, છતાં આંખો તમારી સગવડ ખાતર આગળને બદલે પાછળ આવી જતી નથી. જેમ તમારી આંખો પણ તમારી અગવડ–સગવડને સંભાળતી નથી તેજ પ્રમાણે ધર્મ પણ તમારી અગવડ–સગવડને સંભાળવા તૈયાર હોતો નથી. અનાદિકાળથી જે ધર્મ એકજ સ્વરૂપે રહેલો છે, તે ધર્મ તમારી સગવડતા ખાતર ફેરવાઇ જવાનો નથી. જો તમે તમારા જીવ જેવોજ બીજાનો જીવ ગણતા હો તો દાળ, ભાત, શાક તમે ખાઇ શકો કે કેમ એ તમારે વિચારવાનું છે. જે માણસ પોતાના પૈસાના ભલાને ખાતર બીજાનું હજાર રૂપિયાનું નુકશાન કરે છે તે માણસને તમે કેવા ગણો છો? તો પછી પોતાના ક્ષણિક સંતોષની ખાતર જે બીજા અસંખ્ય જીવોનો સંહાર કરે છે તે માણસને પણ તમે કેવો શેતાન માનશો?

## લાખની કોથળી આદિ કરતાં જીવ વહાલો કેમ?

આપણા આ વર્તન ઉપરથી સ્પષ્ટ થાય છે કે આપણી દશા ચૌટાના ચોકસી જેવીજ છે. મારૂં સોનું પચીસ રૂપીયે તોલો પણ તારૂં સોનું પૈસે તોલો એ દશામાંજ આપણે છીએ. મરતા મનુષ્યને તમે એક લાખ રૂપિયની સોનાની કોથળી અને એક વર્ષની જીંદગી, એ બેમાંથી ગમે તે એક ચીજ લેવાનું કહેશો તો તે કદીપણ સોનાની કોથળીને પસંદ

આપણને સઘળા જીવોની કિંમત આપણા જીવાત્મા જેટલીજ મૂલ્યવાન લાગતી હોય તો આપણે શા માટે આપણા જીભના સ્વાદની ખાતર વનસ્પતિકાય ઇત્યાદિ હજારો જીવોનો ભોર-કુટો કાઢી નાંખીએ છીએ? તમે કહેશો કે એતો જગતનો વ્યવહાર છે અને તે માટે વનસ્પતિકાયનો ભોગ લેવો પડે છે. પરંતુ તમારા વ્યવહારની ખાતર કાંઇ જીવાત્માની વિચા-રણાને આપણે દુર મૂકી શકતા નથી. ધર્મની પ્રવૃત્તિ તમારો વ્યવહાર ધ્યાનમાં રાખીને થતી નથી. નદી પોતાના રસ્તા ઉપરથી ચાલી જાય છે, ને એવો વિચાર કરતી નથી કે ફલાણે રસ્તે મગનભાઇ તરસ્યા બેઠા છે માટે તેને માટે હું આડે રસ્તે થઇને જાઉં? પણ નદી વહેતી હોય ત્યાં જઇને તમે પાણી પી આવો તેની સામે નદીને વાંધો નથી હોતો. ચોરો એમ કહે કે અમોને બીજો રસ્તો સુઝતો નથી તેથી તેઓ કાંઇ ચોરી કરવાને પાત્ર ઠરતા નથી. અથવા તેમને ચોરી કરવાની છુટ મળતી નથી.

## પોતાના સરખા બીજા જીવો માનવા મુશ્કેલ છે.

મહાવ્રતની એવી સ્થિતિ છે કે તમે ખમો કે ન ખમો પણ **પણ** એતો પાળવુંજ પડશે. ઉપસર્ગ પરિસહ સહન કરવામાં તમે તમારી શક્તિ પ્રમાણે કરો તે ચાલે. પરંતુ પાંચમહાવ્રતમાં ન્યૂનતા હોય તે ન ચાલે. પાંચમહાવ્રત-રાત્રિભોજન ઈત્યાદિમાં ખમત અખમતનો સવાલ નથી. આહારને અંગે જ્ઞાન, દર્શન, ચારિત્રને વધારી શકે તોજ અસુઝતા આહારની છૂટ હોઇ શકે. મૂળ વસ્તુ એ છે કે છએ કાયના જીવોને આપણા જેવા જાણવા એ કેટલું મુશ્કેલ

## સમ્યગદષ્ટિ જીવ પાપ બંધ ઓછું કરે!

કોર્ટમાં આરોપી દયા માંગી શકે છે, પરંતુ તે પોતાની આંખ કોર્ટની સામે રાતી કરીને નહિ. અહીં તમે વિરાધના રૂપ ગુન્હો કરો છો, ગુરુ તમોને આરંભ-પરિગ્રહના દોષો સમ જાવે છે, ત્યારે તમે તેના પર આંખો કાઢો છો. એ તમારી બુદ્ધિને શું કહેવું તે તમેજ વિચારી લો? તમારું આજે આવું વર્તન છે. તો વિચાર કરો કે કર્મરૂપી કોર્ટમા તમારી શી દશા થવાની છે? ગુન્હો કરો છતાં કોર્ટમાં દીલગીરી દર્શાવે તો તમારી સજા ઓછી થવાનો સંભવ છે, પરંતુ ગુન્હો કરો અને વળી પાછા ન્યાયાધીશને ગાળો દો, તો તમારા ઉપર બે ગુન્હા થવાના અને સજા પણ બેવડી થવાનીજ. આ વિચારસરણીએ વંદિતાસૂત્રમાં જણાવવામાં આવ્યું છે કે

सम्मदिट्ठी जीवो०

અર્થાત્ સમ્યગ્દષ્ટિ જીવો મુખ્યતાએ પાપ કરેજ નહિ અને કદાચ પાપ આદરે તો પણ અસમ્યગ્દષ્ટિ જીવો કરતાં તેમને બંધ ઓછોજ થાય. આ વાત તમારી બુદ્ધિ કબુલ ન રાખતી હોય તો ભલે, પણ લાંબો વિચાર કરશો તો તમે આ વસ્તુનું સત્ય સમજી શકશો. દા. ત. એક છોકરો પહેલીજ વાર હીરાની વીંટી ચોરી લાવે અને કોર્ટમાં હાજર થઇ માફી માંગે અને બીજો છોકરો ચોરી કર્યા પછી કોર્ટમાં હાજર થઇને જજને ગાળ દે તો પહેલા અને બીજા છોકરાનો ગુન્હો સરખોજ હોવા છતાં પહેલો આરોપી ઓછી સજા પામે, કદાચ જજ તેને ચેતવણી આપીને છોડી પણ મૂકે, જ્યારે બીજો આરોપી બરાબર ટીપાઇ જાય. એજ પ્રમા

## બંધ-પરિણામના આધારે.

ઉપલા પ્રશ્નનો જવાબ બહુજ કાળજીપૂર્વક વિચારવાનો છે. પહેલી તો તમોને એવીજ શંકા થશે કે પખાલ કરતાં પૂજામાં પાણી વપરાય છે તેમાં અસંખ્ય જીવો છે. બીજી વાત એ છે કે ભગવાન શ્રી તીર્થંકરદેવોના જન્મ વખતે ફુલોના હાર પહેરાવવામાં આવ્યા હતા. દેવકુરૂ અને ઉત્તર કુરૂના પદ્મસરોવરમાંથી ફુલો લાવીને તેમને ચઢાવવામાં આવ્યાં હતાં. તો આ સઘળા કાર્યથી વનસ્પતિકાયની વિરાધના થાય છે ખરી કે નહિં ? ઉપરના ઉદાહરણમાં શાસ્ત્રકારો દોષ હોવાની સાફ ના પાડે છે. કારણ કે એ કાર્યોમાં પરિણામ ભક્તિના હોવાથી ત્યાં દોષ માનવામાં આવ્યો નથી. જો અહિં પરિણામ ભક્તિના છે, તો પછી ભગવાનનો પખાલ કરીએ છીએ તેમાં પણ પરિણામ ભક્તિનાજ છે. તો જો પ્રથમ કાર્યમાં દોષ નથી તો બીજા કાર્યમાં દોષ નથીજ એ સ્વાભાવિક છે.

હવે કોઇ એવી શંકા કરશે કે તો તો ભગવાનનો ધર્મ "મેરી તો લાપસી ઓર પરાઈકી કુસ્કી' એવો ગણી શકાય ખરો કે નહિં ? નહિં.

## ભગવાનની પૂજા ત્યાગ મેળવવા માટે.

ભગવાનને માટે શંકાકારો એવું કહી શકે કે ભગવાન છકાય જીવો માનતા હતા અને તેની વિરાધના કરવામાં પાપ માનતા હતા, તો પછી આખા જગતને માટે અહિંસાનો ઉપદેશ આપનારા ભગવાને પોતાના અર્થે વનસ્પતિકાયની વિરાધના થઇ તે અંગે લક્ષ્ય કેમ ન આપ્યું ? તો શું આંખો

લુંજ તપાસે કે શ્રી સર્વજ્ઞના વચનાનુસાર વર્તન થાય છે કે નહિં. આવું તપાસે તે અંતરાત્મા. બહિરાત્મા માત્ર પુદ્‌ગલના આનંદને તપાસે.

## શરીરના નિષ્ણાતને શરીર સોંપાય તો આત્માના નિષ્ણાતને આત્મા કેમ ન સોંપાય ?

શ્રીમંતો, રાજામહારાજાઓ શરીરને અંગે વૈદ્ય, ડોકટરને કેટલા આધીન રહે છે ? 'આ ન ખાવું, આ ન પીવું' તો તરત તેનો અમલ. પોતાની અમલદારી બંધ કરી ડોકટરના હુકમને તાબે થાય છે ને ? અમુક સ્થળે રહેવા જાઓ, હવા ફેર કરો, તો તરત ત્યાં દોડી જવામાં આવે છે; કડવાં ઔષધો ગળે ઉતારાય છે, પરહેજ પાળવામાં આવે છે, શરીરમાં સોયા ભોંકાવાય છે, આ તમામ શાથી ? શરીરનું સમર્પણ શરીરના અભ્યાસીને થાય છે. તો પછી આત્મહિત કરવું હોય તેણે આત્માને ઓળખો, આત્મસ્વરૂપ પ્રાપ્ત કરાવનાર આત્માને ઓળખાવનાર શ્રી જિનેશ્વરદેવના વચન પ્રમાણેજ વર્તવું જોઇએ. શરીર માટે ડોકટર કહે તેમ વર્તવામાં ગુલામી નથી માનતા, તો અહીં ગુલામી શાથી માનો છો ? જેઓ કર્મબંધનના કારણો જણાવે, કર્મ રોકવાનાં તથા નિર્જરાના ઉપાયો બતાવે અને તેમ કરવામાં આવે તો આત્માની દશા સુધરે તેને શરણે જઇ આત્મા સુધારવામાં વિલંબ કેમ ? કે વિપરીતતા કેમ ? વૈદ,હકીમ કે ડોકટરના કથનથી વિપરીત ચાલનાર મોતને નોતરે છે. વૈદ તેલમરચું ખાવાની ના કહે છતાં વ્યાધિગ્રસ્ત મનુષ્ય તે ખાય તો તેથી નુકશાન થાય તેમ જ્ઞાનીના વચન પ્રમાણે ન કરવામાં આવે તો નુકશાનજ થાય.

જ્ઞાન ન ધરાવનાર તો શું પણ ધરાવનાર પણ બિમારી વખતે પણ શરીર વિજ્ઞાનના નિષ્ણાતોને આધીન થાય છે! તેજ રીતે કર્મથી વિમુક્ત થવા માટે આત્માએ સર્વજ્ઞના કથન મુજબ ચાલવુંજ જોઇએ.

## મસાણે કોને જવું પડે ?

વૈદ પાસેથી તામ્રભસ્મ લીધી, વાપરી પણ તેલ, મરચું ન છોડવામાં આવે તો મસાણે કોને જવું પડે ? લાકડા ભેગું કોણ થાય ? વૈદ કે દરદી ? અંતરઆત્માને પ્રવૃત્તિ નિવૃત્તિ કરાવનાર ચીજ માત્ર શાસ્ત્રજ છે. આગમના આધારે પ્રવૃત્તિ તથા નિવૃત્તિ કરવામાં ધર્મ રહ્યો છે. આગમના આધારે પ્રવર્તે તથા નિવર્તે તે અંતરાત્મા. તેમ ન કરે તે, તેથી વિપરીત કરે તે બાહ્યાત્મા, જડાત્મા, જડભારથી દુનિયામાં વૈદના કથનથી વિપરીત ચાલનારને જડભારથી, કહેવામાં આવે છે ને ? **આ વચનો સર્વકાળને જાણનાર સર્વજ્ઞનાં છે.** 'જમાનો જમાનો' પોકારનારાએ જાણવું જોઇએ કે આ વચનો ત્રણેકાળ જાણનાર શ્રી સર્વજ્ઞે કહેલાં છે. આપણે કાંઈ લીલાવાળાને નથી માનતા, અજ્ઞાનને નથી માનતા, પાર્વતી માથાની જૂ થઈ તેની પણ જેને ખબર ન પડે તેવાને નથી માનતા. આપણે તો ત્રણેય કાળનું જ્ઞાન ધરાવનાર શ્રી સર્વજ્ઞદેવનાં વચનો માનીએ છીએ.

આ રીતે સમજીને જેઓ અંતરાત્માપણું કેળવશે તેઓ અનુક્રમે આત્મસ્વરૂપને વિકસાવી શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરશે. વાસ્તવિક, સુખમય, શાશ્વત્ સુખ સ્વરૂપ સંપાદન કરશે.

લાયક બનતો નથી. જે મનુષ્ય મહાવીર સ્વામીના કલ્યાણકના દિવસે દાન વિગેરે ન કરે અને બીજા દહાડે કરે તો તે કલ્યાણ પામે નહિં. હરિભદ્રસૂરિ આ એક પક્ષે બોલી રહ્યા છે તેમ ન માનશો. રથયાત્રા કરે તો ભક્તિ, તપસ્યા કરે તો આત્માની નિર્મળતા છે. દાન કરે તો તે આત્માની ઉદારતા, અમારી પડહોમાં જીવોનું રક્ષણ છે તો પછી તે ગમે ત્યારે કરે એને માટે જણાવ્યું કે યોગ્ય પાત્રના વખતે દાન ન દે અને અયોગ્ય પાત્ર આવ્યું ત્યાર દાન દે, તેમાં આપણે ફરક માનીએ કે નહિ, તેમ જગતમાં સ્વાતિ નક્ષત્રનું છીપોલીમાં પડેલું પાણી મોતી કરે છે. બાકીના વખતમાં કાંઈ નહિ. પાણી વરસાદનું નથી એમ નહિ પાણી વરસાદનું છે. પોતે સંસાર સમુદ્રથી તરનારા, આખા જગતનો ઉદ્ધાર કરવા માટે ભવાંતરથી તૈયાર થએલા. તેમનો ઉપકાર માનનારા જો ન થઇએ તો, તો પછી આપણું કલ્યાણ થાય કઇ રીતે ? હરિભદ્રસૂરિજીએ પક્ષથી નહિ પણ ભવવાનના ગુણોની અપેક્ષાએ આ વસ્તુ કહી. જો પોતાની શક્તિ હોય તો ભક્તિ તે દહાડે કરવી જોઇએ, ન કરે તો તે ફળને પામી શકતો નથી.

## ભગવાન જિનેશ્વર પોતે જિન બને છે અને આપણને બનાવે છે.

પોતાની જન્મ ગાંઠ, ગમે તેની જન્મ ગાંઠ તેને આનંદ માનનારા; અને ભગવાનના જન્મજે દિવસે આનંદ ન ઉજવનારા તે કેવા ગણાય ? ભગવાનના જન્મ દિવસને આટલી બધી મહત્ત્વતા આપવાનું શું ? જગતમાં બધા જન્મ પામે છે, એમના માતાપિતાનો જન્મ દિવસ નહિ. પણ ભગ-

ત્યાં કચરો મેળવ્યે થાય શું ? પુરેપુરૂં સુખ, કોઈ દિવસ ખસે નહિં તેવું સુખ જોઈએ છે. તેમાટે કંચન, કાયા, કુટુંબ, કામિની ચાર મેળવે છે. જગતનો વ્યવહાર ચાર ઉપર છે. ચાર સિવાય પાંચમો થાંભલો નથી. એ બધાં ભુખરી માટીનાં થાંભલા જેવાં છે; શરદીની હવા લાગે તો ખસી પડે. આ ચાર થાંભલા જેની ઉપર જગત નાચી રહ્યું છે તે ભુખરી માટીના થાંભલા જેવાં છે. ક્રોડ રૂપિયા મેળવ્યા, રાજ મેળવ્યું પણ ચાલવા માંડશે ત્યારે ક્રોડમાંથી કોડી પણ જોડે આવવાની નથી. છોકરાં છોકરાં કરો છો પણ આજના કાયદાને વિચારો તો તેઓ કહે છે કે અમારો હક છે; તમારી મરજી ન ચાલે, પહેલાં કોટિધ્વજ હો, અને કોડી ન આપો તો ચાલતું, આવા હક્ક તરીકે લેવાવાળા છે તેને માટે જિંદગી ખોવી ? તારો પૂત્ર બાહોશ અને ભાગ્યશાળી છે તો તું ધન એકઠું કરે તેની તેને કિંમત નથી. પૂત્ર કપૂત હોય તો પાંચને બદલે દસ લાખ ભેગા કરી આપી જાવ તો પણ સાફ, આ સ્થિતિ છતાં પણ પુત્ર જે હકના માટે હડકાયો થાય તેના માટે જહેમત ઉઠાવીએ છીએ. જુદા પડે ત્યારે ચાહે તેવો દુર્જન વળાવવા આવે, પણ આ ધન, ક્રોડ રૂપિયા ભેગા કરીએ તે એક ડગલું પણ ન આવે. એ ત્યાંને ત્યાંજ રહે કેમકે જડ છે. ચેતન નથી. સ્ત્રી ચેતન ખરી પણ ચોક સુધી આવે. સ્ત્રીને અંગે રામચંદ્ર સરખાએ યુદ્ધો કર્યાં; પદ્માવતીને રાજી કરવાને અંગે કરોડોનો ઘાણ નીકળી ગયો. એવી સ્ત્રી પણ ક્યાં સુધી ? ચોક સુધી. ધનનો થાંભલો તીજોરીમાં રહ્યો, સ્ત્રીનો થાંભલો ચોક સુધી, એતો કરેલી સગાઇ છે. બાપ બેટાને અંગે સગાઇ નવી કરેલી કહેતા નથી, અંતે સગાઇ કરેલી તો ખરી ને ? જન્મની સગાઇ તો નહિં

તું કોણ છે ? એ જોવાને તો તૈયાર નથી. જોવાય શી રીતે ? આંખ આંખને જોઈ ન શકે, પણ સામો આરીસો ધરીએ તો આંખ આંખનું સ્વરૂપ જાણે. આત્મા જગતની પંચાતમાં પડે એમાં આત્મા આત્માને જોઈ શકતો નથી. ઘેર બેઠા હોય તો સ્ત્રી ઘરેણાંની વાત ચાલે, ગામમાં બેઠા હોય તો ગામની વાત ચાલે. આપણે આપણને ઓળખીએ એ વાત કોઈ જગ્યાએ ચાલતી નથી. આ જીવ જન્મ્યો ત્યારથી મર્યો ત્યાં સુધી તેને આત્માને જોવા, જાણવાની ફુરસદ નથી. જીવ પુણ્ય બોલે છે કે પાપ બોલે છે એ માટેનો વિચાર નહિં. આંખ અરીસાની સામે આવે ત્યારે આંખનું સ્વરૂપ દેખાડે. તેમ આ આત્મા મહાપુરુષનાં પાસે આવે ત્યારે આત્માને જોવાનો વખત આવે. આ જીવનની ક્રોડાપૂર્વની જીંદગી હોય તોપણ ધન, કામિનીનેજ તે જોયા કરે, પોતાને જોવાનો વખત આવે નહિં, સત્પુરુષના સમાગમમાં આવીએ ત્યારે જોવાનો વખત મળે. ધન માલિક નથી, સ્ત્રી માલિક નથી. બધાનો માલિક આત્મા છે; તેનો વિચાર નથી. કાજીની કુતરીની કિંમત છે પણ કાજીની કિંમત નથી. કુતરી મરી ગઈ ત્યારે ગામ આભડવા આવ્યું, કાજી મરી ગયો ત્યારે કોઈ આવ્યું નહિં. મારૂં શું એ વિચાર કોઇને આવ્યો નથી. કાજીની કુતરીની કિંમત છે. સમજુ મનુષ્યે કાજીની કિંમત કરવાની. પુરા મહાપુણ્યના સંજોગે મનુષ્ય ભવ, આર્ય ક્ષેત્ર વિગેરે પામ્યા ત્યારે આત્માને ન સુધારીએ તો કઈ જિંદગીમાં સુધારીએ. જાનવર ચરી આવે; દૂધ આપે, અને તે જીંદગી પુરી કરે, મરે ત્યારે ઢેડ ઘસડી જાય. એ જીંદગીમાં આત્માનો વિચાર નથી. મનુષ્ય પણામાં આવતી અને ગઈ જીંદગીનો વિચાર કરી શકીએ છીએ.

લે તો જ મકાન તે પ્રમાણે તૈયાર થાય, તેમ આપણે પણ સિદ્ધ મહારાજ કેવી રીતે થયા તે ઉપર ધ્યાન રાખવાનું, આત્મજ્ઞાન–આત્માનું સ્વરૂપ વિચારો. સોનાની કિંમત જાણનારો તે લોઢાને રતિએ તોલવા ન જાય. લોઢાને શેરથી તોલશે. તેમ આત્માનું સ્વરૂપ જાણવામાં આવશે ત્યારે ઉપાધિને પર સ્વરૂપે, આત્માના ગુણોને સ્વસ્વરૂપે જાણશે. આત્માનું ભાન થાય તો ઉપાધિ રહિત થઇ જવાશે. ઉપાધિ સ્રીની જાત છે, શીખામણી છે. દેખે કે મારી ઉપર આદર છે ત્યાં સુધી સાથે રહે. અનાદર દેખે તો પરણેલી પિયેર ભાગી જાય. ઉપાધિ ડુબાડનારી છે, ઉપાધિનો અનાદર થાય તો આપોઆપ ખસે. આત્માનું જ્ઞાન થાય ત્યારે ઉપાધિ ખસે, તપસ્યા એજ કર્મનાશ કરવાને સમર્થ છે.

આત્માનું સ્વરૂપ સમજ્યા વિના તો આ જગતની કરેલી મહેનત મીટ્ટીમાં મળવાની. આત્માના ભાનને માટે જે મહેનત કરો તે સર્વ કાયમને માટે રહેવાની. કેવળ જ્ઞાન, અને મોક્ષ મેળવ્યું એ હંમેશાં રહેવાનું. જીંદગીમાં એક એવી વસ્તુ મેળવીએ કે કોઇ દિવસ ન જાય તેને માટે મહેનત કરવી. આ જગતની અંદર જિંદગી સુધી મહેનત કરે છે છતાં સરવાળો શૂન્ય. ઉપાધિને તેજ છોડી શકે કે જેઓ આત્મામાં લીન રહેશે. માટે આત્મામાં લીન રહી ઉપાધિને છોડવી એજ શ્રેયસ્કર છે.

નથી. કેવલજ્ઞાન થયા પછી ક્રિયાના કારણોનો નિશ્ચય હોય છે. તેથી વિચારની જરૂર હોતી નથી. જે માતૃભાષા હોય, તેનો શબ્દ વાંચીએ બોલીએ તેમાં કાંઈપણ વિચારવાની જરૂર હોતી નથી. કારણકે તેનું જ્ઞાન આપણને છે. સર્વ જીવો સંજ્ઞા વગરના નથી, આહાર સંજ્ઞા તમામ જીવોને છે. કારણ કે આહાર ન હોય તો શરીર પણ ન હોય, અને શરીર જો ન હોય તો ઇન્દ્રિયો પણ ન હોય. માનોકે આહાર સંજ્ઞા ન હોય, માત્ર એકલો આહાર હોય. પણ એ આહાર લીધો થાય છે કે, વગર લીધો થાય છે. તૈજસ નામ-કર્મને લીધે તૈજસ શરીર બંધાય, એ તૈજસ શરીરને લીધે ક્ષુધા ઉત્પન્ન થાય અને આહારની ઇચ્છા થાય, અને આહાર મલે એટલે સંતોષ થાય. અને ન મળે તો અસંતોષ થાય બચ્ચાંઓ જ્યારે ભૂખ લાગે ત્યારે રોવા માંડે છે. શાથી? કહેવું જ પડશે કે ક્ષુધાએ વેદના ઉત્પન્ન કરી, આહારની ઇચ્છા કરી પણ ન મલ્યો એટલે રોવા માંડયો. અને મલ્યો એટલે રોતો બંધ થયો. આહાર મલ્યા પછી કંઇ વિચાર ન થયા એટલે રોવું બંધ થઇ જાય. એમ માનો છો, તેથી કોઇ બચ્ચાને રોવું શિખવવું પડતું નથી. બોલવાનું ચાલવાનું શીખવવું પડે છે રોવાનું આપો આપ શિખી જાય છે. આ રીતે એ આહારની સંજ્ઞા દરેક જીવને છે.

## આહારસંજ્ઞાથી છુટવા તપસ્યા કરો.

આ જીવ અનાદિ કાળથી આહારને અંગે પ્રયત્ન કરતો આવ્યો છે. એ ખાવાની સંજ્ઞામાં આપણે અનાદિથી રખડયા છીએ. ચાહે જેવો કોઠાર જેમાં હજાર મણ

માનું હોય તે ભરાઈ જાય પણ આવા ઘેરની આ કાળી કોઠી કોઈ દી ભરાની નથી. આજ હિસાબે શાસ્ત્રકારોએ કહ્યું છે કે 'જે પાણી પીધાં છે, અને અનાજ ખાધાં છે તેના ઢગલા કરવામાં આવે તો જગતમાં ન માય કેવળ માતાનું દૂધ જ ભવોભવ પીધું છે તે બધું એકઠું કરીએ તો સ્વયંભૂ રમણ સમુદ્ર–છેલ્લો સમુદ્ર પણ આના દૂધ આગળ ખાબોચીયા જેટલો લાગે અનાદિ કાળની અપેક્ષાએ કેટલી માતાના દૂધ પીધા છે. એક એક માતાનું એક એક રૂપીયાભાર દૂધ લઈએ તો પણ વધી જાય કારણકે સ્વયંભૂ રમણ સમુદ્રનું પાણી અનંત રૂપીયા ભાર નથી તેમ સર્વ [illegible] આ કાળી કોઠી ભરાય નહીં. જો એ ન ભરાય તો [illegible] થાની ભરાય પૂરણ ગર્તા એટલે જેમ પુરીએ તેમ ખાડો એવું દુનીયામાં સદા ચાલે છે કુવાને અંગે જેમ ખણનારો નીચે ઉતરે તેમ ઇચ્છા સંકલ્પ વિકલ્પ એવી ચીજ છે કે જેમ વધે તેમ ખાડો વધે એક રૂપીયો જેની પાસે છે તેને પુછીએ કેટલા જોઈએ છે, તો કે ૧૦૦ ખાડો ૯૯ નો ૧૦૦ વાળાને ૧૦૦૦ ૧૦૦૦ વાળાને ૧૦૦૦૦ જોઈએ પછી લાખ જોઈએ [illegible] તો ખાડો પુરાય, પણ સંકલ્પ [illegible] ખાડો વધે [illegible] એવી રીતે [illegible] સંકલ્પ–વિકલ્પ [illegible] એકેન્દ્રિયમાં [illegible] બેઇન્દ્રિય [illegible] તેઇન્દ્રિયમાં ચોરેન્દ્રિયમાં [illegible] પંચેન્દ્રિયમાં પણ [illegible] [illegible] [illegible] [illegible]

ઉપર પ્યાર હોય. ગમે વળગતો હોય, છુટવું હોય ત્યારે ધીમે ધીમે છુટીયે છીયે. એવી રીતે આહાર અનાદિથી વળગેલો છે. એને સર્વથા છોડવો છે, મોક્ષમાં ગયા પછી આહાર કરવાનો નથી. આહાર છોડયા વગર મોક્ષ મળતું નથી. કેટલાક મહાનુભવો કહે છે કે તપસ્યા એટલે લાંઘણ ખેંચવી. જ્ઞાનીઓને શ્વાસોશ્વાસમાં કર્મ ક્ષય થાય તો તેણે તપસ્યા શું કામ કરવી? હજુ તેઓ સાચે રસ્તે આવ્યા નથી. આપણે જ્ઞાની બનવું છે? શાને માટે? ખાવાની છુટ લેવા. અજ્ઞના માટે તપસ્યા કરવાનું કેમ? તીર્થંકર મહારાજા ચાર જ્ઞાનવાળા છતાં તપસ્યા કરી. તમારી દૃષ્ટિએ તમો તેમને જ્ઞાની માનો તો જ્ઞાનીએ તપસ્યા કરી છે. માટે જ્ઞાનીએ ચોક્કસ તપસ્યા કરવાની જરૂરત છે. અજ્ઞાની શરીરનું દુઃખ સહન ન કરી શકે, જ્ઞાની કોને કહીએ અંતરાત્માને. બહિરાત્માને જ્ઞાની નથી કહેતા. જ્યારે પોતે અંતરાત્મા છે તો શરીરના નુકશાનથી એને શું? એને તો શરીર બેડી રૂપ છે. બેડી નબળી પડે તો અંતરાત્મા આનંદ માને. બનવું છે જ્ઞાની અને તપસ્યાથી ત્રાસ પામવો છે. અંતરાત્માને આ વિચાર–નિશ્ચય હોવો જોઇએ. કે આહાર છોડીશ ત્યારેજ મોક્ષ મળવાનો છે. આ વાત ધ્યાનમાં લઇશું. તો માલમ પડશે કે, આત્મા રખડયો કેમ? તો હમેશાં ખાવું ખાવુંને ખાવું તેથી, પંખીનો સ્વભાવ રાતે ખાવાનો નથી. રાત્રે પોતાના માળામાં સ્થિર. રાત્રે ચરવા નીકળે તે ઢોર. રાત્રે ખાનારને જગતમાં પંખીની ઉપમા નથી દેવાતી. ઢોરની ઉપમા કોને? દહાડે કે રાત્રિના ખાવાનો જ વિચાર હોય તેને ઢોર કહેવાય છે. સમજુ હોય તે રાતના ન ખાય. પણ જીવતો આખો દીવસ ને રાત ખાઉં ખાઉં કરી રહે છે. જેમ આ જન્મમાં

એમ જ રહ્યું છે. વહુઓને ઘેર આવ્યા પછી સાસુઓની શી દશા થાય છે તે જાણીતું છે. તે છતાં બીજાને પરણાવવો હોય ત્યારે એવીને એવી રીતે સાસુ ઘેલી થઈ જાય છે.

દેવગતિમાં પણ એજ સ્થિતિ હોય છે. દેવતામાં સગાનો કોઈ જાતનો સંબંધ નથી. મનુષ્યમાં એક માતાના જણેલા બે ભાઈ હોય તેમ દેવમાં નવ મહીના નથી રાખવાનું ગર્ભમાં કે નથી પાળવાનું છતાં મોહથી દેવતા ગાંડા એટલા બધા થઈ જાય છે કે તેનો પાર નથી. એક દેવી ચ્યવી તો દેવતા ગાંડો થઈ ગયો. દેવતાપણામાં કુટુંબપણાનો મોહ એમને એમ ચાલે છે. મનુષ્યપણામાં બધા કરતાં પૈસાની નવી સ્થિતિ ઊભી થઈ, અત્યાર સુધી પાંચઇન્દ્રિયોનીજ હતી. પછી કુટુંબપણાની ઉભી થઇ, પછી સ્થાનની–મકાનની પછી આ પૈસાની લાલચ ઉભી થઈ. હવે પૈસા આગળ આગળની છએ ગૌણ થઇ જાય છે. ઇન્દ્રિયોના વિષયો છોડવા પડે તો કબુલ. કુટુંબને દુઃખ થાય છે તો પણ કબુલ. તે પેલી સાત કરતાં આ આઠમી સ્થિતિ તે દુનિયાના વિષયોને પણ ભૂલાવે છે. પૈસાને અંગે જ પરમેશ્વરપણાની બુદ્ધિ એ મનુષ્ય પંચેન્દ્રિય પણામાં જ છે. સાધુઓ તેથી જ કહે છે કે અકિંચન બનો. સાધુનું નામ અહિંસક નથી રાખ્યું. સત્યવાદી નથી રાખ્યું પણ અકિંચન આવું નામ રાખ્યું. ગુણ બધા છે પણ નામ તો અકિંચન રાખ્યું, ગુણો હોય તો પણ પરિગ્રહમાં લેવાયો તો ગુણો નાશ પામવાના. અને પરિગ્રહથી વિરમ્યો તો ગુણો નહી હોય તો પણ આવવાના. નામથી અકિંચન કહેવાય. પણ સ્વરૂપમાં જઇએ ત્યારે બે કહેવાય છે. કંચન કામિની રહિત

અહા તરીકે કંચન અને પ્રવૃત્તિના મૂળ તરીકે કામિની ત્યાગથી એવ રહિતપણું તેજ સાધુપણું. ઘરથી નીકળ્યો એજ સાધુપણું ઘર ત્યાગ પ્રવ્રજ્યાનો શબ્દ. સર્વથા પ્રકારે ઘરથી નીકળી જવું એનું નામજ પ્રવ્રજ્યા. શબ્દાર્થથી વિચારીએ તો ઘરથી સર્વથા નીકળવું. અત્યારે શું કહીએ છીએ. વૈરાગ્ય આવ્યો હોય તો છોડી દે ઘર. શું વિષય કે કષાયો નથી છૂટવા એ કંચન કામિની બે છુટ્યા તો પહેલાના બધા વિષયો આપો આપ છુટશે. પંતગીયાનું મોત તેની આંખો લાવે છે તેવી રીતે આપણું મોત આ આદમી લીલજ લાવી છે જેમ વિચાર શક્તિ વધી તેમ કર્મ વધ્યા. પણ આ આહાર, કુટુંબ અને પૈસાની પરમેશ્વર બુદ્ધિ રાખે તો મનુષ્યપણામાં જ બધું ગમાય.

---

**વક્તાના ગુણ.**

(૧) વચનશક્તિવાળો, (૨) વિસ્તાર અને સંક્ષેપને જાણના, (૩) પ્રિય કહેનાર, (૪) અવસરોચિતને [illegible] (૫) સત્યવાદી, (૬) સંદેહનો છેદનાર, (૭) [illegible] નિપુણ, (૮) વસ્તુના પૂરતા અને આવશ્યક [illegible] નહિ કરનારો, (૯) [illegible] આડાઅવળી રીતે નહિ કહેનારો, (૧૦) [illegible] (૧૧) [illegible] (૧૨) અહંકાર વિનાનો, (૧૩) [illegible] કરનાર અને (૧૪) [illegible]

## ૧૧

# સ્વાભાવિક પાતળા કષાયથી મનુષ્યપણું મળે છે

[ જીવ માત્રને કષાય વળગેલો છે. પગ ચડે તો સાપ ડંખ દે. આમાં અપરાધ કેટલો અને સજા કેટલી ? આ મોટી સજા કષાયની ઉગ્રતાથી થાય છે. જ્યારે જીવમાં કષાય પાતળા થાય ત્યારે મનુષ્યપણું મળે છે. આ પાતળો કષાય સ્વાભાવિક જોઇએ, ગરજ હોય ત્યારે ક્રોધને માનને માયાને અને લોભને ગળી જઇએ તે પાતળા નહિ પણ સ્વાભાવિક થાય તો તે પાતળા: આથીજ શાસ્ત્રકારોએ ‘ क्षमा वीरस्य भूषणं ’ કહ્યું છે.

[ ‘ હું જીવું અને બીજાને જીવાડું ’ આ મધ્યમ વૃત્તિએ મનુષ્યપણું મળે છે. ]

### મનુષ્ય અને પશુ બધા વિષયના વેગ પાછળ ઘસડાય છે,

પૂ. આચાર્ય મહારાજ શ્રી હરિભદ્રસૂરિજી ધર્મોપદેશ કરતાં થકાં જણાવે છે કે ‘હે મહાનુભાવો ! આ જીવ ઇન્દ્રિયોના વિષયો, માનસિક વિકારો આ બે તરફ અનાદિ કાળથી ઝુકી રહ્યો છે. ઇન્દ્રિયોના વિષયો માટે કોઇને ઉપદેશ આપવાની જરૂર નથી પડતી. જાનવરો પણ ટાઢ વાય તો તડકે જાય ને તાપ લાગે તો છાંયડે જાય છે. મનુષ્ય કે જાનવરમાં એ વાત સ્વાભાવિક દેખીએ છીએ કે તડકો લાગે તો છાંયડે ને ટાઢ વાય તો તડકે જાય; તેમાં કાંઇ કહેવું પડતું નથી.

માનસિક વિચારો શુદ્ધો જાનવરમાં પણ હોય છે. પાંજરા જેવી જાત પણ બલાડી ઉપર ગુસ્સે થાય, મનુષ્ય પણ માનસિક વિચારોમાં રાચી રહેલ છે. એક સાથવાહ કોઈ જગ્યાએ ગયો છે. ખાતનાં ખાતનાં પૈસાની જરૂર પડી, શેઠ પાસે ગયો અને કહ્યું કે શેઠ મારે દશ હજાર જોઈએ છે શેઠે કહ્યું કે અમને શો વાંધો છે. ઘરેણું મૂકી જાવ અને રૂપીઆ લઈ જાવ. શેઠપણ તેમ તો ઉધાર આપે છે. સાર્થવાહની પાસે સોનું રૂપ નો આપીને લે ને, તેની પાસે સોનું નથી ને પોતે આપતો નથી. છેવટે કુતરાને ઘરાણે મુકીને દશ હજાર રૂપીઆ લીધ. હવે શેઠના ઘેર ચોર આવ્યા, ચોરી કરતાં કુતરે વારંવાર ભસી પણ શેઠે જાણ્યું નહિં. ચોરો માલ લઈને ભાગ્યા ત્યારે કુતરો બંધન તોડીને પાછળ ગયો. ચોરોએ માલ દાટ્યો તે સ્થાન જોઈને પોતાના સ્થાને આવ્યો. સવારે ચોરી થયાની ખબર પડી. રોવા લાગ્યા, કુતરો છેડો પકડીને ખેંચવા લાગ્યો. ત્યારે ગામના લોકે કહ્યું કે આ રોજ કરતો નથી પણ અત્યારે બોલાવે છે. શેઠ તે છેડાને આધારે ગયો, માલ જાનવરે બતાવ્યો, માલ આવ્યો. એટલે શેઠને તો અદક આનંદ. કુતરાને ગળે ચીઠ્ઠી આપીને શેઠે તેને રવાના કરીને લખ્યું કે 'આ વખત કુતરાએ અમને વધારે ફાયદો કર્યો છે માટે તેને છોડી મુકજો છે' સાર્થવાહ દશ હજાર લઈ આપવા આવે છે તેવામાં રસ્તામાં પહાર આવ્યો. તે પહાડ ઉપરથી કુતરાને જોયો કે સાર્થવાહનો મિજાજ ગયો, કુતરાને કહ્યું "બેશરમ, હરામખોર, અહીં આવ્યું ઉપર ચઢી રહ્યું" એમ કહી કટાર મારે ત્યારે મરણ વખતે કહ્યું કે 'મને ધિક્કાર છે' એમ કહેતાં કુતરે છે મારી પાસે આવ્યો ને મારી નાખ્યો. [illegible] કુતરે

પડયો છે ત્યાં પાસે આવી જુએ છે ત્યાં ખબર પડી કે કુતરાને ગળે ચીઠ્ઠી બાંધેલી છે. ચીઠ્ઠી જોઇ ને વાંચ્યું ત્યારે સાચી ખબર પડી પછી તેણે બહુજ પશ્ચાતાપ કર્યો અને ૧૦૦૦૦ શેઠના ને પોતાના બીજા તેટલા તેમ કરીને ત્યાં તળાવ બંધાવ્યું. મનના ગુમાનનો, ગુસ્સાનો અને પ્રપંચનો વેગ મનુષ્ય અને જાનવર બંનેમાં રહેલો છે. મનુષ્ય મનુષ્યના હિસાબની અને જાનવર જાનવરના હિસાબની ચાલબાજી કરે છે, લોભ તો પ્રત્યક્ષ બધામાં જોઈએ છીએ, મનુષ્ય અને જાનવર બન્ને વિષયના વેગ પાછળ ઘસડાઇ રહેલા છે.

## જેઓ ઇન્દ્રિયોના વિષયો પાછળ દોડી રહ્યા છે તેને ધર્મની કિંમત નથી.

નાના બચ્ચાંને આબરૂનો કે કિંમતનો ખ્યાલ હોતો નથી. તમો શાસ્ત્રો માટે બોલો કે ધર્મ ફાકડા મારવા; ઢીંચવા, ઓઢવા કે પહેરવા માટે કામ લાગે છે ? નાનો છોકરો પણ આબરૂના માટે 'આબરૂ ફાકડા મારવા, ઢીંચવા પહેરવા કે ઓઢવામાં કામ લાગે છે? તેમ બોલે છે. નાનું બચ્ચું ખાવામાંને ઢીંચવામાં સમજ્યું છે. ફાકવાનો સંસ્કાર એટલો બધો પડયો છે કે નાના છોકરાને ચાટલું બતાવો તો તે પણ ચાટવા જાય છે. તેવીરીતે વસ્ત્ર વિગેરે ગમે તે ચીજ બતાવો તેને પણ તે ચાટવાની મહેનત કરે છે. એને લતજ ખાવાની પડી છે; ફાકવાવાળાને અને ઢીંચવાવાળાને આબરૂની કિંમત ન લાગે. તેમ ધર્મ પહેરવા ઓઢવાના કામનો નથી, તે શા કામનો? જેઓ ઇન્દ્રિયોના વિષયો અને મનના વિકારો અંગે ભાગી રહ્યાં છે. તેને ધર્મની કિંમત નથી, વિષયનાં વિકારો અને

મનના યોગોથી જે દોરાયેલા નથી ને સમજે છે કે આ કર્મોનો આધાર હોય તો ધર્મ છે. ને સિવાય બીજું કંઈ નથી. પહેલાં આપણાં જન્મ પર વિચાર કરો. આ જન્મ કોની મરજીનો ? માતાની ઈચ્છાનો પિતાની પ્રાર્થનાનો, કે છોકરાની ઈચ્છાનો ? તો કહેવું પડે કે એકેના વિચારનો નહિ. માતાપિતાએ કંઈ દીઠો જોયો ને આ જીવને કુખે કે કુળમાં લઈ, તેમ કોઈએ. પણ આ માતાપિતા શાને કે માટે તેના ઘેર જન્મ લે ? કોઈની ઈચ્છાનો નથી પણ કોના લીધે થયો ? પંચેન્દ્રિયપણું અખંડપણું તે કોની ઈચ્છાનું ? કર્મની નસીબદારી તેજ મનુષ્યપણું પામે છે

## મનુષ્યપણું પાતળા કષાયથી મળ્યું છે.

જગત તરફ દૃષ્ટિ કરીએ, બાદશાહ અને બીરબલ ક્યાંક બેઠા છે. ત્યાંથી કુબડો નીકળ્યો છે, બાદશાહ બીરબલને પૂછે કે 'બીરબલ! મેં કબડા કુબડા કર્યું છે' ત્યારે બીરબલ કહે કે 'સાહેબ! આપનું નથી ગણાતું' ત્યારે બાદશાહે કહ્યું કે 'ખેર...' [illegible] બાદશાહના [illegible] વિના ન રહે [illegible] જન્મ્યો, છોકરો! તેને લીધે [illegible] એમ કહે છે. [illegible] પડે કે [illegible] મનુષ્યપણું [illegible] મનુષ્યપણું [illegible]

આ વિચારવાને આખી જીંદગીમાં અવકાશ મળતો નથી, અનાદિ ક્રોધાદિ વિકારોને અવકાશ છેજ, મનુષ્ય કેમ બન્યો તે વિચારનોજ અવકાશ નથી. આપણે ઇન્દ્રિયોના વિષયો તરફ ને મનના વિકારો તરફ એટલા બધા ખેંચાયેલા છીએ કે મનુષ્ય કેમ બન્યા તેનો અવકાશજ ન મળ્યો. આ મનુષ્યપણા રૂપી પેઢીમાં આપણ મુકી તે કેટલી ઘટી કેટલી વધી તેનો વિચાર કર્યો ? કઇ પુરાંત ઉપર આ પેઢી ખુલ્લી મુકાઇ હતી તેનો વિચાર કર્યો ? જે અમે નથી ભણ્યા એ નિશાળનોજ બોયકોટ છે એમતો નથીને ? આ સાચી નિશાળ કે જેનું નામ ધર્મ છે. ધર્મ એકજ માટીની પેઢીની મિલ્કત બતાવનાર છે. જેને અફીણની ટેવ પડી છે તેને પાંચ પકવાન્ન આપો પણ કસુંબો ન આપો તો તે ફીક્કા. પણ કસુંબો આપીને મીઠાની ઘેંસ પાઇ દો તો પણ તે તેને મીઠી લાગે છે. વ્યસન લાગેલું હોય તો તે મળ્યા પછી બીજું ગમે તેવી ખરાબ ચીજ મળે તો પણ સારી લાગે. જેને ક્રોધના ફળમાં કાબુ નહિ તે કયાં સારો રહેવાનો. સાપને એક છોકરો અડયો તેમાં તેને નુકશાન કેટલું ? પણ તેણે સજા કેટલી કરી તે વિચારો ! મોતની સજા કરી. શાને લીધે ? ક્રોધનો કાબુ નહિ તેને લીધે. ઘાંચીએ કહ્યું હતું કે મારો બળદ ન્યાય નથી ભણ્યો તે સારૂં છે. એક નૈયાયિક ભણીને નીકળ્યો. રસ્તામાં ગામ આવ્યું ત્યાં માંગવા નીકળ્યો. ત્યાં એક ઘાંચીને ઘેર આવ્યો. ઘાંચી લોટ આપવા આવ્યો ત્યાં સુધી પંઢિતજીને ધ્યાનમાં જોયા. ત્યારે ઘાંચી કહે છે કે હું લોટ આપવા આવ્યો છું ત્યાં સુધી શા વિચારમાં પડયા છો ? પંડિતજીએ કહ્યું કે આ ઘંટડી કોણ વગાડે છે ? ઘાંચીએ કહ્યું મારો બળદ. ત્યારે પંડિત કહે કે કારણ વગર

ન બને. ચાંચીએ કહ્યું હું બહાર ગયો હોઉં ત્યારે ઘંટડી વાગે તેથી મને માલૂમ પડે કે બાળક રડે છે ત્યારે પંડિતે કહ્યું કે તે બેઠાં બેઠાં આખું હલાવે ને ઘંટડી વાગે, એમ ન બને? ત્યારે ચાંચીએ કહ્યું કે મારા બાળક ન્યાયની લુચ્ચાઈ નથી આવડી. આપણે વિચાર કરો કે નુકસાન કેટલું થયું ને કેટલું કર્યું? કેટલું ને ન્યાયમાં કર્યું? [illegible] કરી દેવો. આપણે પણ પહેલા ભાવમાં [illegible] હોય તો અહિં ન હોય ક્યાં હોય? [illegible] કે તેને ત્યાંજ ધારણ મૂકે, બીજે ન [illegible] કે કોપાદિ ચાર [illegible] હોય, મુનિમ રીતે તે [illegible] બધાને કરવા પડે છે [illegible] ચાકર હોય અને નગરને તેનું [illegible] નમે કરે કે 'સાહેબ ચાર કર્યા.' [illegible] છું કરવાનું [illegible]?

બીજા [illegible] [illegible]

ક્ષમા વીરસ્ય ભૂષણમ્ સામર્થ્ય છતાં પણ અપકારનો બદલો ન લેવો ત્યાં ક્ષમા. તમે હલકા કુળમાં જન્મ્યા ને બીજા હલકા શબ્દો કહે તે તો તમે સહન કરો, તેમાં નવાઈ નહિ. તેવી રીતે પ્રપંચમાં ને લોભમાં પણ પાતળાપણું સ્વભાવે હોય તોજ મનુષ્યપણાની મિલ્કત મેળવી આપે. જ્યારે આ ચાર માંચડા થાય ત્યારે મનુષ્યના આયુષ્યનો દોર થાય, જ્યારે સ્વભાવે કષાયનું પાતળાપણું થયું જાણપણે કે અજાણ પણે. ત્યારે મનુષ્યપણુ મળે. જાણે અજાણે ખુન કરે તો સજા. તેવી રીતે મનુષ્ય જીવન કોણ મેળવે? તો ચાર કષાય પાતળા હોય તે મેળવે. મનુષ્ય જીવન એ ગુલામી જીવન છે, પરદેશી સત્તાની રૂએ ગુલામી જીવન નહિં. દુનિયાદારીની અપેક્ષાએ ગુલામી જીવન. પૃથ્વી વગર તમે જીવી શકો છો? પાણી, હવા, અગ્નિ ને વનસ્પતિ વિગેરેને છોડી દો અને પછી જીવો જોઇએ તો એક ઘડી પણ જીવી શકો નહિ. આ જીવનમાં પૃથ્વી વિગેરેની દરમ્યાનગિરિ વગર આપણાથી કંઇ થાયજ નહિં. તેના અસહકારને સહન કરો તો કહેવું પડશે કે તે બની શકે તેમ નથી, પેલા ભવમાં દુઃખીયોના દુઃખો જોઇને દયા આવી, ને તેને લીધે જે વસાવ્યું. તેને લીધે આ બધાનો સહકાર મળ્યો. મનુષ્યપણું જીવન મળ્યું પણ વ્યક્તિત્વ ક્યાં રહે? તો તેના ગુણોમાં રહેલું છે. બીજાના ભોગે પોતે જીવે. આ વિચારો કીડી થયો ત્યારે બીજાના જીવનના ભોગે પણ હું જીવું તેમ હતા. દુનિયામાં જ્યાં સુધી વિવેક નથી હોતો ત્યાં સુધી જીવનના ભોગે જીવું. ગુણો કેમ આવે છે તે ઉપર ધ્યાન દેવાનું. જીવનના ભોગે જીવવાની જગોપર જીવું

ને જીવાડું. આથી આગળ વધો. મારા જીવનનો ભોગે બીજાને જીવાડું. જીવનના ભોગે જીવું તે અધમ માર્ગ જીવનના ભોગે બીજાને જીવાડું તે ઉત્તમ. અને હું જીવું ને બીજાને જીવાડું આ ગુણ મધ્યમને હોય તેજ મનુષ્યપણું આવી શકે. મારા જીવનના ભોગે જીવાડું તે દેવતાને લાયક બીજાના ભોગે જીવું તે નરક અને તિર્યંચને લાયક અને હું જીવું ને બીજાને જીવાડું તે મનુષ્યપણાને લાયક સ્વભાવે પાતળા કષાયવાળો, દાનરુચિવાળો ને મધ્યમગુણવાળો મનુષ્યપણું મેળવી શકે આ માટીના ભિકોરા ઉપર બેઠા બાદ કે પણ માટીની દુકાનનો વિચાર કર્યો? અરેરે, ઈન્દ્રિયોના વિષયોનો વિચાર કરીએ છીએ પણ, આત્માના ભિકોરાનો વિચાર કરતા નથી તે વિચાર કોણ કરાવે? તો તે એકજ ધર્મ કરાવે કે [illegible] ધર્મ દરેક [illegible] કોઈએ માન્યા છતાં [illegible] તે [illegible] રીતે ઓળખ્યો? [illegible] ત્યાં આગળ [illegible] કરી તેવી રીતે [illegible] [illegible] સાચવી [illegible] ધર્મના [illegible] [illegible] [illegible] ધર્મ કરવો જોઈએ.

## ૧૨

# શરીર એ દરબારી જમીન છે

[ આપણે સુખ શાશ્વતાં અને દુઃખ વિનાનાં જોઇએ છે સુખ શાશ્વતાં અને દુઃખ વિનાનાં જોઇએ તો ઇન્દ્રિયોને કાબુમાં રાખતી જોઇએ તે વિના શાશ્વતાં સુખ મળતાં નથી. ]

### સુખ દુઃખની છાંટ વિનાનું જોઇએ.

શાસ્ત્રકાર શ્રી યશોવિજયજી મહારાજ જ્ઞાનસાર ઇંદ્રિય-જયાષ્ટક કરતાં થકાં સૂચવે છે કે આ સંસારમાં જે જીવ દેખીયે તે એકેંદ્રિય, બેઇન્દ્રિય, તેઇંદ્રિય ચૌરિન્દ્રિય નારકી, દેવતા, તિર્યંચ કે મનુષ્ય હોય બધાની એકજ ઇચ્છા. ઇચ્છામાં ભેદ કોઇનો નથી. એકજ ઇચ્છા કઇ ? સુખની. દરિયો એકજ. નદી કોઇ ગમે ત્યાંથી જાય, પણ દરિયો એક. બધી નદીયો જવાની ત્યાં. રસ્તામાં વચ્ચે વ્યવહાર માર્ગ ભલે આવે. તેમ જીવને સુખ મેળવવું. ચાહે હોય (નારકી આદિ) પણ બધા માગે સુખ. આ જોઇએ, પેલું જોઇએ, પણ બધું સુખ. સાધનો ભલે જુદા હોય, કોઇ મકાન, ક્ષેત્ર, મહેલ, પુત્ર, સ્ત્રી દ્વારાએ ઇચ્છે. દ્વાર ચાહે તેટલાં હોય પણ ઇચ્છા એકજ સુખની. ડુંગરાની નદી લો તો છેડો દરીયામાં. તેવીરીતે અહિં પણ કોઇની પણ ઇચ્છા લો તો છેડો સુખ. જે સુખ કરનારી તે સંઘરીયે. તે જ વસ્તુ કાલે દુઃખ કરનારી થાય તો ફેંકી દઇએ.

પહેલાં કલ્યાણ કરનારી આ છે. એમ માની આ આ કરે. આગળ આવ્યો ત્યાં રાગ મરી ગયો, સુખની સ્થિતિ માલમ પડે ત્યાં સુધી આ. પાછી હોડી ફેરે છે. શરીર સારૂ હોય ત્યારે ને મટે ત્યારે કેમ? અગાસબંધી, ધન, શરીરાદિ સુખ કારણ માલમ પડે સમજાય, ને દુઃખનું કારણ જાણીએ, છોડીએ. દુનિયાને ચીજની સમજ નથી ને તે [illegible] ખાથી તેને વળગે છે ને દુઃખનું કારણ માલમ પડે ત્યારે તે ફેંકી દે છે. વિચારીશું તો માલમ પડશે કે આપણું ધ્યેય એકજ સુખ મેળવવું. કેવું સુખ મેળવવા મથે છે? કદર સારી હોય તેનો [illegible] હોય છે [illegible] પણ શાક, [illegible] વગર પીરસેલા તો [illegible] [illegible] હોય તો એ ખાય ને [illegible] શાક [illegible] જાય. દુનિયામાં સુખ છે પણ સુખને [illegible] નથી. સુખમાં કોઈ દિવસ [illegible] તેમ સુખ મેળવવા [illegible] ન કેમ? કેવું [illegible] યન્ન દુઃખેન સંભિન્નં દુઃખની [illegible] પણ ન [illegible] પણ એમ ન હોય કે [illegible] દુઃખ [illegible] [illegible] શાસ્ત્રમાં [illegible] તેમ તમારે પણ સુખમાં દુઃખના [illegible] ન [illegible]

શરીર એ તો [illegible] [illegible] તેના સુખ [illegible] [illegible] [illegible] સુધી [illegible] [illegible] છે? [illegible]

ઇન્દ્રિયો તમારી નહિં. આ કરારથી આયુષ્ય પણ જીંદગીના કરારથી છે પણ આપણે સુખ કોઇ કરારથી લેવા માંગતા નથી. કોઈપણ દિવસ એમ નથી થતું કે ૨૦ ૨૫ વર્ષ સુખ આવો પછી દુઃખ ભલે આવો. આ પણ મનમાં ન થાય કે આ જીંદગી સુખથી ચાલી જાય, આવતી જીન્દગી આવે તેમાં ભલે દુઃખ આવો. આ શરીર–ઇન્દ્રિયની શરત જીંદગીને છેડે પુરી થાય તેની ચિંતા નહિં પણ દુઃખ ન થાય એની ચિંતા ખરી. આ શરીરાદિ મળેલાં છે પણ તે મળેલાં કેવાં? દેશી રૈયતમાં મોટો શેઠીયો તેને જમીન રાવળી રહે છે, માલિકીની નહિ. તેની પેઠે છે. રહો ત્યાં સુધી મોજ માણો. ચાર વીઘા લો કે ચૌદ વીઘા લો પણ હદ છોડી એક ગાઉ જાય તો લેવા દેવા નહિ, ચાર હાથ પણ નહિ. જ્યાં સુધી અહીં રહો ત્યાં સુધી કુદાકુદ કરી લો પણ નીકળ્યા પછી કંઇ ન વળે. તે અહીંને અહીં ઉજ્જડ વેરાન પડી રહે એ કબુલ પણ રાવળી જમીન બહાર જાય એને ન મળે. અહિંના હોય તેનેજ મળે. તેમ શરીરમાંથી નીકળ્યા પછી, રાખોડા થાય, કુતરા ખાય, શિયાળ ખાય પણ તમારો હક નહિં. આને અંગે જાણીયે છીએ કે આ શરતી છે, શરત વગરનું નથી. આગાઢ નથી કે જ્યાં રહે ત્યાં પણ માલિકી જાય. શરીર આગાઢ નથી. આવી જમીનમાં રહીયે છીએ. અને રહ્યા છતાં રાવળીની સ્થિતિ તપાસતા નથી. રાયળા ક્યાં ખરચાય? આગાઢ જમીન ઉપર ખોરડું હોય ત્યાં. એટલે રાવળી જગા ઉપર રાયળા ને ખરચાય. શરીરરૂપ જગ્યા તીર્થંકરો અને ગણધરાદિને પણ આગાઢ વેચાણ નથી મળી તો પછી તું કઈ

સ્થિતિનો કે તને આગાઢ મળવાની? કોઇને મળી નથી, મળતી નથી ને મળશે પણ નહિં. પછી ત્યાં હેરાનગતિ મટે તેટલાજ રાયલા ખરચાય. રહીયે ત્યારે માનથી રહીએ. ખરચનાં વિચાર કરવો પડે તેજ વાત. અહિં આ રાવળી જમીન, તેને અંગે પુન્ય ખરચી ભોગવીએ તે વખતે વિચાર કરો કે શું કરીએ છીએ. પાપ બાંધો ત્યારે વિચારી લો કે શું થશે? જન્મથી મરણ સુધી દરેક ક્ષણે બાંધેલી પુણ્યપ્રકૃતિ તોડીએ છીએ નવળી જમીન માટે રાયળા ખરચાય તે વિચારો? ને તેમાં દેવું એ ગાંડાજ કરે? કોઇ ઓરડું બાંધી દે નહિતર ખલાસ. બીજી જગ્યામાં જવાય, દેવાં કરાય પણ અહિં ન પાલવે, આ રાવળી જમીનમાં સાચી પુણ્યરૂપી રાયળા ખરચે અને પાપનું દેવું કરે છે. આવું કર્યા છતાં મનમાં શું હોય કે આવતી ગતિમાં દુઃખ ન મળો. સુખ કોઇ કાળે ખસે નહિ. આમ જીવ ઇચ્છે સુખ દુઃખ વગરનું અને કોઇ દિવસ ખસે નહિ તેવું, તે પણ સંપૂર્ણ. અધુરૂં નહિં. બીજી ચીજ અધુરી પાલવે તળાવ પાણીથી આખું ભરેલું પણ લોટા બે લોટાથી સંતોષ.

## 'ધર્મ' મનોમન સાક્ષિએ એ બધા માટે નહિ

હીરા ખોલી પેટીમાં નાખે, ગુંજામાં નાંખે, પણ લે કાચના કકડા. બધી ધારણા પ્રવૃત્તિ હીરાની પણ વસ્તુમાં વાંધો. શું? કાચ તેથી કાચ હીરો થાય ખરો? ના. ધાર્યું બધું પણ, થાય નહિં. આપણે કહીએ કે મનોમન સાક્ષિ. અરે! આપણે મનોમન સાક્ષી હોય? તે તો નિર્મળ ચિત્તવાળાનેજ હોય. આપણે એવું સુખ ધાર્યું પણ તેથી કામ નથી થતું. વસ્તુ

જોઈએ. આપણે કહીએ ક્રિયા કર્મ અને પરિણામ બંધ એ બધે નહિં, આકસ્મિક પલ્ટો હોય ત્યાં, નહિ તો મુસલમાન, બ્રાહ્મણ, ધાગાપંથી બધા આ માને છે પણ ધારે છે શું ? ધર્મ બધા માને છે તેથી ધર્મ બધાને થઈ જવાનો. ક્રિયા ભલે થાય પણ પરિણામે ધર્મ છે ને ? જ્યાં શાસ્ત્રાધારે શાસ્ત્ર સમજી, શાસ્ત્રને આધારે પરિણામ ધારી, શાસ્ત્રથી ક્રિયા શરૂ કરી ત્યાં પલ્ટો થઇ જાય ત્યાં પરિણામે ધર્મ. પાણીમાં માખી પડી, બચાવવા પ્રવૃત્તિ કરી, પણ જીવ મરી ગયો પછી હિંસા લાગી કે દયાનું ફળ થયું ? વિચારો લાભ બચાવવાનો ને ક્રિયા કંઇ થઇ ? મોત છતાં પરિણતિ બચાવવાની હતી તેથી લાભ કહ્યો. હિંસા કરવા માટે પ્રવર્ત્યો, છટકી ગયો, હિંસા ન થઇ ફળ શું ? હિંસા છતાં અહિંસાનું અને અહિંસા છતાં હિંસાનું ફળ.

કુદેવ, કુગુરુ, કુધર્મ માને છે પણ સારા ધારીને માને છે ને ? આથી આપણી સુખની ઇચ્છા સર્વકાળને માટે, સંપૂર્ણ માટે છતાં ફળીભૂત કયારે થાય ? તેવાં કારણો જોડીયે ત્યારે સંપૂર્ણ સુખ જોઇએ તો એવું સ્થાન ખોળ કે જેમાંથી મળેલ સુખ નાશ ન થાય. ભાજન ખોળ ? તે ભાજન જ્યાં આગાઢ વેચાણવાળી, ઓછાવત્તી ન થાય તે જગ્યા મોક્ષ. જે ચૌદ રાજલોકમાં હમેશાં સ્વાધીન, આગાઢ વેચાણની માફક ખરચેલ રાયલા ત્યાં નકામા જતા નથી. શરીરાદિ રાવળી જમીન, દરબારી જમીન આગાઢ વેચાણવાળી તો મોક્ષ જ્યાં કુલ સત્તાજ આત્માની. પુદ્ગલની નહિં. તેથી સર્વ પ્રકારે અસંખ્યાતા પ્રદેશોએ દરેક સમયે આત્મા

વ્યાપૃત થાય છે. દેવામાં ડુબેલા રાજ્યને છોડાવવા રાજવી એએ કરકસર ઉપર કેડ બાંધવી જોઇએ, ન બાંધે તો જમીનદારીને છોડી શકે નહિં તમે કરકસર ઉપર કેડ બાંધો. રાજવી શોખ ઓછા કરે તો કેડ બાંધી શકે નહિતર નહિ. તેમ દેવામાંથી તારે મુક્ત થવું હોય તો તારે કેડ બાંધવાની જરૂર છે. તે ક્યારે કે તુ ઇન્દ્રિયોને કાબુ રાખવા માટે તૈયાર થાય. પોકાર કરે તેથી દેવું છુટે નહિ. પણ લક્ષ્ય રાખવું. તેમ તારે પણ જેટલી તાકાત, સામર્થ્ય કે શક્તિ હોય તે બધી ફેરવવી. આ કેડ બાંધી રાજા રાજ્યને દેવામાંથી છોડવે તેમ તું કેડ બાંધી ઇન્દ્રિય જીતી શકીશ અને તેથીજ સંસારથી છુટીશ અને મોક્ષ મેળવીશ.

---

## શ્રોતાના ચૌદ ગુણ.

૧ વક્તા ઉપર ભક્તિ, ૨ ગર્વરહિતપણું, ૩ શ્રવણની રુચિ, ૩ ચંચલતાનો અભાવ, ૫ મર્મજ્ઞતા, ૬ પ્રશ્નનું જ્ઞાન, તે ક્યારે અને ક્યાં કરવો તેની સમજ, ૭ બહુશ્રુતપણું વાંચન અને શ્રવણ ઘણું કર્યુ હોય તે, ૮ પ્રમાદરહિતપણું, ૯ ઉંઘ વિનાની આંખ રાખવી, ૧૦ બુદ્ધિશાળીપણું, ૧૧ દાનશીલતા, ૧૨ શ્રવણ સિવાય બીજી વાતનો ત્યાગ કરવો, ૧૩ કર્યાગુણનું જાણપણું, ૧૪ નિન્દાનો ત્યાગ કરવાની વૃત્તિ.

## ૧૩

# જીવજીવન અને જડજીવન

[ જ્યાં છદ્મસ્થપણું છે ત્યાં વિચાર છે. આ વિચાર જીવજીવન અને જડજીવન એમ બે પ્રકારે છે. જ્યાં સુધી વિરતિ ન આવે ત્યાં સુધી જડજીવન અને વિરતિ આવે એટલે જીવજીવન. જીવજીવન છઠ્ઠા ગુણઠાણા પછીથીજ થાય છે. અને તેજ પરમ ઉપકારક છે. ]

## જીવન બે પ્રકારનાં. જીવ જીવન અને જડ જીવન.

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ શ્રી યશોવિજયજી મહારાજ ભવ્ય જીવોને ઉપકાર માટે ૨૩મા લોક સંજ્ઞા અષ્ટકમાં જણાવે છે કે સંસારમાં કોઇપણ જીવ છદ્મસ્થ છે. સંપૂર્ણ જ્ઞાન પામ્યો નથી ત્યાં સુધી સંજ્ઞા વગરનો હોય નહી. જે જે જીવો કેવળી હોય નહી તે બધા સંજ્ઞાવાળા હોય. અને તેથીજ જ્ઞાનમાં અપૂર્ણ છે. ક્રિયાના કારણોની નિશ્ચિતતા નથી. વિચારો કેટલા પ્રકારના. બે પ્રકારના. જીવ વિચાર અને જડ વિચાર. આ બે પ્રકારનાજ પદાર્થો છે. હંમેશાં વિચાર કોના થાય ? પદાર્થોના. જે પદાર્થ રૂપે હોય તેનાજ વિચારો થાય. કોઇએ સ્વપ્નમાં પણ આકાશના ફુલનો વિચાર કર્યો નથી. આકાશનું ફુલ મને મલે એવો વિચાર સ્વપ્નમાં પણ આવ્યો ? તેજ વિચાર સ્વપ્નમાં આવેછે, જે દુનિયામાં હયાત હોય. જગતમાં પદાર્થજ બે. જીવ અને જડ, બે જાતના પદાર્થ હોવાથી ત્રીજાનો વિચાર ન હોય. આ વાત શાસ્ત્રકારોને પણ માન્ય છે.

જીવ અને જડ જણાવીએ એમાં સાંભળનારનું વળ્યું શું અમારે જ્ઞાન એજ લેવાનું કે જેનાથી કાંઇ પણ ફાયદો થાય. જેઓ જ્ઞાનને સાધ્ય તરીકે ગણતા હોય, ફળ તરીકે ગણતા હોય તેઓને પુછીએ કે, તમારા ઇષ્ટિમાં તોલ કેટલું. કણીયા કેટલા, તે તપાસ્યું છે પછી પુછો એમાં ફાયદો શું? જો જ્ઞાન એજ ફળ હોય તો રસ્તામાં જેટલી ચીજો દેખવામાં આવે તે બધાનું જ્ઞાન મેળવતા જાવ, એમાં ફાયદો નથી. એ તમે કબુલ કર્યું ગણશો માનશો એજ તમારો ફાયદો.

## સર્વજ્ઞની સિદ્ધિ.

ફાયદો કોને ગણ્યો. હિતની પ્રવૃત્તિ અને અહિતની નિવૃત્તિ થાય એજ જ્ઞાનને ફાયદો કરવાવાળું ગણવામાં આવે છે. જેમાં હિતની પ્રવૃત્તિ અને અહિતની નિવૃત્તિ થાય, તેમાં જ ફાયદો માનવામાં આવે છે બધી વસ્તુને દેખો અગર ન દેખો એની અમારે જરૂર નથી અમારે જે ઇષ્ટ હોય તેને દેખવાની જરૂર છે; તમારા સર્વજ્ઞને દરમાં રહેલી કીડીઓની સંખ્યા માલમ પડી એનો અમારે ઉપયોગ શો? એક છાણાના ઢગલામાં થએલા કીડાની ગણતરી સર્વજ્ઞે જાણી એમાં અમારે ફાયદો શું અને ન જાણ્યું તો નુકશાન શું? માટે આ બધું નિષ્ફળ જ્ઞાન હોવાથી અમારે સર્વજ્ઞ સાથે કાંઇ સંબંધ નથી. દેવ કોણ? અરિહંત પરમાત્મા. આપણા હિસાબે ફળવાળું જ્ઞાન જરૂર માનીએ, સર્વજ્ઞપણાની જરૂર નથી. હવે આપણે શું કરવું? તમો સર્વજ્ઞપણું માનો, નહીં. ઇષ્ટ જાણે તે દેવ, સર્વજ્ઞ છે કે નહીં તેની જરૂર નથી પણ મહાનુભાવો! सव्वगयं सम्मत्तं સમ્યક્ત્વ એ કયાં, રહેલુ છે સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાય એની અંદર સમ્યક્ત્વ

કહેલું છે. શંકા લાયક દ્રવ્ય અને પદાર્થો બધા થવા માટે સર્વજ્ઞાનની જરૂરત છે. કોઈપણ પદાર્થ બીજાના અભાવ વગરનો હોતો નથી, આ દાબડી જગતના તમામ પદાર્થોના અભાવરૂપ છે. આ દાબડીને દાબડી કહેશો, ઘડીયાળ, પાનું અને બીજું કાંઈ કેમ નથી કહેતા ? આ દાબડી જગતના બીજા પદાર્થોના અભાવ રૂપ છે, માટે હવે આમાં અભાવ કેટલા આવ્યા, આખા જગતના બધા અભાવ આવ્યા. આ પાનું નહી એવું કોણ બોલી શકે, આને પણ ઓળખે અને પોતાને પણ ઓળખે એજ બોલી-શકે, આ પદાર્થને જાણવા માટે એના અભાવો પણ જાણવા જોઇએ. એ કયારે જણાય, જ્યારે તેના મૂળ જણાય ત્યારે, અભાવ પર્યાયનો સીધો શબ્દ પરપર્યાય. સ્વપર્યાયને જાણી શકે નહી તે પરપર્યાયને ન જાણે તેથી ત્યાંસુધી દાબડી જણાઈ કહેવાય નહી. માટે જગતના પદાર્થો જાણે ત્યારેજ અભાવ જાણે અને અભાવ જાણે ત્યારે બધું જાણે, માટે સર્વજ્ઞની જરૂર છે. આ ઉપરથી સર્વજ્ઞપણું સાબિત કર્યું, લોકાલોકના જ્ઞાનને શાસ્ત્રમાં સ્થાન છે તો પછી તે શું લાભ કરવાનું, વગર પ્રસંગનું સર્વજ્ઞપણું સાબિત થયું. તમારો પ્રસંગ જે વગર ફાયદાનું જ્ઞાન નકામું તેનું અમારા શાસનમાં સ્થાન નથી. શાસ્ત્રથી તે ફાયદો ઉડી ગયો કારણકે લોકાલોકના જ્ઞાનની જરૂર શી છે; અને તે જ્ઞાનથી ફળ શું છે. છતાં શાસ્ત્રે તે જ્ઞાનને જરૂરી જણાવ્યું છે.

## રાગી દોષને જોતો નથી તેમ શાસ્ત્રમાં જણાવેલ ફાયદો આપણને સુઝતો નથી,

પૈસો અનર્થની ખાણ હોય તો દુનિયાદારીમાં ‘વસુ વગરના નર પશુ,’ એ વાત કેમ કહેવામાં આવે છે? દુનિયામાં

નિર્ગુણીને પણ એક પૈસાદાર હોવાથી સારો માનવો પડે છે. આ મનુષ્યની મહેરબાની જોઈએ. 'વસુ વગરનો પશુ,' એ કહેવતથી ખરાબ માણસને સારો ગણવો પડયો. મોતના માટે જેને જન્મ આપ્યો. હેરાન હેરાન થઈ જેમણે જન્મ આપ્યો તેને મોટો કર્યો એજ છોકરો જો પૈસા ઉડાવી દે તો 'મારો પરભવનો વૈરી' એમ કહેવાય છે એક પૈસાની ખાતર વૈરી કહીને ઉભા રહો છો, ચાહે જેવું તમારે ને હેવ પાન જો એની તરફથી ૫૦૦ની આવક થવા લાગે તો કેળજાને. ઘા હોય તે પણ રૂઝાઈ જાય, બુરામાં બુરૂ કામ કર્યું હોય. તે પણ ઢંકાઈ જાય, ધર્મી મનુષ્યને વ્યવહારની રીતિએ આપ્યા હોય, તે જરા દબાવ્યા હોય તો તેને ઢોંગી લુચ્ચો કહી દઈએ છીએ. જમાઈ હોય તો 'બે દહાડા જમી જજો પણ પૈસા બેસાની વાત ન કરશો.' વિચારશો તો શાસ્ત્ર આને અનર્થની જડ કહે છે. રાગી દોષને દેખતા નથી. તમને પૈસા તરફ એવી વિચિત્ર રાગ દૃષ્ટિ થએલી છે. કે પૈસા માટે મા સાથે બાપ સાથે બાયડી સાથે લડવા અને દરીયામાં ડુબકી ખાવા તૈયાર છો. આટલી રાગ દૃષ્ટિ જેને પૈસા ઉપર છે, એ મનુષ્યને પૈસા અનર્થનું મૂળ છે. એ કેમ ધ્યાનમાં આવે? न पश्यति रागी दोषान्. જે પૈસાને પરમેશ્વર તરીકે માનનારા છે તેણે દેરાના પરમેશ્વરને આઘા મુકયા છે. અંતઃકરણના પરમેશ્વરને કંઈ પણ બાધ આવે એ ન પાલવે. એ વખતે દેરાના પરમેશ્વર પર પ્રીતિ રહે છે.? કયા પરમેશ્વર પર પ્રીતિ રહે છે? અહિં સમ્યકત્વનું સ્વરૂપ વિચારો સાર અને અસારના મુકાબલામાં સારને ગ્રહણ કરો. અહિં શ્રદ્ધાની ખબર પડે, જેના ઘરમાં ચોરો પોટલા બાંધે છે., છતાં જેનું એકપણ રૂંવાડું ઉંચું થતું નથી. આ ધારણાઓ

દેતાં અંતરાય કર્યો હશે જેથી હું ચિત્ત વિત્ત અને પાત્રનો સંયોગ હોવા છતાં દાન આપી ન શકી. સાસુ સસરો શું કહેશે, એની બીક નથી શું આ સુલસા જંગલી રીંછણી હતી એમ તો નહીંને? એને બધું કુટુંબ હતું. પરીવાર હતો, દાનની તક મળી છતા નિષ્ફળ કેમ ગઈ. ત્રીજો લાવે છે. તે પણ ફોડી નાખે છે. ચોથો સીસો નથી. મેં નીકાચિત દાનાંતરાય બાંધેલું છે કારણકે સંપૂર્ણ સામગ્રી છતાં સંપૂર્ણ પાત્ર છતાં મારાથી આ દાન ન બન્યુ. મારા દાનાંતરાયનું કેટલું ગાઢ અંતરાય, આ સાધુ નિર્ભાગી નહિ નિર્ભાગી હું, એને મળશે નહી તો અશાતા વેદીને નિર્જરા કરશે. પણ મારી શી વલે? મને તો જે લાભ મળવાનો હતો તે ન મળ્યો. આ દૃષ્ટિએ વિચાર કરે ત્યારે સમ્યક્ત્વનો થાંભલો ગણાય, મહાવીરે સુલસાને આવી દૃઢ હતી તેથીજ ધર્મલાભ કહેવડાવ્યો હતો. આપણને વગર આંબે કેરીઓ જોઈએ છીએ. કારતક મહીને કણબી ડાહ્યો શું કામનો? જેઠ મહીને જે જોર ન દે, એ કારતક મહીને ડાહ્યો થઈને શું કરવાનો? જેઠ મહીને જોર કરવું નથી. અને કારતક મહીને ગાડા લઈને જવું છે, ધન્નાશાલિની ઋદ્ધિ હોજો લખો છો શી રીતે? સહી આગળ ૫૦૦૦૦ હજારનો પરિગ્રહ છે અને ધન્નાશાલિની ઋદ્ધિ હોજો કહો શું આનો અર્થ? આપણે નિયમને પણ ધ્યાનમાં રાખ્યા વગર મોઢું ફાડીને બેઠા છીએ ધન્નાશાલિ માફક દાનની પરિણતિ હોજો એવું લખ્યું, સાધુની ભક્તિ હોજો, દાનની પરિણતિ હોજો, સ્થૂલિભદ્રજીનું શિયળ હોજો, જંબુસ્વામીજી જેવી શિયળની દૃઢતા હોજો એવું કોઈ દીવસ દીવાળીના ચોપડામાં લખ્યું? ગૌતમ સ્વામિની લબ્ધિ હોજો, અભય કુમાં-

રની બુદ્ધિ [illegible] નિર્ણય [illegible] માટે
તૈયાર નથી. [illegible] વગરની કેરીઓ [illegible] હોય.
આંચળ વગરની ગાય દોહવાને બેસવાની, [illegible] નહી.
આપણે ફળને માટે મોઢું ફાડીએ. પણ એના કારણો માટે
બીલકુલ તૈયાર નથી, તમો તો ઝાડ વગરની કેરીઓ ખાવા-
વાળા છો પણ ધ્યાન રાખજો કે તે દાંત તોડી નાખશે.
સુલસાનું દ્રષ્ટાંત દેવાવાળાએ ભાવ ઉપર વિચારવું અને
સંસ્કારો ઉપર ધ્યાન પહોંચાડવું, જો ધ્યાન પહોંચાડો તો
ઘરનો પરમેશ્વર હંમેશાં મોટો નહિ બની જાય.

જેમાં જ્ઞાનની ન્યૂનતા હોય. કારણોની અનિ-
શ્ચિતતા હોય ત્યાં વિચાર કરવો પડે. કેવળીને કારણોની
સંદિગ્ધતા નથી, તેથી તેમને વિચારની જરૂરત નથી, જ્યાં
સુધી છદ્મસ્થતા રહેલી છે. ત્યાં સુધી ક્રિયાનો નિશ્ચય નથી,
ફળનો નિશ્ચય નથી, એટલે વિચારની જરૂર છે. બે પ્રકારના
વિચાર, જડ વિચાર અને જીવ વિચાર, જડ વિચાર ક્યાં
સુધી અને જીવ વિચાર ક્યાં સુધી. છટ્ઠું ગુણઠાણું પ્રાપ્ત થાય.
ત્યાંથી કેવળ જીવ વિચાર, જડના વિચારની સત્તા ક્યાં સુધી,
જ્યાં સુધી છટ્ઠું ગુણગણું ન બને ત્યાં સુધી. છઠ્ઠા ગુણ-
ઠાણા સુધી પાપની નિવૃત્તિ કેવી રીતે માને તો નિર્વાહ થાય
ત્યાં સુધી પાપ ન કરે પણ નિર્વાહ બંધ થાય તો પાપ કરવામાં
પાછો પડતો નથી. સમકિતિ થવાનું ઘણું ગમે છે. દુનિયા સારા
શબ્દોની ઇચ્છાવાળી છે, શાહુકારી બધાને ગમે છે, પણ શાહુકારી
રાખવી નથી ગમતી, મોઢે બોલવી અને દાખવવી એતો બધાને
ગમે છે, ચોર પણ ચોરપણે જાહેર થવા માગતો નથી. માર્ગમાં

આવવાવાળાને સમ્યક્ત્વ જ ગમે છે. કોઈપણ જીવ મિથ્યાત્વી
રહેવા માગતો નથી, તમામ સમકિતિ બનવા તૈયાર છે. વિચાર
કરવો જોઈએ કે સમકિતપણું ક્યાં છે, યાદ રાખજો કે અનંતી
વખત આપણે સમકિતપણાની કરણી કરી છે તીર્થંકર ભગ-
વાનની પૂજા મોટા આડંબરોથી કરી છે, મંદીરો હજારો
લાખો વખત બંધાવ્યાં છે મંદીરોની સંભાળો હજારો લાખો
વખત કરી છે મૂર્તિઓ પણ ભરાવી છે આ બધું કર્યું ગુરૂને અંગે
હજારો દીક્ષાઓ અપાવી, હજારો ગંહુલસવ કર્યા। હજારો
દીક્ષિતોની કરણીમાં મદદગાર થયા પૌષધ સમાયિક પ્રભાવના
અનંતીવાર કરી. સાધુપણું આરંભ સમારંભ છોડીને
કુટુંબો કકળતા છતાં અનંતીવાર આપણે લીધું. કોઈપણ
કાળે રોકકળાટ થયા વગર દીક્ષા થઈ નથી. જે દીક્ષા લે અને
કુટુંબ છોડે તેને તે ગમ્યું હોય પણ દુનિયામાં રહ્યા હોય તેને
ક્યાંથી ગમે? તમે તમારા ફાયદા માટે કરો પણ તેના સ્વાર્થમાં
ધોકો પહોંચે, તે તેમને ક્યાંથી સારૂં લાગે? એનો એમજ
સમજે કે એક મરી જાય. અને એક દીક્ષા લે એમાંથી
ઘરમાં ફરક કયો? લેનારને ભલે ફરક હોય પરંતુ કુંટુંબને
કયો ફરક? કુટુંબવાળાને બન્ને સરખા. કામકાજ રોજગાર
વેપાર વિગેરેમા કુટુંબને ફરક શું? કશો નહી. દીક્ષા લેવાવાળો
એને કામ લાગવાનો નથી. મારા કુંટુંબમાંથી કોઇ દીક્ષિત થયું
નથી એવો વિચાર કોઇ દિવસ આવે છે, ધર્મિષ્ટ કલેશ
નહી કરે પણ દુર બેસી રહેશે. અનંતીવાર કુંટુંબના મરણથી
શોક કરીએ છીએ તેવીરીતે કુટુંબનો કોઈપણ દીક્ષા લે ત્યારે
શોકજ કરે છે. છોકરો દીક્ષા લેવાનો સાંભળો ત્યારે છાની
અને મોઢું બરોબર અવલોકો, ભલે કશું ન બોલો; અંતઃ

માટે શું [illegible] આ દશા બાળકની છે. આપણે આ[illegible] સ્વરૂપે માન્યો નથી. જાણ્યો નથી, અને તેના તરફ ઉદ્યમ કર્યો નથી, તેની વાત આવે તો ન ગમે, નાનાં છોકરાંને મોટા ઝવેરીના ચોપડા વગેરે ન ગમે. તેને તો કાચનો કટકો પેટીમાં પડે એટલે તે દોડ ગજ કૂદે, જે પર (જડ)માં રમી રહ્યા, સ્વ. (આત્મા)ને માન્યો નહિ, જાણ્યો નહિ તેના ઉપર લક્ષ્ય દીધું નહિ, નાના છોકરાને મન ઝવેરાતનો વેપાર છોડવા લાયક. તેને ઝવેરીની દુકાને બેસવું પડે, ચવના હિસાબ જાણવા પડે તો મોત જેવું લાગે. તેમ આપણે અનાદિથી આત્માના સ્વરૂપની વાત તરફ અરુચિવાળા, ગમે નહિ, ઊંઘ આવે, પ્રમાદ થાય, ને ભૂલી જવાય, જેમ ચવના હિસાબ છોકરો ભૂલે, પણ કાચના કટકાના હિસાબ તેના ધ્યાનમાં. મારા સાત કાચ હતા કોણે લીધા? ૬ કેમ? દાગીના ખોવાઈ જાય તેની ખોળ માબાપ કરે. છોકરાને તેનું કાંઈ નહિ, પણ કાચના કટકાની ગવેષણા પોતે કરે. જેવી રીતે એ નાના બચ્ચાની માન્યતા, સમજણ અને વર્તનમાં કાચના કટકા પર તત્ત્વ હતું, સાચા હીરાને માટે કાંઈ ન હતું, તેવી રીતે આ પણ જીવ અનાદિથી એ સ્થિતિમાં છે કે પૌદ્‌ગલિક સુખ, તેનો જ હિસાબ, અને પ્રયત્ન પણ એ જ. તે મળે તેમાં રાજી, તે જાય તેમાં નારાજી.

**આ જીવને કર્મ બંધનના કારણો મીઠાં લાગે છે.**

જીવ આત્માનું સ્વરૂપ નથી જાણવા કે માનવા તૈયાર, તેમ નથી તેના ઉપાયો મેળવવા તૈયાર આ વાત વિચારશો તો અનંતી વખત આ જીવ જિનેશ્વરના શાસનને પામ્યો, સાંભ-

જ્યું, છતાં તેની દશા એનીને એવીજ રહી. કોઇ પણ પ્રકારે જેમ નાના બચ્ચાંની દશા સાચા હીરા તરફ આવતી નથી, હીરાની વીંટી એના હાથે ઘાલી દો, સાચા માણેકથી મઢી દો પણ તેને તો તેનો ઉલટો ભાર, રસ નહિ, રસ શામાં? કાચના કટકામાં. તેમ આ જીવને દુનિયામાં કડવામાં કડવી ચીજ હોય તો ધર્મ અને મીઠામાં મીઠી ચીજ હોય તો કર્મ. કર્મબંધના કારણો મીઠામાં મીઠા. મોઢેથી શબ્દ બોલે નહિ. નાનું બચ્ચું હીરો નકામો છે તેમ બોલતો નથી, છતાં સાચો હીરો કયો તે ઓળખવા તયાર નથી. સાચા હીરા માટે પ્રયત્ન કરવા, કે મળી જાય તો રાજી થવા તૈયાર નથી, પણ કાચના કટકાને ઓળખવા અને મેળવવા તૈયાર. મળે તો કૂદવા અને જાય તો રોવા તૈયાર. આ જીવ પૌદ્ગલિક પદાર્થોને સુખના સાધનો માનવા તૈયાર થયો છે, સુખ માનવા તૈયાર છે. હીરો શબ્દ નાનો બાળક કાચના કટકામાં લગાડે છે, તેમ આ જીવ સુખ પૌદ્ગલિક વસ્તુમાં લગાડવા તૈયાર છે. આત્માના સ્વરૂપમાં સુખ શબ્દ લગાડવા તૈયાર નથી.

## નાનું છોકરૂં હીરાની કિંમત કાચથી કરે

સિદ્ધમાં શું? ખાવું નહિ, પીવું નહિ અને ઓઢવું નહિ સિદ્ધની તુલના લુગડાંથી કરી, નાનું છોકરૂં હીરાની કિંમત કાચથી કરે. કાચના કટકાના હિસાબમાં સાચો હીરો હોય તો લેવા તૈયાર પણ કઇ બુદ્ધિ છે? તુલના કાચના કટકાની સાથે. સિદ્ધિનું સુખ, સિદ્ધપણું અને સિદ્ધની સ્થિતિ માનવા તૈયાર હીએ, પણ પૌદ્ગલિક સુખની તુલનાએ. ત્યાં ખાવા-પીવાનું નહિ એ સવાલ ક્યારે થાય? નાનો છોકરો

કાચમાં પાંચ રંગ દેખે, હીરામાં પાંચ રંગ દેખાય નહિ ત્યારે કહે, આને શું કરે ? આમાં પાંચ રંગ દેખાતા નથી. બિચારા એ અજ્ઞાન બાળક પાંચ રંગના દેખાવ પર સાચા હીરાની કિંમત કરવા જાય. તેથી જેમ તે જરૂર સાચા હીરાને લેનારો થઇ શકે નહિ. તેમ આ જીવ સિદ્ધિની સ્થિતિ કે સુખ પૌદ્ગલિક સુખની અપેક્ષાએ તપાસે. ખાવાપીવાનું મળતું હોય કે હરવાફરવાનું મળે તો સિદ્ધપણું જોઇએ. આમ સિદ્ધિ લેવા જાય તો બાળક જેમ પાંચ રંગના હિસાબે સાચા હીરાને લઇ શકે નહિ તેમ તે સિદ્ધિ લઇ શકે નહિ પણ ઠગાય. પુદ્ગલને જીવન માન્યું તે અપેક્ષાએ તુલના કરવા જાય. જેમ એકલા કાચના કટકાથી રાચેલા બાળકને સાચા હીરાની સ્વપ્નમાં પણ સવડ નથી, તેવી રીતે આત્માના શુદ્ધ સ્વરૂપને અનાદિથી રખડયા છતાં સ્વપ્ને પણ સંભાર્યું નહિ તેથી અનાદિથી આ જીવ મિથ્યાત્વમોહનીયમાં મશગુલ છે.

## આત્માની ઓળખાણ કયારે આવે ?

નાનું બચ્ચું સાચા હીરાને પામે કયાં ? તેમ આ જીવ આત્માનું સ્વરૂપ સમજે કયાં ? સ્થિતિ સુખ સમજે કયાં ? ઝવેરીનો હિસાબ એ પણ જકડી નાંખે ત્યારે આવડે. એ હિસાબો સહેજે નથી આવડતા. આત્માની ઓળખાણ આંતરડાં ઊંચા લાવો ત્યારે આવે. સાચો મોટો ઝવેરાતનો વેપારી કાચના ટુકડાના પ્રયત્નને કઈ સ્થિતિએ દેખે? બચ્ચાંની ભરેલી આખી પેટી છે. તો પણ સાચા હીરાના જાણકારને તેની કિંમત કેટલી ? જેને આત્માનું સુખ ખ્યાલમાં આવ્યું તેને મન ચક્રવર્તી પણ કાચના કટકાથી પેટી ભરનારા બાળકજ છે.

## વાર્યા કે હાર્યા રહે નહિ

આવી દશા જગતના જીવોની દેખવામાં આવે તે વખત ગણધરનું અંતઃકરણ શું કરે? અનંતા વાર્યા નહિ રહેવાના, હાર્યા તો રહ્યા જ નથી. નાનાં બચ્ચાંને હીરાને કાચ માનતો હાર્યો રહેતો દેખશો? સિતારો પાધરો હોય ને સમજણ પડે તો રહે, બાકી નાનો છોકરો કાચના કટકાથી હાર્યો કે વાર્યો રહેવાનો નથી. આ જીવ પૌદ્ગલિક પદાર્થોને સુખના સાધનો માનતો હાર્યો રહ્યો નહિ અને વાર્યો પણ રહે તેમ નથી. પૌદ્ગલિક પદાર્થોના સુખને લીધે હાર્યો રહ્યો હોય તો અનંતી વખત નિગોદમાં ગયો હતો ત્યાંથી તો ચેતી જાત, જેમ નાનાં બચ્ચાં કાચના કટકાને હીરા માનતા હાર્યા રહેતા નથી, તેમ જીવ પૌદ્ગલિકપદાર્થને સુખસાધન માનતો હાર્યો રહેતો નથી. હાર્યો ત્યારે હડકાયો થાય છે. વારે ત્યારે વલખાં મારે છે, હવે એને સુધારવાનો રસ્તો કયો? પૌદ્ગલિક ચીજ નાશ પામી તો ઓ બાપરે! મારું આમ થયું! બોલી હડકાયો થયો. અરે મહાનુભાવ! તારું કાંઇ નથી. એ જડ, તું ચેતન. તારે ને એને સંબંધ શો કે જેથી વલખાં મારે છે! હવે સુધરે કયારે? કાચનો હીરો તૂટી જાય તો નાનું બચ્ચું પોક મેલે. માબાપ ખસેડી લે તો રીસાઇ જાય. તે હાર્યો, વાર્યો રહેતો નથી. તેમ આ જીવ અનાદિથી પુદ્ગલને સુખ માની બેઠો તેને લીધે નથી હાર્યો રહેતો કે વાર્યો રહેતો. રહેવાનો રસ્તો એક જ—સમજણ. સમજણ થાય તો કાચના કટકામાં વારે કે હારે તો એ રહે. જે કાચના કટકા માટે રીસાતો કે કલેશ કરતો હતો, તે જ છોકરો સમજે તે વખત પોતાની પેટી પોતે ખાલી કરી ફેંકી

દે છે. તેમ આ જીવ આત્માનું સ્વરૂપ, સુખ, સ્વાભાવિક દશા સમજે તે વખતે ચૌદ રાજલોકનું ઇંદ્રપણું મળ્યું હોય તો તે બધું ફેંકવાલાયક ગણે. પૈસા બદલે પેશાવર જઇએ, તો ચક્રવર્તીએ છ ખંડ, નવ નિધાન, ચૌદ રત્ન કેમ છોડયાં હશે? એક લાખ બાણું હજાર સ્ત્રી છોડે તે સમજુ બનીને, શાણા બનેલાએ ફેંકેલા હીરા બીજા અણસમજુ તો લૂંટની મિલ્કત જાણે. કાચના કટકાથી પેટી ભરનારા ચક્રવર્તી સરખા છ ખંડ વગેરે છોડે તે વખત બીજાને આશ્ચર્ય લાગે. કોને? જે પુદ્ગલના પરોણા થઇને પોષાતા હોય તેને, પણ આત્મારામના અતિથિઓને તો સ્વાભાવિક લાગે નાનો છોકરો નાના કાચથી ભરેલી પેટી લેઇ ખુશ થાય, પણ ઝવેરીને કાંઇ નહિ. આત્મારામના અતિથિને તો ચક્રવર્તી છ ખંડ વગેરે છોડે કે ઋદ્ધિ-સમૃદ્ધિ છોડી દે તેનું કાંઇ નહિ. ત્યારે માલમ પડશે કે આ જીવ કાચના કટકામાં કેટલો કાળ અટવાયો? બધો કાળ, અનંતા પુદ્ગલપરાવર્ત્ત. આ કાળ કાચના કટકાની કેળવણીમાં કાઢયો, આ દશા ગણધરના દેખવામાં સમજવામાં આવી, દયા ઉત્પન્ન થઈ. કાચના કટકાને હીરો માનનારો હાયો, વાર્યો, ન રહે પુદ્ગલની બાજી કાચના કટકાને હીરા બનાવીને બેઠી છે. નાનું બચ્યું હાર્યું, વર્યું ન બેસે. તેમ આ જીવ શુદ્ધ માર્ગમાં ન આવ્યો ત્યાં સુધી પૌદ્ગલિક વૃદ્ધિમાં હર્ષઘેલો, હાનિમાં હડકાયો થાય. કાચના કટકાનો કચરો સમજણથીજ સરકાવાય, તેમ અહીં પણ જીવ પૌદ્ગલિક પદાર્થોને સુખરૂપ, સાધનરૂપ માની બેઠા છે તે હાયો કે ...ાર્યો રસ્તે આવે તેમ નથી. સમજણમાં આવે તો સર ...

દે છે, એક એકને ઉંચાનીચા ગણે નહિ. એ કાચના કટકાની કિંમત ન હોવાથી આખી પેટી કે અર્ધી પેટી છોડે તેની કિંમત નથી. સમજણો થયો ને છોડે તેની કિંમત. સાચું સ્વરૂપ સમજવામાં આવ્યું ત્યાં કાચના કટકા કેટલા છોડયા તેની કિંમત નહિ. સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તે વખતે ચક્રવર્તી, શ્રીમંત, માંડલિક હતો તેની કિંમત રહેતી નથી. કાચના કેટલા કટકા છોડયા તેની સમજુપણા વખતે કિંમત નથી. તેમ સમ્યક્ત્વ–સામાયિક આવે ત્યાં ચક્રવર્તી કે દરિદ્રી બધા સર્વ સાવદ્યના ત્યાગી હોય તેમાં કોઇ જાતનો ફરક નથી. કારણ? અજ્ઞાન દશામાં વધારે ટાંટિયા ભાંગ્યા. તેવી રીતે અહીં સમતાભાવમાં જીવ આવે તે વખત લાગે કે આ તો બધા કાંટા વધાર્યા હતા. કોઇ પડે એક કાંટા પર, કોઇ પડે આખી ડાખળી ઉપર, કોઇ પડે આખા ભારા ઉપર. આ પૌદ્ગલિક પદાર્થોની જે અધિક સંખ્યા તે તેનો ભારો. આ તો કાંટાનો ઉપાડો, ભારો છે. શાસ્ત્રકારોએ નિષેધ કરેલો છતાં પણ કેટલાક સાધુને એ ઉપાડાનો સજ્જડ ડર લાગે કે તેને લીધે નિયાણું કરનારા થાય કે આવતે ભવે મને ઋદ્ધિ સિદ્ધિ કે કુટુંબકબીલો ન મળજો.

## એવું નિયાણું કરનાર ચારિત્ર પામે પણ કેવળજ્ઞાન ન પામે.

નિયાણું કરવાનો નિષેધ કેમ? જીવતો જાઉં છું પણ સામો મનુષ્ય ન આવજો એમ શૂરવીર ન બોલે. રૂસોજાપાનીઝ વોરની વખતે રશિયન સ્ટીમર તળિએ પહોંચી ગઇ. જર્મન ચાન્સેલરને કહેવડાવ્યું, કાઢો બહાર! રશિયન સ્ટી-

# ૧૫

# મમતા

[ બધા અનર્થનું કારણ મમતા છે. વસ્તુ નથી. પોતાનો છોકરો બીજાને દત્તક આપીએ એટલે તેમાંથી મારાપણું છૂટયું. છોકરો અને છોકરી બન્ને પોતાના સંતાન છતાં છોકરી માટે માન્યું કે પારકા ઘરની એટલે તેને લાગભાગ ન હોય. આ દુનિયાના બધા અનર્થો મમતાને લઈને છે. ]

શાસ્ત્રકાર મહારાજા કહે છે બધા અનર્થનું મૂળ કારણ પદાર્થ નહિ પણ મમતા છે.

દરિદ્રીને રાત્રે અંધારામાં કોઈ રાજા કે અમીર ક્રોડની મીલકતનું કહીને ખોટું કાગળીયું આપે તો અજવાળામાં સવારે ન જુએ, ખોટું ન જાણે, ત્યાં સુધી તેને કેટલો આનંદ થાય છે? નથી ક્રોડ હાથમાં આવ્યા, તેમજ વાસ્તવિક રીતે નથી મળવાના છતાં પણ તે વખતે તો 'મને ક્રોડ મળ્યા' આવા મમત્વભાવથી સુખ અને આનંદ વેદે છે. અનુભવે છે. કોટિધ્વજને કોઈ ખોટી ખબર આપે કે રાજાએ તમારી લાખોની મિલ્કત લુંટી લીધી! ભલે ન લુંટી હોય, પણ તે કોટિધ્વજના હૃદયને કેટલો આઘાત થાય છે? આ આઘાત થવાનું કારણ પણ દ્રવ્ય તરફનો મમત્વભાવ છે. બલદેવના મરણની ખોટી ખબર સાંભળી વાસુદેવના પ્રાણ કેમ ચાલ્યા જાય? જો વસ્તુના નાશને અંગેજ પ્રાણ જતા હોય તો

. મરણના સમાચાર ખોટા હોવાથી પ્રાણ જવા ન

તેમ અહી સામાયિકવાળો આત્મા પંડના પરાક્રમવાળો હોય, તેથી ચાહે તેટલુ, સૈન્ય આવે તેનો પરાભવ કરવા સમર્થ છે. નિયાણાનો નિષેધ કર્યો, છતાં કેટલાક સાધુઓ આ સંસારથી ત્રાસ પામી ગયા હોય કે મારે મારા માર્ગે જવું તેમાં આ માથાકૂટ શી? માટે આ માથાકૂટ આવને ભવે જોઈએ નહિ. આવું નિયાણું કરનાર ચારિત્ર પામે, પણ કેવળજ્ઞાન ન પામે. સામાયિકરૂપી ચક્રરત્નનો ભરોસો ન રહ્યો તેથી કેવળજ્ઞાન ન પામે. વધારે કાચ ભેગા કરનારો સમજે ત્યારે વધારે દુઃખી થાય. તેમ આ જીવ તત્ત્વનું સ્વરૂપ સમજે, આત્માનું અવ્યાબાધ સુખ પામવાની લાયકાત સમજે ત્યારે પ્રપંચો કર્યા હોય તેને અંગે રોવું આવે 'तस्स भंते पडिक्कमामि० अप्पाणं वोसिरामि' એ તો કાચને હીરારૂપે ગણ્યા હતા તેનો કકળાટ કઢાય છે. જેમ સમજુ થયેલાને પહેલાંની દશા શરમાવનાર થાય તેમ સામાયિકમાં ચઢેલો આત્મા, સમ્યક્ત્વના સૌધના શિખરે ચઢેલો આત્મા પૌદ્‌ગલિક સુખને અંગે આંસુ ઢાળે. સમજણમાં આવે ત્યારે માન્યતા સુધરે. સાચા પદાર્થો સમજે તો જ મહેનત કરે. સાચા પદાર્થો જણાવવા, મનાવવા બધામાં સમજણ રસ્તો છે. એ વાત ધ્યાનમાં લઈ સુધર્માસ્વામીજી પ્રતિબોધ પામ્યા, પ્રવ્રજ્યા લીધી તે વખત આ જગતને સમજુ કેમ બનાવું એમ થયું.

આત્માનું સ્વરૂપ સમજાય તો આપોઆપ સાચી માન્યતા આવે અને તે આવે એટલે એની મેળે પુદ્‌ગલ સુખ ઉપરથી રાગ ઉતરે અને કલ્યાણ થાય.

---

# ૧૫

# મમતા

[ બધા અનર્થનું કારણ મમતા છે. વસ્તુ નથી. પોતાનો છોકરો બીજાને દત્તક આપીએ એટલે તેમાંથી મારાપણું છૂટયું. છોકરો અને છોકરી બન્ને પોતાના સંતાન છતાં છોકરી માટે માન્યું કે પારકા ઘરની એટલે તેને ભાગભાગ ન હોય. આ દુનિયાના બધા અનર્થો મમતાને લઈને છે. ]

શાસ્ત્રકાર મહારાજા કહે છે બધા અનર્થનું મૂળ કારણ પદાર્થ નહિ પણ મમતા છે.

દરિદ્રીને રાત્રે અંધારામાં કોઈ રાજા કે અમીર ક્રોડની મીલકતનું કહીને ખોટું કાગળીયું આપે તો અજવાળામાં સવારે ન જુએ, ખોટું ન જાણે, ત્યાં સુધી તેને કેટલો આનંદ થાય છે? નથી ક્રોડ હાથમાં આવ્યા, તેમજ વાસ્તવિક રીતે નથી મળવાના છતાં પણ તે વખતે તો 'મને ક્રોડ મળ્યા' આવા મમત્વભાવથી સુખ અને આનંદ વેદે છે. અનુભવે છે. ક્રોટિધ્વજને કોઈ ખોટી ખબર આપે કે રાજાએ તમારી લાખોની મિલકત લુંટી લીધી! ભલે ન લુંટી હોય, પણ તે કોટિધ્વજના હૃદયને કેટલો આઘાત થાય છે? આ આઘાત થવાનું કારણ પણ દ્રવ્ય તરફનો મમત્વભાવ છે. બલદેવના મરણની ખોટી ખબર સાંભળી વાસુદેવના પ્રાણ કેમ ચાલ્યા જાય? જો વસ્તુના નાશને અંગેજ પ્રાણ જતા હોય તો બલદેવના મરણના સમાચાર ખોટા હોવાથી પ્રાણ જવા ન

જોઇએ. ત્યારે કહો કે વાસુદેવના પ્રાણનો નાશ પણ બલદેવ પ્રત્યેના મમત્વને આભારી થાય. વસ્તુ મળવાના જુઠા સંકલ્પથી પણ આનંદ તથા જવાના જુઠા સમાચારથી પણ શોક એ કેવળ મમત્વભાવને લઇનેજ થાય છે. એક ક્રોડની મિલ્કતનું મકાન વેચનારે વેચ્યું, લેનારે લીધું. બીજે દિવસે તે મકાનનો નાશ થયો: આગથી અગર અન્ય આફતથી મકાન જમીનદોસ્ત થયું. વેચનારને પારાવાર આનંદ, લેનારને શોકની પરાકાષ્ટા! કારણ? મમતા! મમતા!! મમતા!!! પહેલે દિવસે તેમ થયું હોત તો વેચનારને શોક હતો, કેમકે તે બોલત કે વેચવા વખત ન આવ્યો, લેનારને આનંદ હતો કે મિલ્કત નથી વસાવી તે સારૂં કર્યું બચી ગયા. બીજે દિવસે ઉલ્ટોજ મામલો! આ પલ્ટો કોણે કરાવ્યો? મ્હારાપણાના ભાવે! મમતાએ!! ત્યારે એ સિદ્ધ થાય છે કે વસ્તુના નાશનો શોક કોઇને નથી: જે શોક કે ખેદ છે તે "અમારૂં ગયું, મારી ચીજનો નાશ થયો." આ ભાવનાને અંગે છે. જ્યાં મ્હારાપણાની સ્થાપના ત્યાં આનંદ, મ્હારાપણાનો નાશ ત્યાં આઘાત! આથી મમતાભાવ એજ મારનારો પદાર્થ છે, માટે મમત્વભાવનો, મ્હારાપણાનો નાશ કરવો જોઇએ.

## શોક વસ્તુના નાશને લીધે નથી થતો, પણ તેને અંગે થયેલા પોતાપણાના નાશને લીધે થાય છે

એક રાજા હતો. તેની ઉંમર સાઠ વર્ષની થઇ. અચાનક તેનો એકનો એક પચીશ વર્ષનો કુંવર સંતાન વગરનો મરી ગયો. રાજ્યનો વારસ કુંવર ગયો, તથા સંતાન વગ-

[illegible]

[illegible]

નહિં. મહાત્માઓ કોઈના સેવક નથી, સ્વામી છે, એટલે તેઓજ સત્ય ઉપદેશથી દુનિયાનો શોક નિવારણ કરી શકે. 'રાજા એટલે ભવાટવીમાં ભમતો ભૂત! એને ઠેકાણે લાવવા માંત્રિક જેવા મુનિનીજ જરૂર છે,' આમ વિચારી નગરની પાસે ઉદ્યાનમાં બિરાજમાન ગુરૂ પાસે રાજાને પ્રધાન લઈ ગયો. ગુરૂમહારાજે રાજાને સંસારની અનિત્યતા સમજાવી. મોટે ભાગે મોહાંધને ઉપદેશ વ્યર્થ નીવડે છે છતાં ગુરુ મહારાજે ઉપદેશ આપવા માંડયો.

"મહાનુભાવ! સંસાર અનિત્ય છે. કોઈ ઝવેરી હીરો ખરીદવામાં ઠગાય અને કાચના ટુકડાને હીરો માની લઈ લે, કરોડ રૂપીઆ આપી દે. એ હીરો સાચવવા ત્રીજોરી વસાવે, આરબો રાખે, પણ જ્યારે માલૂમ પડે કે એ તો કાચનો ટુકડો છે ત્યારે કઈ દશા? ક્રોડ ગયા, હીરાને બદલે કાચ મળ્યો અને જો જાહેરમાં રૂએ તો બેવકૂફ બને! એની હાલત તો કોઠીમાં મ્હોં રાખીને રોવાનીજ થાયને! કેમકે ભૂલ કાચની નથી. પોતાની છે. કાચના ટુકડાને વિશ્વાસઘાતી ન કહેવાય. રાજન્! તેમ ત્હેં પણ કાચના ટુકડાને હીરો માનવાની ભૂલ કરી હતી. આશ્ચર્ય છે કે જગત્‌ના જીવો પોતાની ભૂલને રોતા નથી, પોતાના મિથ્યામતને રોતા નથી અને કાચનો કકળાટ કરે છે! પ્રથમ તો હીરાની બુદ્ધિએ કાચ હાથમાં લીધો તે મૂર્ખાઇ! અને પછી રોવા બેઠો તે બીજી મૂર્ખાઈ!! આવી મૂર્ખાઈઓ પોતે કરવી અને ઉપરથી પાણીમાં બાચકાં ભરવાં!!! એથી હાથમાં શું આવે? જગત્‌ના તમામ પદાર્થો કાચ જેવા અસાર અને ક્ષણભંગુર છે, મૂર્ખ એવો ઝવેરી

હીરાની બુદ્ધિએ કાચ લેવાની ભૂલ કરે, પછી કાચ તે કાચ તરીકે માલૂમ પડે ત્યારે માથું ફોડે, અરે! રાતું કાઢે. તેથી કાચ કાંઇ કાચ મટી હીરા થઇ જાય ખરો? એજ રીતે કાચ જેવી સંસારની માયાને હીરો ગણવામાં આવે તેથી તે કાચ જેવી માયા હીરા રૂપ શી રીતે બને? રાજન્! ત્હેં કુંવરને ત્હારો માનવામાં ભૂલ કરી છે. ત્હારા બોલાવવાથી એ આવ્યો નહોતો. તેમજ ત્હેં કાંઇ એને જવાનું કહ્યુ નથી! આયુષ્યાનુસાર જીવન ભોગવી, લેણદેણનો હિસાબ પતીજતાં એને જવું પડયું! ત્હારો હોત તો જાત શા માટે? અફસોસ વ્યર્થ છે. દુનિયા અજબ છે, જાગતા ભૂતરે એનો ઉપાય નથી. દુનિયાનો વ્યવહાર પણ તેવોજ છે. કોઇ મરી જાય ત્યારે પાડોશીઓ પ્રથમ સાથે રોવા માંડે છે અને પછી હાથ પકડી છાના રાખવાનું કામ પણ તેઓજ કરે છે છાના રાખનારા પણ પોતાને ઘેર પ્રસંગ આવે ત્યારે રોકકળ કર્યા વિના નથીજ રહેતા બીજાને છાના રાખવાનું સમજાવનારાની સમજણ તે વખતે કયાં જાય છે? જો જાણે છે તો પોતાના ઘેર પ્રસંગ આવ્યો ત્યારે ભેંકડો કેમ તાણે છે? પોક કેમ મૂકે છે? રોનારી તથા કૂટનારીઓ બીજાના ઘેર ઉપદેશ આપે છે કે "કોણ અમરપટો લખાવી લાવ્યું છે? કર્મ પાસે કોનું ચાલે છે? જમ આગળ કોઇનું જોર નથી." પણ એમ બોલનારીને ત્યાં એટલે પોતાને ત્યા પ્રસંગ આવે છે ત્યારે છાજીયાં લે છે અને રોજીયાં ગાય છે. તેનું શું કારણ? ઉંઘતો ભૂતરે તેનાથી પથારીને બચાવવાનો ઉપાય છે, પણ જાગતાં ભૂતરે ત્યાં શું થાય? એજરીતે દુનિયાદારીથી રંગાયેલઓ જાણીને આત્માને ઑલામાં નાંખે છે. આવી અજબ દુનિયાદારી છે

અજબ દુનિયાની ગજબ ભરેલી માયાથી રાજન્! ત્હારા આત્માને બચાવી લે! તારે તો એક કુંવર ગયો છે. પણ સગરચક્રવર્તીને સાઠ હજાર કુંવર–(પુત્રો) એકીસાથે મરણ પામ્યા હતા, ત્યાં છ ખંડના માલીકનું પણ શું ચાલ્યું? રાજન્! દુનિયા તરફ જોયે પત્તો લાગે તેમ નથી. કોઇને સ્હેજે વૈરાગ્યનું મન થાય તો દુનિયા તો તરત તેને દુઃખગર્ભિત વૈરાગ્ય કહી દે છે. એવું કહેનારા પોતે વૈરાગ્યનું સ્વરૂપ તો સમજતા નથી. કલાઇને ચાંદી કહેનારા તો છોકરાઓ મળશે, પણ ચાંદીને કલાઇ કહેવાની ભૂલ કરનારો તો છોકરોય મળવો મુશ્કેલ છે. જ્યારે ઉત્તમ એવા વૈરાગ્યને પણ "દુઃખગર્ભિત" કહી હલકી કોટિમાં મૂકી દે છે. હલકાને ઉત્તમ કહેવાની વાતો દૂર રહોઃ ઉત્તમ પદાર્થને હલકો કહી દે છે! સંસારમાં કોઇ ધનવગરનો દીક્ષિત થાય એટલે તરત "દુઃખગર્ભિત વૈરાગ્ય"ની છાપ આપે! દુનિયામાં પોણીસોળ આની દશા હોય કે તરત જૂઠી છાપ! જૂઠી છાપ મારનારને સરકાર કેવો ગણે? તો સર્વજ્ઞના તત્ત્વોમાં જૂઠી છાપ લગાવનારની શી વલે? દુઃખગર્ભિત વૈરાગ્ય કોનું નામ? ધણી મરી જાય ત્યારે તેના શોકને લીધે ઘરેણાં ગાંઠાં કે સારાં વસ્ત્રો પહેરવાનો ત્યાગ થાય, શરીરની શોભા ન કરાય, એનું નામ દુઃખગર્ભિત વૈરાગ્ય! શોકને લીધે કે દુન્યવી દુઃખના લીધે, ઘરમાં વહુ, બેટી કે બ્હેન રાંડેલી હોય તેથી જમણમાં ન જવાય તથા આનંદ પ્રસંગોમાં ભાગ ન લેવાય, આ તમામ દુઃખગર્ભિત વૈરાગ્યમાં સમાય છે. શોકના કારણે સાંસારિક પદાર્થો પરથી રાગ ન ઉઠયા છતાં વ્યવહારથી પ્રવૃત્તિની ઇચ્છા ઉઠી જવી, વિષયો પરથી મન હઠી જવું તે

દુઃખગર્ભિત વૈરાગ્ય. શોકને લીધે રાત દિવસ ઉચાટ રહે, વિખવાદ મટેજ નહિં, શોકનું પ્રમાણ એટલું બધું વધી જાય કે આત્મહત્યા પણ કરી નાંખે; આટલી હદે શોકના કારણોથી સંસારના પદાર્થોથી મન પાછું હઠી જાય તેનું નામ દુઃખગર્ભિત વૈરાગ્ય! દુનિયા મોહગર્ભિત વૈરાગ્ય કોને કહે છે? બાપની પછી છોકરો કે છોકરા પછી બાપ દીક્ષા લે ત્યારે જગત્ તેને મોહગર્ભિત વૈરાગ્ય કહી દે છે! જેને શ્રીજિનેશ્વરદેવનાં વચનો ધ્યાનમાં ન હોય તેજ આવું બોલે, સંસારમાં ચારે ગતિમાં હેરાનપરેશાન થવું પડે છે એવો ખ્યાલ ન હોય, કર્મક્ષય કરી શાશ્વત સુખ મેળવવા માટે મોક્ષે જવું જોઇએ, એવો વિચાર ન હોય, માત્ર લીલાને માનનાર, લીલાવાલા દેવગુરૂને માનનારા મિથ્યાત્વીઓ અને પચાગ્નિ તપ કરનારાઓનો વૈરાગ્ય તે મોહગર્ભિત વૈરાગ્ય છે. બાહુબળજીએ દીક્ષા લીધી, લડાઇમાં ન હતાવાના કારણે કે? શું તે દુઃખગર્ભિત? સાઠહજાર પુત્રો મરીગયાથી સગરચક્રવર્તીએ દીક્ષા લીધી તે માટે શું મોહગર્ભિત? રાગરહિતપણુ તે વૈરાગ્ય છે સાંસારિક દુઃખને લીધે સાંસારિક વિષયો કે પદાર્થો ઉપરથી મન ન હઠી જાય પણ દુષ્ટ દુઃખોથી હેરાન થતો રોકાય તે દુઃખગર્ભિત વૈરાગ્ય તથા મિથ્યાત્વ વાસિત એવાને જે વૈરાગ્ય તે મોહગર્ભિત વૈરાગ્ય છે. તાપસો પંચાગ્નિ તપ કરે છે તેમાં સાચી કલ્યાણબુદ્ધિ નથી માટે તે મોહગર્ભિત વૈરાગ્ય છે. ગમે તે નિમિત્ત મળતાં જે જીવને સંસાર અસાર લાગ્યો હોય અને જે મોક્ષ મેળવવા તૈયાર થયો હોય, તેનો વૈરાગ્ય તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. અભાગિને આ વૈરાગ્ય નથી. જે વૈરાગ્ય સંસારથી પાર ઉતારનાર છે તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે.

છતાં ઘરની મીલ્કતમાં પુત્રીનો હક કેટલો રાખ્યો? કેમકે ભાવના છે કે પુત્રી મ્હારી નથીઃ બીજે ઘેર જવાની છે. મારા-મારી મ્હારાપણાની ભાવનાની છે. આ બધામાં મમત્વજ કારણ છે. જેમ દુન્યવી સુખ માટે કામ પદાર્થ તથા તેના સાધનને અર્થ પદાર્થ ગણીએ છીએ, તેમ આત્માનું સુખ મોક્ષ છે અને તે મેળવવાનું સાધન ધર્મ છે. અર્થ એટલે અત્ર એકલું દ્રવ્ય નહિં, પણ વિષયનાં તમામ સાધનો તે અર્થ અને વિષય સુખ તે કામ. એજ રીતિએ શાસ્ત્રના ઉપદેશ પ્રમાણે આચરણ થાય તે ધર્મ અને તે દ્વારાએ મળતું શાશ્વત સુખનું સ્થાન તે મોક્ષ છે. અર્થ અને કામ, બે પુરૂષાર્થો લૌકિક છે. ધર્મ અને મોક્ષ બે પુરૂષાર્થો લોકોત્તર છે. લૌકિકમાં મુંઝાએલા પ્રથમ તો અર્થ તરફ ઝુકી રહ્યા છે.

અર્થના મમત્વને લીધે ગુરૂના વેષમાં આવેલાની પણ વિચિત્ર દશા થાય છે અને ભગવાનના માર્ગને ઉઠાવનારા અર્થ કરે છે. એક દૃષ્ટાંત ધ્યાનમાં લેવા જેવું છે કે કોઇક પરિગ્રહધારી ઉપદેશ દેવા પાટ ઉપર બેઠા. હાથમાં વીંટીયો અને વેઢો પ્હેરેલાં છે. ભુજાએ કડાં વગેરે પણ પ્હેરેલાં છે. હવે તેમને શ્રી ઉપદેશમાલાની दोससयमूल० એ ગાથાની વ્યાખ્યાનો પ્રસંગ આવ્યો. પરિગ્રહની મમતાને લીધે અર્થ શબ્દથી જીવાદિ પદાર્થ લઇને વ્યાખ્યા કરી.

તે સભામાં એક શ્રાવક તત્ત્વનો જાણકાર, સમજુ, ઠરેલ, વિવેકી તથા અનુભવી હતો, ભક્તિવાળો પણ હતો. તેણે તે અર્થ માનવાની ના કહી. પછી નવ્વાણું જૂદા જૂદા

અર્થો કરવામાં આવ્યા, પણ ઉપદેશમાળા ભણેલો તે શ્રાવક તે કબુલ કરતો નથી. ત્યારે રત્નાકરસૂરિ સમજી ગયા. (અહી કોઇ સોમપ્રભસૂરિ કહે છે.) શ્રાવકને કહી દીધું કે કાલે બરોબર અર્થ સમજાવીશ. સૂરિ સમજી ગયા કે આને વીંટી કડાં વગેરે ખટકે છે. પોતાના પરિગ્રહનાં કિંમતી એવા મોતી મંગાવી વટાવી ચૂરો કર્યો. જતિનું દ્રવ્ય દહેરામાં ન કલ્પે! મહાવ્રતને મલિન કરીને મેળવેલા દ્રવ્યને સંઘ પણ ન અડકે! ઘોર પાપ લાગે! બીજે દિવસે સાચા ત્યાગી બન્યા અને અર્થ જણાવ્યો કે-"પૈસા એજ અનર્થનું મૂલ છે! અર્થ એટલે દ્રવ્ય, તેમજ તેનાથી વિપરીત. એ અર્થાદિ આવે, રહે કે જાય: તો પણ મગજ ભમાવે છે માટે અનર્થનું મૂલ છે. પ્રથમ તમામ મુનિઓએ તેને તજેલો છે નરકે લઇ જનારો છે. મમ્મણ શેઠ નરકે ગયા તે આરંભ પરિગ્રહને લીધેજ. જો અર્થને રાખવા હોય તો તપ વગેરેનો આડંબર શા માટે?" નવ્વાણું અર્થને ન માનનાર શ્રાવક આ અર્થથી તરત માની ગયો.

આ અર્થ વખતે મમતા ગઇ એટલે સાચું ભાન થયું. દુનિયામાં જીવ માત્ર વસ્તુની મારામારીથી નહિ પણ મારા પણાની મારામારીથી હેરાન થાય છે અને રખડે છે. આ ભાવ મટ્યો એટલે બધી ઉપાધિ છૂટી.

# ૧૬
# સત્સંગ

[ આ જીવનમાં ક્ષણ પણ નકામી ન જવા દેવી, સત્સંગ હંમેશાં કરવો, નયસારના ભવમાં થયેલ મુનિનો સમાગમ સમક્તિનું કારણ બન્યો ધન્નાસાર્થવાહ અને ધર્મઘોષસુરિનો સંગ સાર્થવાહને સમક્તિનું નિમિત્ત બન્યો.

ધન્ના, શાલિભદ્ર કયાવન્ના શેઠ અને સુબાહુ કુમાર આ બધાના જીવનના પરાવર્તનમાં સત્સંગજ કારણ રૂપ છે.

કલ્યાણ ઇચ્છનારને સત્સંગ સદા કર્તવ્ય રૂપ છે. ]

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યપ્રાણીઓના હિત માટે જણાવે છે કે જ્યારે આત્મા નિર્મળ દશાને પામે છે ત્યારે તે આત્માને સિદ્ધિ પામવી મુશ્કેલ નથી. હવે શાસ્ત્રદૃષ્ટિમાં ઉંડા ઉતરીને વિચારીએ તો પૂ. શ્રી મહાવીર સ્વામી ભગવાને ગૌતમસ્વામીજીને એજ કહ્યું કે હે ગૌતમ! **'समयं मा पमायए'** એક સમય પણ પ્રમાદ ન કરીશ વિચાર કરો કે ખુદ શ્રી મહાવીરસ્વામી ભગવાન પણ શ્રી ગૌતમસ્વામીજી જેવાને શું કહે છે? કે સમય જેટલો કાળ પણ નકામો ન જવા દઇશ મનુષ્ય ભવ મલ્યો છે, વીતરાગનો ધર્મ પ્રાપ્ત થયો છે તો આત્માનો વિચાર નક્કી કરી ધ્યેયને સિદ્ધ કરવા કટીબદ્ધ થઇ જા તેમાં જરા પણ વિલંબ કરીશ નહિં. એક પણ ક્ષણ નકામી ન જવા દઇશ. મનુષ્ય જીવનની ક્ષણો લાખેણી છે, અને ફરી ફરી મળવી મુશ્કેલ છે. તે મનુષ્ય જીવન પામીને

જેટલું સાધી શકાય તેટલું સાધી લે, નહિતર ઘર પરણવા જાયને 'લગન વેલા ગઈ ઉંઘમાં પછી ઘણો પસ્તાય' તેના જેવું થશે. આ બધી બાબત જે જણાવી તે એટલાજ માટે કે સત્સંગ તે નકામો નથી. દેવગુરૂનું આલંબન જીવને તારનાર છે. ગમે તેવા જીવને મહાપુરૂષનો મેળાપ સત્સંગ તે જરૂર ફળદાયી છે. ધનાસાર્થવાહને જે ધર્મઘોષ સૂરિનો સંગમ સાર્થમાં થયો છે, તે સત્સંગ લાભદાયિ છે એ ધારણાથી થયો નથી, પરંતુ મુસાફરી પુરતો સંગમ છે. એવા મુસાફર રૂપે પણ થએલો મહાપુરૂષનો સત્સંગ તે જરૂર ફળને દેનાર છે ખુદ શ્રી મહાવીર ભગવાનના જીવને અંગે વિચારીએ તો પણ તેજ વાત માલમ પડશે. પ્રથમ ભવમાં નયસાર નામે ગામના તે તલાટી જેવા હતા તે કાષ્ઠ લેવા અટવીમાં ગયા છે. અને તે સ્થળે સાધુને દીઠા છે. દીઠા તે વખતે તેમના મનમાં એટલુંજ છે કે આ સાધુઓ સાર્થથી ભૂલા પડેલા છે. સાર્થ જોડે નિકળેલા હતા, સાર્થ સાથે ચાલતા હતા, તેમાં સાર્થ આગળ ગયો; અને પાછળ આ સાધુઓ રહી ગયા, તેથી રસ્તો ભુલી ગયા છે. હવે આ અટવીમાં આવી ચડયા છે, આ સાર્થના બદોંસે ભૂલા પડયા છે તે પ્રસંગ જાણીને નયસાર સાર્થને બેવકુફ કહે છે, પણ તે સાધુ મહાપુરૂષના સંબંધી તેના મનમાં કાંઇ આવતું નથી. આ સાધુઓ ઉત્તમ પુરૂષ છે, અને તેઓ મોક્ષમાર્ગના નેતા છે; તે સંબંધીનો વિચાર નયાસારને રૂંવાડે પણ નથી છતાં ત્યાં જંગલમાં પોતાની પાસે રહેલ જે ભાથુ છે તે સાધુને ગોચરીમાં વહોરાવે છે. તે વખતે એટલે દાન દેતી વખતે પણ તેઓ મોક્ષના નેતા છે, સુપાત્ર છે અને આમને દાન દેવાથી મહાફળ થાય

શ્રેણિકરાજા ના પાડે છે તેથી આવેલ વેપારીઓ હતાશ થાય છે અને બોલે છે 'અરેરે આપણે તો રાજગૃહી નગરીની પ્રખ્યાતિ સાંભળીને અહીં માલ વેચવા આવ્યા છીએ. આ નગરમાં બહુ ધનાઢ્યો રહે છે તેથી આપણો માલ ખપશે. પરંતુ અહીં તો રાજા પોતેજ આપણો માલ મોંઘો માની લેવા આનાકાની કરે છે. તો પછી બીજો આ નગરમાં આપણો માલ ખરીદે તેવો કોણ હશે ?' એમ નિરાશ થઇ રાજમહેલમાંથી નીકળી જેવા ગોભદ્ર શેઠના ઘર બાજુના રસ્તેથી જાય છે તેવામાં ભદ્રા શેઠાણીએ કોઈ નવીન વેપારી જાણીને તથા નવો માલ લાવેલા જાણીને તેઓને પોતાને ત્યાં બોલાવેલા છે. તેઓએ પ્રથમ તો મોઢું મચકોડયું પણ વેપારી હોવાથી ત્યાં ગયા માલ બતાવ્યો. ડોસીએ કિંમત પૂછી. સવા લાખની કિંમત એક રત્નકંબલની તેઓએ કીધી; ડોસીએ કહ્યું તે તો ઠીક પણ મારે છોકરાને બત્રીસ વહુઓ છે માટે બત્રીસ જોઇએ તમારી પાસે કેટલી છે ? તે સાંભળી વેપારીઓ વિમાસણમાં પડી ગયા ! અને કહ્યું 'માજી ! સોળ નંગ અમારી પાસે છે.' ડોસીએ બધી વહુઓને અડધી અડધી રત્નકંબલ આપવાનો વિચાર કરી સોળે ખરીદી લીધી, અને તેના રૂપીઆ વીસ લાખ આપી દીધા.

## શ્રેણિકને કરીયાણું કહેનાર શાલિભદ્ર.

વેપારીઓ તો ખુશ ખુશ થઇ ગયા, અને વિચારવા લાગ્યા કે રાજગૃહી નગરીની જે પ્રખ્યાતિ આપણે સાંભળી હતી તે બરાબર છે; આ વાતની શ્રેણિક રાજાની રાણી ચેલણાને ખબર પડી, ત્યારે તે રાણી એકદમ રીસાઇને બેઠી અને

બોલી 'મારે માટે એક રત્નકંબલ તમે ન લઈ શક્યા!' રાજા શ્રેણિકે સેવક મોકલી ભદ્રા શેઠાણીને કહેવડાવ્યું કે 'તમોએ લીધેલ કંબલોમાંથી એક રત્નકંબલ રાણીને જોઈએ છે તો તે આપો અને તેના જે દામ થશે તે તમોને આપી દેવામાં આવશે.' પરંતુ અહીં શું હકીકત બની છે. વળતે દિવસે સવારના શાલિભદ્રની બત્રીસ સ્ત્રીઓને તે ૧૬ રત્નકંબલના એકના બે ભાગ કરીને બત્રીસેને એક એક રત્નકંબલનો ટુકડો આપવામાં આવ્યો છે! શાલિભદ્રની સ્ત્રીઓએ સવારના નાહી અંગ લુંછીને આવી ખરબચડી રત્નકંબલ કોણ પહેરે એમ મોઢું મરડીને તેને ખાળમાં નાખી દીધી છે. આ સઘળી વાત ભદ્રાએ શ્રેણિકરાજાને કહેવરાવી ત્યારે શ્રેણિક રાજા બહુજ આશ્ચર્ય પામ્યો કે 'ઓહો! શું મારા નગરમાં આવા પણ ધનાઢયો વસે છે! ખરેજ મારે તેને જોવા જોઈએ.' તે અનુસારે ગોભદ્ર શેઠને ત્યાં કહેણ કહેવડાવ્યું કે 'શ્રેણિક રાજા તમારે ત્યાં તમારા પુત્રને મળવા આવવાના છે,' ભદ્રા શેઠાણીએ સઘળી સામગ્રી તૈયાર કરી. શ્રેણિકરાજા આવ્યા. શાલિભદ્ર તો સાતમે માળે બેઠા છે, સુખ ભોગવે છે, કોઈ દિવસ ટાઢ તડકો કાંઈ પણ દુઃખ દીઠું નથી ત્યાં જઈ ભદ્રા માતા શાલિભદ્રજીને જણાવે છે કે-પુત્ર! શ્રેણિક આવ્યા છે, પુત્ર કહે છે કે-'માતાજી તેમાં મને શું પુછો છો'!!! વખારમાં નાખો! તે વખતે ભદ્રા માતા કહે છે કે 'પુત્ર! શ્રેણિક એ કાંઈ કેરીયાણું નથી એ તો આપણા ગામનો ધણી, આપણો નાથ, આપણે આંગણે આવ્યો છે' તે સાંભળી શાલિભદ્રજીનું દીલ ધાંધી ઉઠે છે. 'શું માતાજી? હજી મારે માથે પણ નાથ છે!!! ખરેજ મારી એટલી પુન્યાઈ કાચી!'

પછી શ્રેણિકરાજા પાસે તેને તેની માતા લાવે છે. શ્રેણિકરાજા ખોળામાં બેસાડી આશીર્વાદ આપે છે. શાલિભદ્ર બહુ સુકુમાલ કાયા વાળા હતા તેથી ખોળામાં જરાવાર બેઠા ત્યાંતો તેમને પસીનો છુટી ગયો. માતાએ કહ્યું 'રાજન્! તેને જવા દો તેણે કોઈ દિવસ ટાઢ તાપ વેઠેલો નથી;' ત્યારબાદ શાલિભદ્રજી પોતાને સાતમે મજલે જાય છે. શ્રેણિકરાજા પણ પોતાને ધન્ય માનતો કે અહોહો !!! આવા ધનાઢયોના વાસથી અને પુન્યશાળીઓના રહેઠાણથીજ મારી તથા આ નગરીની શોભા છે, તેથી હર્ષ પામ્યો. અહીં શાલિભદ્રજીને પેલો ચોંક લાગી છે કે અરે હજુ મારે માથે પણ ધણી છે. માટે હવે તો એવું પુન્ય કરૂં કે મારે માથે કોઈ ધણી ન રહે. એમ હૃદયમાં તુરત વૈરાગ્ય આવે છે. સઘળી સાહ્યબી, બત્રીસ સ્ત્રીઓ, સુંદર વૈભવો, અઢળક ધન, બધું ભરપુર છે. કોઈ વાતની ખામી નથી. આ બધાને ઠોકરે મારે છે, સઘળું છોડી મહાવીરસ્વામી ભગવાન પાસે વૈભારગિરિ પર દીક્ષા અંગીકાર કરે છે. એક માસખમણની સંલેખના કરી અંતે આયુષ્ય પૂર્ણ થયે દેવલોકમાં જાય છે. આ શાલિભદ્રજીના વૃત્તાંતથી એ માલુમ પડશે કે તેણે મહાપુરૂષના ગુણોનું કીર્તન કર્યું તે તેને કેટલું બધું લાભદાયી નીવડયું. અજાણતા પણ મહાપુરૂષની શ્લાઘા એ કેટલું ફળ દેવાવાળી છે? કોઈપણ સંજોગોમાં તે આત્માને હિતકારીજ છે. તેના ઉપર શાલિભદ્રનું દ્રષ્ટાંત ખરેખર સાક્ષિ પૂરે છે.

## ધન્નાજીનો પ્રસંગ.

ત્રીજું દ્રષ્ટાંત ધન્નાજીનું છે. ધન્નાજી એ શાલિભદ્રજીના

બનેવી થતા હતા; શાલિભદ્ર રોજ એક એક સ્ત્રી તજતા હતા. એક વખતે ધન્નાજીને તેની સ્ત્રી નવડાવે છે, શરીર ખેળથી ભરેલું છે, તે વખતે શાલિભદ્રની બેનની આંખમાંથી આંસુ પડે છે, ધન્નાજી પોતાની સ્ત્રીને તેનું કારણ પૂછે છે, કારણમાં જણાવ્યું કે 'મારો ભાઇ શાલિભદ્ર રોજ એકેક સ્ત્રીનો ત્યાગ કરે છે;' તે વખતે ધન્નાજી કહે છે કે-'તે તો કાયર છે, શાલિભદ્રને સ્ત્રીઓ છોડવી છે તો પછી એકેક શા માટે ? છોડવું તો એકી સાથે બધું છોડી દેવું !!!' તે સાંભળી શાલિભદ્રની બેન પોતાના ભર્તાર ધન્નાજીને કહે છે કે 'સ્વામીનાથ! કહેવું સહેલું છે, પણ કરવું ઘણું કઠણ છે' તે કહેતાંની સાથેજ પોતાની સ્ત્રીને જણાવ્યું કે 'લે ત્યારે હું આ આઠે સ્ત્રીઓને તજી દઉં છુ. એમ કરીને વિલેપનથી ભરેલા શરીરે ધન્નાજી શાલિભદ્ર પાસે જઇ તેને બોલાવે છે 'ચાલ ઉઠ!!! આપણે સાથે દીક્ષા લઇએ' તે વખતે શાલિભદ્રની બહેન પોતાના ભર્તારને ઘણું સમજાવે છે કે સ્વામીનાથ! મેં તો હસતાં હસતાં કહ્યું હતું; તમે તો સાચું કરી બતાવ્યું.' પણ તેણે કીધું કે છોડયું તે છોડયું, ધન્નાજીએ પણ વૈભારગિરિ પર જઇ શ્રી મહાવીરસ્વામી ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી છે. તેઓ પણ પૂર્વ ભવે ભરવાડણના છોકરા હતા. શાલિભદ્રના જેવુંજ તેમનું વૃત્તાંત છે. તે પણ મહાપુરૂષના કીર્તનથીજ આટલી હદે આવ્યા હતા; તેના ઉપર તેમનું દૃષ્ટાંત પણ આકર્ષક છે તેઓ પણ દીક્ષા લઇ માસખમણ કરી અણસણ કરી દેવલોકે ગયા છે. મહાપુરૂષનું કીર્તન એકાંતે લાભદાયી છે.

દીવાળી ટાણે ચોપડામાં પૂજન કરતી વખતે અદ્યાપિ પણ લખાય છે કે "ધન્ના શાલિભદ્રજીની ઋદ્ધિ હોજો!" આ ઋદ્ધિ તેઓને જે પ્રાપ્ત થઇ હતી તેની જડ મહાપુરૂષના ગુણોની તેણે પ્રશંસા કરી હતી તેજ છે. તેવીજ રીતે કયવન્ના શેઠને સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું તેથી ચોપડામાં પણ લખાય છે કે 'કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો!' આ બધાને સાધુઓ મળ્યા છે તેથીજ તેમને ફાયદો થયો છે. આ બધામાં એકે સમકિતવાળા ન હતા. ધન્નાજી સુબાહુ કુમાર કે શાલીભદ્રજી પહેલાં સમકિતવાળા ન હતા. સમકિતના સહેલાણીવાળા આમાં એકે પણ નહિં; છતાં તેમણે જે દાન દીધું તે સારૂં. આ શાથી ગણ્યું? સત્પુરૂષ સંયમધારી, મોક્ષ માર્ગધારીઓને સુપાત્રદાન થશે તો સંયમમાં મદદ થશે અને આવતે ભવે મને સંયમ મળશે એવી ધારણા આમાં ન હતી. અજ્ઞાનપણે મહાત્માનો સંયોગ તે પણ આત્માને આવી રીતે પાર ઉતારનાર થાય છે. તેઓમાંથી એકે સદ્જ્ઞાનવાળા નથી પણ માત્ર મહાપુરૂષનાં સંસર્ગે તેઓને આટલું ફલ મેળવી આપ્યું. દાનને અંગે બેડાપારની સ્થિતિ થઇ. મહાપુરૂષનો સંસર્ગ ડૂબતાંને બચાવે આ સામાન્ય જગતની સ્થિતિ છે. વ્યવહારના ગુણવાળા હોય તેવાને મહાપુરૂષનો સંસર્ગ બચાવે તેમાં તો નવાઇ શી? મહાપુરૂષ ધારી બચાય છે, એમાં ધારણાંની જબરી સ્થિતિ છે. તેમાં ધારણા બચાવે છે. મિથ્યા દૃષ્ટિ હોય, દુર્ભવ્ય હોય, અભવ્ય હોય તેવાઓ પણ સાધુ વેષમાં હોય તો તેવાને સાધુ તરીકે માને તો પણ બેડો પાર કરે છે. વિરૂદ્ધતા માલમ પડયા છતાં તેવી બુદ્ધિ રાખવી

તેનો કંઈ અર્થ નથી. તેવા લીંગધારીને અંગે તરવાનું હોવું ન જોઈએ. મિથ્યાદૃષ્ટિ-દૂર્ભવ્ય કે અભવ્ય જેમાં સમકિત નથી તેમાં પણ સંપૂર્ણ સંયમમાં ધારણા કરી તો બેડો પાર માટે થાય છે. આવી ધારણા આવી જાય તો બેડો પાર કરે છે વસ્તુતઃ ધારણા પાર ઉતારનારી છે

## સત્પુરૂષનો પ્રભાવ.

ધારણા નથી ત્યાં પણ તેમનો પ્રભાવ છે, અને ધારણા હોય ત્યાં પણ તેનો પ્રભાવ છે ધારણા નથી ત્યાં પણ સંત પુરૂષનો સંગ પોતાનું કાર્ય કરે છે. સુબાહુકુમાર, શાલિભદ્રજી કે કયવન્નાજીના પહેલા ભવમાં ધારણા ન હતી, સમકિત, સંયમ કે મોક્ષ એ પણ તેઓ કાંઈ સમજતા ન હતા. માટે સત્પુરૂષની ધારણા ન કરે તો પણ સત્પુરૂષનો સંગ-સોબત-સમાગમ, ચોક્કસ જીવને પાર ઉતારી દે છે.

આમ સત્સંગ સર્વરીતે સર્વશ્રેષ્ઠ અને આદરણીય છે.

હતી માટે વ્યાખ્યા એ કરવામાં આવી કે કલ્યાણ એટલે વિરતિ. પ્રકરણ વિરતિનું છે. પહેલું જ્ઞાન પછી દયા. સર્વ-વિરતિવાળાનો પ્રસંગ છે. જ્ઞાનના ફળ તરીકે સર્વવિરતિ લેવાની છે. સર્વવિરતિને અંગે અધિકાર છે. અવિરતિરૂપ પાપ એ સાંભળવાથી માલમ પડે. ઉભય શબ્દથી વિરતાવિર-તિરૂપી જે દેશવિરતિ તે પણ સાંભળવાથી માલમ પડે. જ્યાં સુધી શાસ્ત્રોની પ્રવૃત્તિ, શ્રવણ, શાસનના સૂત્રોની હયાતિ ત્યાં સુધી જ સર્વવિરતિ. જે દહાડે સર્વવિરતિનો વિચ્છેદ તે દહાડે શાસ્ત્રનો વિચ્છેદ. પહેલાં શાસ્ત્રનો, પછી સર્વવિરતિનો વિચ્છેદ પછી ધર્મનો વિચ્છેદ.

## શાસનની બંને આંખો છે, જ્ઞાન અને ક્રિયા, સૂત્ર અને આચાર.

સૂત્રની રચના શાસનની પ્રવૃત્તિ માટે છે. સૂત્રોની પ્રવૃત્તિ બંધ થવાની ત્યારે શાસન બંધ થવાનું. શાસનનો આધાર તે સૂત્ર કે આચાર? આચાર પ્રવર્તે ત્યારે શાસનની ઉત્પત્તિ, સૂત્ર પ્રવર્તે ત્યારે ટકવું. શાસનની બંને આ આંખો છે. જ્ઞાન, ને ક્રિયા. સૂત્ર અને આચાર. મોક્ષ એ જ્ઞાન ને ક્રિયા બંને દ્વારાએ છે. તેથી શાસ-નને બે રૂપે કહ્યા વિના છૂટકો નથી. શાસન એકલું જ્ઞાનમય હોય તો મોક્ષનો રસ્તો નથી, તેમ એકલું ક્રિયાવાળું હોય તો તે મોક્ષનો રસ્તો નથી. જીવાદિ પદાર્થોના જ્ઞાનવાળો, તેમજ અવિરતિ આદિને છોડનારો પણ જોઈએ. મોક્ષને સિદ્ધ કરવાને માટે બે ચીજની જરૂર છે. એક પણ ઓછી કરવી પાલવતી નથી. મુસાફરને આંખ કે પગ કોઈ ઘરાણે મેલવાનું પાલવે નહિ, તેમ મોક્ષના મુસાફરોને જ્ઞાન કે આચારને છોડયાં

ચાલશે નહિ. મોક્ષનું સાધન જ્ઞાન, ક્રિયા બન્ને હોય તો શાસન. એને પણ ઉભય રહેલું જોઇએ. તેથી શાસન–આચારમય અને જ્ઞાનમય છે.

## જ્ઞાન અને ક્રિયા બંને દ્વારા મોક્ષની મુસાફરી થાય.

જ્યારે જ્ઞાનની ઉત્પત્તિ ત્યારે શાસનની ઉત્પત્તિ, તેમજ જ્યારે આચારની ઉત્પત્તિ ત્યારે શાસનની ઉત્પત્તિ કહી શકાય. જ્યાં બન્ને આંખે સરખા રૂપે દેખવામાં આવતું હોય તો ડાબી આંખે દેખ્યું એમ કહી શકાય નહિ. જ્ઞાન, ક્રિયા બન્ને દ્વારાએ મોક્ષની મુસાફરી થાય છે. મોક્ષની સિદ્ધિને માટે પ્રવર્તાવેલું શાસન જ્ઞાન, ક્રિયા ઉભયમય હોય તેમાં આશ્ચર્ય નથી બંને પ્રકૃષ્ટ તપ છે, જ્ઞાન અને ક્રિયા બન્ને મુખ્ય કારણ છે તેથી બંનેને કરણસ જ્ઞા રાખી છે. "ज्ञानक्रियाभ्यां मोक्षः" । પણ क्रियायुतेन ज्ञानेन, ज्ञानयुतया क्रियया मोक्षः નહિ, એમ ज्ञानक्रियाभ्यां मोक्षः । બંને કરણ. શાસન સુધી જ્ઞાનની સ્થિતિ હોવી જોઇએ. ચૌદ પૂર્વ–બારમા અંગની રચના કરીને બેસી રહ્યા હોત તો એક હજાર વર્ષ માટે શાસન કર્યું. પૂર્વગત શ્રુત, કયા સુધી ? હજાર વર્ષ, ભગવાન્ સુધર્માસ્વામીજીએ જો પૂર્વગત શ્રુત–દૃષ્ટિવાદ સિવાય બીજાની રચના કરી ન હોત તો હજાર વર્ષ સુધી શાસન સ્થાપેલું થાય.

## શાસનની જડ રૂપે આચારની જેમ જ્ઞાનની પણ જરૂર

એકવીશ હજાર વર્ષ સુધી શાસનની પ્રવૃત્તિ શાને

આધારે ? ઉદ્ધરવાની પ્રવૃત્તિ સમર્થ ગણુધરો ન કરે, તો બીજા તે કરવાને કેવી રીતે સમર્થ થાય ? ગણુધરોએ ચૌદ પૂર્વો–દૃષ્ટિવાદમાંથી **આચારાંગ** આદિ ઉદ્ધર્યાં ન હોત તો શાસન લાંબો કાળ ટકત નહિ. શાસનની પ્રવૃત્તિ, ટકાવ, મોક્ષમાર્ગ વહેવડાવવા માટે આચારની જરૂરિયાત હતી. તેમ જ્ઞાનની પણ જરૂર હતી. તેથી **આચારાંગ**ની રચના કરવી પડી. **સુધર્માસ્વામીજી**એ શાસનની જડ રૂપ જેવી આચારની જરૂરિયાત દેખી હતી તેવી જ રીતે જ્ઞાનની જરૂરિયાત પણ દેખી હતી. આચાર જરૂરી. બાહ્ય આચારમાં સુંદરતા ન હોય, અંદર સુંદર હોય તો તે ન લેવાની. બાહ્ય આચારમાં સુંદરતા હોય તો જ લેવાની.

## આચારની ઉત્પત્તિ જ્ઞાનની કયારીમાં.

જીવને જાણે તો હિંસા છોડે. જેને જીવ અજીવનો ફરક નથી તે હિંસાને છોડશે શું ? માટે આચાર જરૂરી. આચારની ઉત્પત્તિ થવાની જ્ઞાનની ક્યારીમાં. આચાર એ આકાશમાં ઉત્પન્ન થવાનો નથી, જ્ઞાનની ક્યારીમાં ઉત્પન્ન થાય છે. શાસનના હિતને માટે સૂત્ર પ્રવર્ત્યાં. ક્યારો તૈયાર થાય. આચાર–અનાચારનાં ફળો વગેરે જાણવામાં આવે ત્યારે પાપથી, દુરાચારથી હઠવાવાળો થાય. કોઇ પણ વિરતિનું વર્તન, અનાદિ કાળની વાસનાના ભોગ વિના બનતું નથી. ભોગ આપીને વધવાનું ક્યારે ? અનાદિ કાળની પ્રવૃત્તિ, હિંસા વગેરે તરફ સંસ્કારો ઊભા થવાના. આથી તે રોકવાનું જોર જોઈશે માટે જ્ઞાનની જરૂર.

## ‘એ લગામ જો આત્માને લાગી ગઈ તો આત્મા લાઇનમાં.

શય્યંભસૂરિએ આઠ વર્ષના છોકરાને સમજાવતાં-મનકમુનિને માટે–પાપકર્મ બંધાશે, કટુક ફળ આવશે એમ કહી દીધું. આ જીવને પાછા હઠાવવા માટે, અજયણામાં દોડતો જતો હોય તેને માટે ખેંચવાની આ લગામ. આ પાપકર્મ બંધાશે અને પાપકર્મ કટુક ફળને દેવાવાળું થશે તે છે. લીંબોડી પાકે ત્યારે મીઠી થાય, પણ બંધાય ત્યારે તેનું કડવું ફળ આવવાનું. એ લગામ જો આત્માને લાગી ગઈ તો આત્મા લાઇનમાં. એ લગામ છૂટી તો જગતભરમાં લગામ નથી. પાપકર્મ બંધાય છે અને તેનાં કડવાં ફળ મળે છે, માટે આ લગામ હોય તો જીવ અનાચાર, અવિરતિથી પાછો હઠી શકે છે. પાછો હઠવા જ્ઞાનથી તૈયાર થાય છે માટે અગિયાર અંગની રચના. બાળકો, મૂર્ખ તેને પણ જ્ઞાન આપવું, અને તેને પણ માર્ગે લાવવા

## જૈન ધર્મ જગતને ઉપકારી હોય તો તે પાંચ મહાવ્રતદ્વારાએ

બાહ્ય આચાર ઉપર શાસનનું ટકવું તેથી પહેલી આચારાંગની રચના કરી. પછી સૂયગડાંગની રચના કરી પછી વર્ગીકરણ તરીકે ઠાણાંગજીની રચના કરી. આ જગતમાં જૈન ધર્મ ઉત્પન્ન થયો એ સાર્થક માનતા હોઈએ, જૈન ધર્મ જરૂર જગતને ઉપકાર કરે એમ માનતા હોઈએ તો આ કેવળ પાંચ મહાવ્રત દ્વારાએ. જૈનોમાં હિંસા વગેરે

પાંચ પાપસ્થાનકો છે. તે આત્માને હેરાન કરનાર છે. તેથી આ પાપોથી બચવું જોઇએ, સિદ્ધાંત ખસી જાય તો જગતમાં જૈન ધર્મની કિંમત નથી. જૈન ધર્મમાંથી હિંસા છોડવી એ સિદ્ધાંત જો કાઢી લઇએ તો દેવત્વ, ગુરુત્વ, અને ધર્મને પણ સ્થાન નથી. કારણ ? મારી કૂટીને દેવ તરીકે જાહેર થનારા ડગલે ને પગલે દુનિયામાં છે. મારીને કુળનો નાશ કરીને દેવ થનારા ડગલે ને પગલે હતા, પણ નહિ મારવાથી. અને તે કયાં સુધી કે બીજો મારી નાંખે તો પણ નહિ મારવા, મને કાંઇ પણ આપત્તિ ન હોય ત્યાં સુધી નહિ મારું—માતાનું હેત પોતાને આપત્તિ ન હોય ત્યાં સુધી જાળવી શકે છે.

## પાદશાહ ને બીરબલ.

પાદશાહે બીરબલને પૂછ્યું, પ્યારામાં પ્યારી ચીજ કોણ ?

બીરબલ—પ્રાણ.

બાદશાહ—પ્રાણ જો પ્યારા હોત તો યુદ્ધમાં કેમ ઝંપલાવે છે ?

બીરબલ—પ્રાણના પોષણને માટે જ.

એકવાર તેઓ બગીચામાં ગયા. બેઠા છે. નાના કુંડામાં વાંદરી વિયાઇ છે. ઉપરથી પાણી પડયું. થોડું પડયું વાંદરી ઉભી થઇ બચ્ચાંને બચાવ્યાં. બચ્ચાં પર કેવો પ્યાર છે ? દુસરો કોસ જયાં પડયો, વાંદરીના નાક પર પાણી આવ્યું. બચ્ચાંને છોડીને તે બચ્ચાં પર ચઢી બેઠી. પાદશાહ કહે—જુલમ હો ગયા. જિંદગીને માટે જોખમ ઊભું થાય તો કોઇ ચીજ વહાલી છે ? એવી રીતે અન્ય ધર્મીઓ દયાના નામો લેવા તૈયાર છે.

'न हिंस्यात् सर्वभूतानि' કહેવા તૈયાર છે, પણ પોતાની જિંદગીને ભયની નોબત આવે ત્યારે કશું જોવા તૈયાર નથી.

## એ દયા તો માંકડાની દીવી જેવી

મનુસ્મૃતિ નીતિનું પુસ્તક છે. એ જ મનુસ્મૃતિ જણાવે છેઃ અજીગર્તઋષિને દુષ્કાળના વખતે ભિક્ષા ન મળી. એથી તે છોકરાને મારી ખાવા દોડયા. પણ પાપે લેપાયા નહિ. કેમકે ભૂખ લાગી તેનો ઉપાય કરતા હતા છોકરાને મારી ખાય તેમાં પાપ ન લાગે તે માનનારી મનુસ્મૃતિ. એ તો ક્ષુધાનો ઉપાય કર્યો. આ વાત જ્યારે ખ્યાલમાં લેશો ત્યારે મનમાં આશ્ચર્ય થતું હશે કે દશવૈકાલિક કરવા માંડયું ત્યારે જીવાદિની વાત નહિ ઝાડના ફૂલોમાં ભમરો રસ લે તેમ વર્તવું. બીજા ધર્મવાળાઓએ દયાને રાખી છે, પણ એ દયા માંકડાની દીવી જેવી છે

## મદારી અને તેનાં બે માંકડાં

એક રાજા પાસે કોઇક મદારી બે માંકડાંને બરાબર કળા શીખવીને લાવ્યો છે. રાજા કહે એ શું કરશે પેલો કહે—ચોપદારનું કામ કરશે. રાજાએ કપડાં પહેરાવ્યાં. દરબાર ભરાયો તે વખતે ત્રણ ચાર કલાક સુધી દીવી લઇને ઊભાં રાખ્યાં લોકોમાં આશ્ચર્ય થાય. પાદશાહ કહે–બીરબલ દેખ, પહેરગીરો શરમીએ તેને પેટનાં દુઃખે અનેક બાનાં કાઢે. જુઓ, આને કાંઇ પંચાત છે ? બીરબલ—સાહેબ, જાનવર છે. મનુષ્યને ફરજ, હાજત હોય. કેટલીક મુદત ગઇ. પરદેશી મનુષ્યો કેરીનો ટોપલો લઇને આવ્યા. બાદશાહની દીવી કોણે

રહી, ટોપલો ગબડાવ્યો, બધું ખરાબ કરી નાખ્યું. પાદશાહ ચીડાયો. બીરબલ કહે–સાહેબ! જાનવર છે. બીજા ધર્મની દયા–માંકડાને કેરી ન દેખાય ત્યાં સુધી કેરી પકડીને ઊભા રહેવા જેવી છે. અન્ય ધર્મીઓની દયા કેવળ વચનની, પોતાને આપત્તિ ન આવે ત્યાં સુધીની.

## જિંદગીના ભય વખતે પણ દયા ન છોડીશ કહેનાર તે જૈન શાસન.

પોતાની જિંદગીનો ભય ઊભો થાય તો દયા ન છોડીશ તે જૈન શાસનમાં છે. નાનાં બચ્ચાંને માટે **દશવૈકાલિક** કહેવાય છે–આઠ વર્ષની ઉંમરના મનકમુનિને ભુખે મરી જવું બહેતર પણ હિંસામાં ન પ્રવર્તવું પહેલવહેલું આ શું? જ્ઞાન, ધ્યાનની વાતો પહેલાં નહિ. બીજાઓએ જે હદે લાવીને બોધ મેલી દીધો છે તે બોધ અહીંથી શરૂ કરે છે. દેવપણું, ગુરુપણું અને ધર્મ હિંસાના પરિહાર ઉપર લટકેલો છે. હિંસાનો ત્યાગ, જૈન ધર્મમાંથી ખસેડી દેવામાં આવે તો જૈન ધર્મના ગુરુ, દેવ અને ધર્મમાં ગુરુત્વ, દેવત્વ અને ધર્મત્વ નહિ. જૈન ધર્મનું જગતમાં જરૂરી, ઉપકારીપણું હિંસા છોડવાને અંગે છે. "**लोगहियाणं**"–સર્વ જગતની દયાને નિરૂપણ કરનાર એ, બીજા બધાએ મારૂં રાખીને દયા નિરૂપી છે. આ છૂટનું સ્થાન કેવળ તીર્થંકરે નથી રાખ્યું.

### હેતરુમુનિનું દૃષ્ટાંત

બીજો પ્રાણાંત ઉપસર્ગ કરે, તોપણ મનથી પ્રતિકૂળ વિચારવાની જરૂર નથી. મારે તો ઘણું મનવાળીને રહેવું હતું. હેત-

મુનિએ આવીને આમ કહ્યું, અવળે રસ્તે ચાલવું અને આરોપ બીજાના ઉપર મૂકવો. કાળો નાગ એ બોળીને કરડવા જતો નથી. દબાણુ કે ચંપાણુ થાય તો કરડે છે. જેની પાસે જે શક્તિ હોય તેનો તે ચીડાય ત્યારે ઉપયોગ કરે. નાનું બચ્ચું ચીડાય ત્યારે જે હાથમાં આવે તેનો ઉપયોગ કરે, વાળ ખેંચે. કે ગાયને પવિત્ર માનેલી તે ગાયને છેડવા જાય તો શીંગડું મારી દે. ચાર વર્ષના છોકરાને શીંગડું મારે તો તે મરી જાય. મારી પ્રવૃત્તિનું શું પરિણામ આવશે તે નિર્વિવેકીના મનમાં આવે નહિ. એવી રીતે સાપ દબાય, ચંપાય ત્યારે કરડે છે. ધારીને કરડવા ફરતો નથી. હવે કાળો નાગ કયારે કહેવાયો? દબાય, ચંપાય ત્યારે કરડે તેથી. તું કાળા નાગથી શું ઊનરો?

## સાપ અને મુનિમાં એ જ મોટો ફેરફ

મુનિપણું, ધર્મીપણુ શામાં? પ્રસંગ ન આવે ત્યાં સુધી શમના રાખવામાં! મુનિપણાને અંગે ફરજ છે કે પ્રણાંત પ્રસંગ હોય તો પણ શાંત રહેવું સાપ પ્રસંગ પડયે શાંત રહેતો નથી અને સાધુ પ્રસંગ પડયે શાંત રહે, આટલો ફેરફ પડયો. તું પાણી જેવો શું કામ થાય છે બરફ લાગે તો ઠરે, તાપ આવે તો ઉનાપણું, મુનિપણું તો અલાયદાપણામાં છે. આ ઉપદેશની લાઇન જૈન ધર્મના છે પ્રાણાને કોઇને મારવાનો વિચાર ન કરવો. સ્વપ્નમાં હિંસા થઈ જાય તો પ્રાયશ્ચિત્ત કરવું. આ તરીકે ગુરુ, દેવ અને ધર્મની સ્થિતિ જૈનધર્મમાં છે. જૈનધર્મ દુનિયામાંથી જાય તો? ફાંસું હતું ન હતું થઈ જાય તો શોખનું સન્યાનાશ, જમની હતું ન હતું

થઈ જાય તો કલા નષ્ટ થાય, ઈગ્લાંડ હતું ન હતું થાય તો સામ્રાજ્યપણું નષ્ટ થાય તેમ પ્રાણાંત ઉપસર્ગો હોય તો પણ કાળાંતમાં ન હાલતું એવું જૈન ધર્મ ન હોય તો આ દશા સ્વપ્નમાં ન રહે. એ જૈન ધર્મની બલિહારી છે. કોઈ પણ હિંસાનાં કાર્યો છોડો. એ કાર્યોને પડખે ન ચડો. હિંસાનું પરિહારપૂર્વક રક્ષણ કરો, જૈન ધર્મ સિવાય બીજા કોઈ ધર્મનું અહિંસક બુદ્ધિ ઉત્પન્ન કરવી આ ધ્યેય નથી. પ્રસંગે—દુનિયામાં જીવનમરણના પ્રસંગે દયામાં તત્પર રહે તે કહેનાર જૈન ધર્મ છે.

## જૈનશાસનની જડ હોય તો તે હિંસાની વિરતિ

આ જૈન ધર્મ કરવો તો દૂર રહ્યો પણ તે સાંભળી શકાતો નથી. જિનેશ્વર મહારાજનાં વાકયો, ઉપદેશો બીજાને ત્રાસ કરી દે છે. એક બાજુ ભગવાનની વાણીને અમૃતરૂપ કહો છો, બીજી બાજુ ત્રાસ કરી દે એમ કહો છો? મૃગલાંનું ટોળું ભેળું મળેલું હોય તો સિંહનો અવાજ થાય તો નાશી જાય. જૈન શાસનનો શબ્દ એ કુવાદીઓને ત્રાસરૂપ છે. કોટવાળ, જિલ્લાનું જીવન, પણ ચોરનો ચંડાળ. તેવી રીતે સર્વ જીવોનું રક્ષણ કરનારું, હિત કરનારું વાકય હોવાથી જિનવાણી અમૃત સમાન છે. પણ જેઓને હિંસા હાથમાં હથિયાર તરીકે રાખવી છે, હિંસાનો ત્યાગ એ નામર્દપણું બાયલાપણું લાગતું હોય તો તેવાને માટે જિનવાણી સિંહનાદ જેવી ભયંકર થાય તેમાં નવાઇ શી? કુમાર્ગ જેને છોડવો નથી તેને જિનવાણી સિંહનાદ સમાન થાય. જૈનોની દયાને નિંદવામાં બીજા બાકી રાખતા નથી. **જૈન શાસનની જડ**

હોય તો હિંસાની વિરતિ ઉપર. જૈન દયાની ઉત્કૃષ્ટ
દયા હોય તો હિંસાની વિરતિ ઉપર. જૈન ગુરુ, દેવ અને ધર્મ
જગતમાં જીવતા રહેવાના હોય તો હિંસાની વિરતિ ઉપર.
દયાને દેશવટો દેવો હોય તો જૈન દેવ, ગુરુ અને ધર્મની જરૂર
નથી. જિનેશ્વરને ઊંચે દરજ્જે આવવાનું સાધન, ગુરુ, દેવ
અને ધર્મને આગળ વધવાનું સાધન કાંઇ હોય તો તે જીવદયા
છે. તેથી પાંચ મહાવ્રતમાં પ્રાણાતિપાત-વિરમણને સ્થાન મળ્યું.
જીવ-દયા એ શાસનની દેવ, ગુરુ, ધર્મની બધાની જડ છે.

એ ઉપદેશ તો માસાહસ પંખી જેવો છે

પહેલાં મહાવ્રતમાં જીવદયાને અંગીકાર કરું છું એમ
કહી દો. જીવદયા કરનારા પોતે પોતાના તરફથી હિંસા ન
છોડે તો તે વાત કરવાનો અર્થ નથી. એક કસાઈ બીજા કસા-
ઈને કહે 'ભાઈ ગાય શું કામ મારે છે? એનો કાંઈ અર્થ
નથી. તને દયા સારી લાગી તો તારા કાળજામાંથી કેમ નીકળી
ગઈ?' તારા કાળજામાં હોય તો કાળજારૂપી કૂવામાંથી બીજાના
હૃદયના હવાડામાં આવે. તમામ દયાની વાતો શોભે ક્યારે?
પોતે પ્રાણવધથી દૂર થાય તો. મકડીની ચોરી અને સોયની
શાહુકારી. સોય જેની હોય તે લઈ જાઓ. પોતે હિંસાનો
પરિહાર ન કરે, બીજાને પરિહાર કરવાને કહે તે તેવું થાય.
તેથી દ્રવ્ય ભાવ બંને પ્રકારના-કોઈ પણ પ્રકારના જીવના,
કોઈ પણ પ્રકારના પ્રાણોના વધથી પાછો હઠે તો તે ધર્મ
તરીકે ગણાય. તું પોતે પ્રાણના નાશથી દૂર રહેલો ન હોય,
બીજાને દૂર રહેવાનું કહે. પોતે જ્યાં સુધી જીવની હિંસાથી
ખસેલો નથી ત્યાં સુધી બીજાને જીવહિંસા બંધ કરવાનો

ઉપદેશ આપે તે મામાહસ પંખી જેવું છે. જૈન ધર્મની જડ છકાયની દયા છે પોતે હિંસક હોય અને જગતના જીવોને દયાની વાત કરે તે મામાહસ પંખી જેવું છે. કોઈ પણ જીવના દ્રવ્ય-પ્રાણથી પાછા હઠવું તેનું નામ દયા છે.

## ખૂન ન થાય તો પણ હથિયારને અંગે કાયદો

જૈન મતની જન દેવ, ગુરુ, અને ધર્મની જરૂરિયાત, ઉત્કૃષ્ટતા નક્કી કરી તે પ્રાણાતિપાત-વિરમણથી. જૈન ધર્મનો ઉપદેશ દેવાનો અધિકાર જૈન સાધુઓને છે. જેણે વીસે વસા દયા પાળવાની પ્રતિજ્ઞા કરી નથી તેને જૈન ધર્મનો ઝંડો ઊચકવાનો હક નથી. પોતે છકાયની દયા પાળવાને તૈયાર થયેલા નથી, પ્રતિજ્ઞાના ધ્યેયવાળા નથી તે જૈન ધર્મનું એક વચન બોલે તો તેને વરઘોડામાં ઝંડો ઊચકવા ભળી ગયેલા છે. જૈન ધર્મનું એક વચન બોલવાનો હક તેને છે કે જે એ છકાયની દયામાં તૈયાર હોય. જૈન ધર્મની જડ, જીવન તરીકે, દેવ, ગુરુ, ધર્મની ઉત્પતિ તરીકે, ઝંડા તરીકે કોઇ ચીજ હોય તો એક જ-પ્રાણના નાશથી દૂર રહેવું. તેથી પ્રાણાતિપાત-વિરમણને પહેલે નંબરે મૂકવું પડયું તેથી સ્વ-પરના દ્રવ્ય અને ભાવ-પ્રાણો બચાવવાનો નિયમ થઇ ગયો. ખામી આવે તે નહિ કરવાની પ્રતિજ્ઞા થઈ ગઈ. હવે પછી જૂઠ જેવી ચીજ ક્યાં રહી છે? અદત્તાદાન વગેરે ક્યાં રહ્યાં છે? એક જ મહાવ્રત હોવું જોઇએ એમ કહો? કાર્યરૂપે ત્યાગ થયા છતાં હથિયારના વેપારી ફાંસીએ ચઢી જતા નથી, ખૂન કરનારા ફાંસીએ ચઢે છે. ખૂનની સાથે સીધો સંબંધ વેપારીને નથી. જૂઠ બોલવાવાળાને સ્વ, પરના દ્રવ્ય-ભાવ-પ્રાણ

સાથે સીધો સંબંધ નથી. નાશના વિચાર અને ક્રિયાવાળો સીધા સંબંધવાળો છે હથિયારના વેપારીને ખૂની ગણી શકાય નહિ, જો કે હથિયારથી ખૂન થાય છે. મારવાના વિચારમાં ન હોય મારવાની ક્રિયા ન કરે તેને હિંસાના ગુન્હાથી ગુન્હાવાળો કયી રીતે કરાય ? આ રીતે વચનને, શબ્દને, સીધો હિંસાની સાથે સંબંધ નથી. હથિયારથી ખુન થાય તેથી હથિયારનો વેપારી ખુની ન થાય. સ્વ, પરના દ્રવ્ય કે ભાવ બને પ્રકારના પ્રાણોનો નાશ નહિ કરવાની મન, વચન, કાયાથી પ્રતિજ્ઞા કરવામાં આવે તો જ મૃષાવાદનો કિલ્લો રહે છે. ખૂનના કાયદાઓ કર્યા છતાં હથિયારના કાયદા જુદા કરવાની જરૂર છે. ખૂન ન થાય તો પણ હથિયારને અંગે કાયદો, હિંસાના કારણરૂપ બનો અગર ન બનો તો પણ મૃષાવાદનો ત્યાગ કરવો જોઇએ.

આમ તે પછીના બીજા બીજા મતોની અપેક્ષા રહે છે. અને તેથી તે દરેક મતોનું ભિન્ન ભિન્ન સ્વરૂપ શાસ્ત્રોમાં બતાવ્યું છે.

૧૮

# બધી વસ્તુ મેળવીને મુકવી પડે છે ધર્મ મુકવો પડતો નથી

[ જગતમાં બધી વસ્તુ મેળવીને મુકવી પડે છે. વણઝારાની જાત ઠેર ઠેર વેપાર કરે અને મુકામ ઉપાડે આથી રખડતી પ્રજા કહેવાય. વણઝારા મુકામ ઉપાડે ત્યારે કમાયેલ પોઠ ઉપર ભરીને પણ લઇ જાય પણ આ જીવતો જ્યારે મરે ત્યારે ગમે તેટલી મિલ્કત મેળવી હોય તે તેણે મુકીને જ જવાની એટલે જીવ એ તો રઝળતી જાત છે. સંસારમાં તે બધે મેળવીને મુકે છે, માત્ર આ બધામાં સમક્તિ પુણ્ય કે ધર્મ એજ એક એવી વસ્તુ છે કે જે મેળવીને મુકવું પડતું નથી માટે તેજ આચરવું શ્રેયસ્કર છે. ]

## વણજારા ભટકતી પ્રજા અને આપણે રખડતી પ્રજા.

શાસ્ત્રકાર મહારાજ ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ધર્મોપદેશ કરતાં જણાવે છે કે આ સંસારમાં આ જીવ અનાદિકાળથી રખડપટ્ટી કરે છે. જેમ દુનિયામાં લવારીયાની જાત ધંધો કરે ને વખત થાય ત્યારે ચાલતી થાય. તેવીરીતે આપણી પણ ભટકતી જાત. કોઇ ઠેકાણે અંતર્મુહૂર્ત અથવા સો વર્ષ રહ્યા. ભટકતી જાત ૪૮ મીનીટમાં સ્થાન નથી ફેરવતી પણ આ જાત તો શ્વાસોશ્વાસમાં ૧૭॥ સ્થાન ફેરવે. નિગોદીયા એક આવલીકામાં ૧૭॥ ભવો કરે છે. જીવ વિચારવાળાને તે ખ્યાલમાં આવે છે. નિગોદના જીવોને જીવવું, જન્મવું ને મરવું થાય તે માંહેલા આપણે છીએ. આપણે

ફેરણ અનંતકાયના રખડતા મુસાફર. અત્યારે મનુષ્યપણમાં આવ્યા પણ આપણે નિગોદના શ્વાસમાં ૧૭ા સ્થાનો ફેરવનારા. દુનિયામાં કોઇ ભટકતી જાત આવી કોઇએ જોઇ ? લવારિયા મહિનો યાવત્ બાર મહિના રહે અને ભટકે પણ આ તો શ્વાસમાં ૧૭ા સ્થાનો મેળવે ને છોડે એવો ભટકતો. લવારીયા ભટકતી જાત. આતો રખડતી પ્રજા. હવે ભટકતી ને રખડતીમાં ફેરશો ? ઘણી દુકાને થઇને કમાઇ કરે તેને ફેર દો ભટકતો લવારીયા એ ભટકતી અને આ રખડતી પ્રજા કેમ ? જગો જગો પર અંદરને બહારની બને પ્રકારની મિલ્કતો આ જીવ મેળવે છે જન્મે ત્યારે આહાર, શરીર, ઇન્દ્રિયોને શ્વાસોશ્વાસ તૈયાર કરે ને અહિંથી બીજે જાય ત્યારે બધું મેલી જાય. જાહેર મિલ્કત પણ મેલી દેવાની કચનાદિ ચાર મિલ્કત જાહેર છે. આ બે જાતની મિલ્કત દરેક ભવે ભરે છે પરંતુ પણ જે ભટકવાવાળા તે તો પોઠીયો લાદીને પણ લઇ જાય આ રખડતી પ્રજા મેળવીને પણ શું કરે ! ખાનગી અને જાહેર ડાબડા બંને મેળવીને મેલે છે આથી લવારીયા ભટકતા અને જીવ રખડતો હવે બેમા ચડી કોણ જાય ? રખડતી કે ભટકતી ભટકતી પ્રજા પોઠીયે લાભ લાદીને જાય, ત્યારે આ રખડતી પ્રજા બંને ડાબડા મેલીને જાય મનુષ્ય, ઢોર, પંખી ગમે તેનો જન્મ હોય તો શું કામ લાગે ? બાળકને પરિક્ષામાં ૩ વર્ષની મહેનત નિષ્ફળ ગઇ તો કંટાળો આવે કે મરી જવું બહેતર. તેવી રીતે આપણે અનંતી જીંદગીમાં મહેનત નકામી ગઇ છતાં કંટાળો ન આવ્યો. માલમ પડ્યું કે દરેક ભવે મહેનત કરી મેળવ્યું તે ત્યાં રહ્યું અનનતા ભવો ખોબ્યા. આવા સ્થાનોએ મેળવ્યું અને મુક્યું. અમૃતભાઇ જેવા કહેશે કે

ટેવ પડી ગઈ ત્યાં થાય શું ? વિચારણા ત્રણ જગોપર થાય: कर्त्तुं अकर्त्तुम् अन्यथा कर्त्तुम् કાર્ય બનાવવા માટે તાકાતદાર કાર્યને રોકવા માટે અને કાર્યને પલટા માટે તાકાતદાર હોય ત્યાંજ વિચાર અને પ્રયત્નનો અવકાશ છે. સૂર્યને ઉદયમાં લાવવા માટે, તેને રોકવા માટે કે, ફેરવવાની શક્તિ ન હોય તો તેનો વિચાર કરવો નકામો છે. કરવાની રોકવાની કે પલટાવવાની તાકાત નહિં ત્યાં વિચાર શા કામનો? ટાઢ તાપને રોકવા માટે પ્રયત્ન ન કરી શકીએ. કારણ કે જેની ઉત્પત્તિ રોકવું ને પલટાવવું તે કરી શકતા નથી. અહિં પણ મેળવવું ને મેલવું એ થાય એમાં આપણે શક્તિમાન નથી. આહાર, શરીર એ તો ત્યાગીઓને પણ જીંદગી સુધી મેળવવાં પડે અને અંતે મેલવાં પડે. દિગંબરો કેવળીને આહાર નથી માનતા તો પૂછીએ કે કેવલીની ઉંમર કેટલી તો ૯ વર્ષ અને આયુષ્ય પૂર્વ ક્રોડ વર્ષ. તો તેટલો કાળ આહાર ન કરે? અનંતવીર્ય કેવળી છે અને જો આહાર વિના જીવાતું હોય તો કાળ કરવાનું ન રહે. કહેવાનું કે નવવર્ષનું શરીર અને તે ક્રોડ વર્ષ સુધી ટકે તે કોઈ માને નહિં. માટે આહાર માનવાનો રહ્યો, આહારાદિ ચાર તો કેવળીને મેળવવા પડે ને મૂકવા પડે. કંચનાદિ ત્યાગીઓ ન મેળવે પણ આહારાદિ તો કેવળીઓ મેળવતા જાય ને મેલી પણ દે. ત્રણમાંથી એકેની તાકાત ન હોય તો વિચાર કરવો નકામો. આહારાદિ ચાર ચીજ દરેક જીવને મેળવવી પડે છે ને મૂકવી પડે છે. આપણે કરવાને, રોકવાને કે પલટાવવાને સમર્થ ન હોઈએ પણ જો વિવેકવાળા થઈએ તો એક વસ્તુ એવી છે કે જે અંતર્મુહુર્તમાં મેળવીએ તો પછી કોઈ ભવમાં મેળવવી

કે મેલવી ન પડે. મિથ્યાત્વ ગુણઠાણા અને ચૌદમા ગુણઠાણા એની વચ્ચે આંતરૂં જઘન્યથી અંતર્મુહુર્ત. મરુદેવા માતા મિથ્યાત્વમાંથી મોક્ષે ગયાં તેમાં આંતરૂં માત્ર અંતર્મુહુર્તનું. મેળવીને મુકવી ન પડે એવી ચીજ જો કોઇ હોય તો તે સમ્યક્ત્વ છે, જે મુહૂર્તમાં મોક્ષને આપનારી ચીજ છે. બીજી ચીજ મેળવીએ તો પલ્લો નથી પકડતી પણ આ મેલીયે તો પણ પલ્લો નથી છોડતી. સમકિત પેદા કરીને છોડી દીધું, છતાં તે પલ્લો નથી છોડતું. સમકિત પેદા કરીને છોડી દીધું છતાં તે પલ્લો નહિ છોડે એમ કેમ? અંતો મુહૂત્ત (નવ તત્ત્વ ૫૩ ગાથા) અંતર્મુહુર્ત્ત જે સમકિત ફરસ્યું છે તે અર્ધ પુદ્ગલપરાવર્ત્તમાં જીવને મોક્ષે લઇજવાનું કેમ કે નિગોદમાં જાય પણ સમકિતનો પ્રભાવ અંદર કામ કરે, વિદ્વાન અને મૂર્ખનો સંનિપાત થયો. બંને ચીંથરા ચુંથવાના પણ સંનિપાત મટયો ત્યાં વિદ્વાન તે વિદ્વાન અને મૂર્ખ તે મૂર્ખ રહેવાનો. સમકિત ન પામ્યો તે નિગોદમાંથી નીકળે પછી પણ ભટક્યો ને ભટકતો. પણ સમકિત પામીને જે ગયેલો હોય તે અર્ધ પુદ્ગલે મોક્ષમાં જાય એ નિયમ સમકિતે ન છોડયા. કઇ મિલ્કત? તમારી મિલ્કત પુણ્ય મેળવ્યું તે, તમને તે ખોળનું આપ્યું. આ મેળવેલી મિલ્કત ન મેલાય મેલેલી પણ આવી મળે છે એટલું જ નહિં પરતુ એ મેળવેલી મિલ્કત તે આત્માના સાથે અવિચલ રહે. તેને સ્વાર્થ સાધવાનો નથી. બાયડી કુટુંબ તે મોંઢે મીઠા અને પરિણામે કડવા.

એક શેઠ તે પાપમાં લીન. કોઇ વખત તેને ગુરુનો સંયોગ મળ્યો તેથી તેને ત્યાં બેસવું પડયું. ત્યારે ગુરુએ કહ્યું કે કોઇ

સ્વાર્થને જુવે છે. આ દુનિયાદારી કુટુંબ વિગેરે પોતાની મતલબ જોનારા છે. શેઠીઓ કહે એમ કેમ મનાય ? મને તાવ આવે છે ત્યારે આખુ કુટુંબ ગાંડુ ઘેલું થઇ જાય છે. છતાં શેઠે વિચાર કર્યો કે આનો નિચોડ થાય તો સારૂં. મહારાજ નિચોડ લાવવાનો રસ્તો કરો. મહારાજે કહ્યું તારે નિચોડ લાવવો હોય તો આવી રીતે કર. તું આવી રીતે બનાવટ કર, હું સવારે આવીશ. સવારના ટાઇમે શેઠે શ્વાસ રોકી દીધો. કુટુંબીઓને થયું કે શેઠને શું થયું. ડોકરી કહે આ જીવી જાયને હું મરી ગઇ હોત તો ઠીક, તેટલામાં પેલા મહારાજ નીકળ્યા. શોરબકોર સાંભળ્યો ને પૂછયું, શું છે ? પાડોશીએ કીધું શેઠ ઘડી બે ઘડીના મહેમાન છે. મુનિએ કહ્યું ઝેર ચઢયું છે. ઉતારવું એ છે તો જબરૂં કામ પરંતુ જગતમાં એવું નથી કે ઉપાયો ન હોય. કુટુંબ બોલ્યું 'આપ ઉપકારી આપનું તો જીવનજ ઉપકાર કરવા માટે છે.' ઝેર ઉતારવા મુનિએ દવા કડવી હલાવવા માંડી, ઘેનના રંગ આવવા માંડયા. શેઠે સ્હેજ પડખું હલાવ્યું. આ પછી મુનિએ વધારે હલાવ્યા એટલે આંખ ઉઘાડી, હવે થોડીવાર છે. આને માટે ઉપાય છે. કોઇ બીજો માણસ શેઠ માટે મરવા તૈયાર થાય તો બચે. મુનિએ કહ્યું 'ડોશી ! આ દવા પીવો તો તમારો છોકરો બચે અને આ દવા પીનાર જાય.' ડોશી કહે કે મારે ત્રણ છેઃ ભાઇઓને કહ્યું તો કહે 'અમે મરીએ તો અમારી બાયડી છોકરાનું શું થાય.' વહુને પૂછયું તો કહે 'હું મરૂં તો મારાં છોકરાં રખડેને ?' પુત્ર કહે કે 'ઉતાવળ કરો હમણાં મરી જશે' બધાંએ ના કહી, અંતે કહ્યું 'એના નસીબમાં હશે તે થશે.' બધા સગાં અળગા થયાં મુનિએ દવા પીધી. શેઠનું ઝેર

ઉતરવા માંડયું ને શેઠ ઉભા થયા. અને ભાગવા માંડયા કુટુંબ કહે 'એ ભાઈ ઉભા રહો ભાગો છો કયાં?' શેઠે કહ્યું 'મારૂં સગું છે ત્યાં' તમો તો મારા સગા નહિ ને ? પ્રસગે સગાં થનારામાં કુટુંબ વિગેરે સ્વાર્થને માટે. ખરો સગો આપણે છોડીયે ને વળગ્યો આવે તે ધર્મ, જે અર્ધ-પુદ્ગલ પરાવર્ત્તમાં મોક્ષ મેળવી આપે. જે અંતર્મુહૂર્ત મેળવે તે કોઈ કાળે ન છૂટે. 'અહિં મુનિથી સાધુ ન હોવો પણ ધર્મ સમજાવનાર સમજવો.' આ કયારે ? તો જડ ચેતનના વિભાગ સમજાય ત્યારે. તેટલા માટે કહ્યું કે ચેતન કોણ ? તો આ આત્મા છે. તે કર્મયોગે આ શરીરમાં જડ થઈ ગયેલો છે ધર્મ ધ્યાન, શુક્લ ધ્યાન રૂપી અગ્નિ એ કરીને કર્મને બાળે ત્યારે આ આત્મા શુદ્ધ સ્વરૂપી, નિરંજન નિરાકાર બને છે. જેઓ આ બધુ સમજશે તે મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે.

# ૧૯

# વિષયોથી રાજીનામું લો

[ દેવ, ગુરુ, ધર્મ બધા મતવાળા માને છે પણ તે કેવા સ્વરૂપના તેમાં મતભેદ છે.

આ જગતમાં કંચન કુટુંબ કામિની કાયા વિગેરે જરૂર જવાના છે. તે છોડીને જાય તે કરતાં આપણેજ તેને કેમ ન છોડવા. વિષયો છોડે અને પગ ઘસતા રહીએ તેની કાંઇ કિંમત નથી. કિંમત તો તેને જાતે છોડવામાં છે.

શ્રેણિક, દુર્દુરાંક અને શ્રીમતીના દૃષ્ટાન્તોમાં તેઓને ધર્મનો રાગ કેવો ઓતપ્રોત હતો તે વિચારવું જોઇએ.

ધર્મનો રાગ ઓતપ્રોત હોય તોજ કષ્ટમાં ધર્મ યાદ આવે છે. ]

પૂ. આચાર્ય મહારાજ શ્રી હરિભદ્રસૂરિજી ધર્મોપદેશ દેતાં થકાં જણાવે છે કે ધર્મ–મતો વિવરણમાં જુદા પડે છે પણ મૂળમાં તો એકજ છે. જેને સમકિત, મિથ્યાત્વ વિગેરે કહેવામાં આવે પણ મૂળ જડ એક મળે છે. પણ તે કઇ જડ? એક કહેવાથી ધર્મમાં ફરક નથી પણ ઉપજાવી કાઢેલા છે એમ ન સમજવું. કોઇપણ શાસન ધર્મ કે મતમાં દેવ ગુરુ ધર્મ માનવામાં ફરક નથી. પણ કોને કેવા માન્યા તેમાં ફરક પડયો. દેવ ગુરુ ધર્મ નામ બધાએ રાખ્યું. સર્વ મતમાં એ માન્યતા રૂઢ થયેલી છે. કઇ? ત્રણ તત્ત્વ માનવાની. આ ત્રણ તત્વો દરેક ધર્મીએ માનેલા છે.

**નવું જણાવે તે શાસ્ત્ર.**

અહિં બેઠેલા બધા આંક ભણેલા છે માટે તે શિખવવા

પડે તેમ નથી એટલાજ માટે નીતિકારે કહ્યું કે શાસ્ત્ર સફળ
ક્યારે! શ્રોતાએ નહિં સાંભળેલો નહિ અનુભવેલો એવો
પદાર્થ જણાવે ત્યારે શાસ્ત્ર સફળ ગણાય. આ વાત ધ્યાનમાં
લઈશું. ત્યારે શાસ્ત્ર તે કહેવાય કે જેની અંદર આપણી પરિ-
ણતિ–પરિણામને સ્વચ્છ કરનાર વસ્તુ હોય.

નાનો બાળક જો મોંઢામાં ગળી ગોળી મૂકે તો ગળે
છે ને કડવી મૂકો તો કાઢી નાંખે છે તેનું કારણ શું? સારા
શબ્દો તરફ દોરાવવું, ખરાબથી ખસવું. તે દરેકને લાગેલું છે
તેવી રીતે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વિગેરેમાં પણ કોઈને
કહેવાતું નથી કારણ તે તો જન્મસિદ્ધ છે, જાનવરોને
અંગે વિચારીએ તો તમાકુના ખેતરને કેટલી વાડ હોય
છે? દિવેલના ભાજનને કીડીથી બચાવવાની જરૂર નથી રહેતી
કેમકે ગમતામાં દોડવું અને અણગમતાથી ભાગવું સો શિખેલા
છે જાનવરો વિષયની ઇષ્ટતા વગર કીધે, વગર શીખવે
પણ આચરણ કરે છે. કોઈપણ શાસ્ત્ર એને માટે હોય તો
સફળ ન ગણાય, શાસ્ત્રકાર કહે કે ભૂખ લાગે ત્યારે ખાવ,
તરસ લાગે ત્યારે પાણી પીવો, એમાં તેમનો નવું શું કહ્યું!
આ જગતમાં ઇન્દ્રિયોના વિષય તરફ સર્વ જીવો દોરેલા
છે. શાસ્ત્રકારો કોઈ દિવસ પણ વિષયની પ્રવૃત્તિનું વિવરણ
કરતા નથી વિષયો મેળવવા કે વધારવા આ બાબતનો ઉપદેશ
શાસ્ત્રકાર કરતા નથી

**વિષયોથી રજા ન મેળવો પણ તેને રાજીનામું આપો.**

જૈનદર્શન અને અન્ય મતમાં ફરક એ છે કે દિન•
રાત્રો વિષયની પ્રવૃત્તિ કે તેના સાધનો માટે કોઈ દિવસ

ઉપદેશ આપતા નથી. કેમકે મોહજાળના ચાળામાં જગત ઉન્મત્ત થયેલું છે તેને ઉપદેશ એવો જ આપો તો વાંદરાને વીંછી કરડે ને જેવો વાંદરો કુદે. તેમ અહિં પણ જીવનું જાણવું, અર્થને કામ એ બેની લાલચમાં જન્મથી મરણ સુધી સૌ લાગેલું છે. તે વગરની કઇ અવસ્થા? બાળ, જુવાન, વૃદ્ધ બધી અવસ્થામાં લાલસા ઘર કરીને રહી છે. આ જીવને રજા લેવી પાલવે છે. પણ રાજીનામું દેવું નથી ફાવતું. આસ્તિક નાસ્તિક વચ્ચે, જીવ, પુણ્ય, નરક, મોક્ષ વિગેરે માનવું કે ન માનવું તેમાં મતભેદ, પણ છોડીને જવાનું છે તેમાં મતભેદ છે ખરો? તમે કંઇપણ ચ્હાય તેવા કંચન, કામિની, કુટુંબ, કાયા મેળવો પણ તે અહિં મૂકીને જવાનું સાથે કંઇપણ આવવાનું નથી, મેળવાય છે જીંદગીની જહેમતે, પણ તે તો મિનીટના પલકારામાં છોડવાનું. ચક્રવર્તિનું લાખો સ્ત્રીઓ પર ધણીપણું પણ તે પલકમાં ઉડી ગયું, યાદવોનો કુટુંબ ઉપર હક્ક ઉડી ગયો. યુગલીઆ જેવાને શરીરને છોડતા કેટલો વખત લાગ્યો. તે જણાવો. જે મેળવીએ છીએ તે મેલવાને માટે પણ રાજીપાથી મેલતા નથી; પણ છૂટી જાય છે. નીકળવાનું બે પ્રકારે રજા લઇને અને કાંતો રાજીનામું દઇને. દુનિયાદારીમાં પણ શેઠ જ્યારે કાઢી મૂકવાનો છે, તે નક્કી હોય તો ડાહ્યો નોકર હોય તો રાજીનામું પેશ કરે. રજાથી ઉતરેલા નોકરનું ઠેકાણું ન પડે; પણ રાજીનામું દઇને નીકળેલાનું જગે જગે ઠેકાણું. આપણે રાજીનામું દઇને કે રજા લઇને નીકળવું છે? કંચનાદિ ચ્હાય જેટલો વખત આપણી પાસે રહે પણ જરૂર જવાના, જવાનાને જવાના જ છે. રાજીનામું દઇને

નીકળે તો સફળ ને રજા લઇને નીકળે તો અફળ. જીવિતની
આશંસા ને મરણની આશંસા એકે જેને નથી આવી સ્થિ-
તિવાળો જીવ તે જ રાજીનામું આપી શકે. પણ જે જીવ કાકા
મામાને બોલાવી કહે કે 'મારે છોડવું નથી મારે તો રહેવું
છે,' એવી ધારણા રાખે ને જવું પડે તેનું રાજીનામું ગણવું કે
રજા ગણવી ? રજા ગણવી. રાજીનામુ દેનાર નોકર કહે કે 'શેઠ
હું આટલા વખત નોકરી કરી અહિં રહ્યો છું. મેં તમારૂં લુણ
હલાલ કરેલું છે, હવે મને છુટો કરો' શેઠ ટીનો સ.ઠો ઠેઠ સુધી
ચાલવાનો ન હોય. તેમ આપણે પણ જીંદગી સુધી એમાં ચાલ્યા
કરીએ તો શું થાય ? છોકરા માનતા નથી પણ છોકરાને
મનાવવા રહ્યો છે શું કામ ? છોકરા માનતા નથી કે તું
સમજતો નથી. સરકાર પણ નોકરીનુ પેન્શન આપે છે તો
આ તો ખુદને પેન્શન લેવું છે ઘરજીનો છોકરો જીવે ત્યા
સુધી સીવે ટચકા ખાય તો પણ એનું એ, ડોકટર વૈદ્ય કહે
કે દિવસ બે દિવસ, પોને પણ જાણે કે હમણા મરી જઇશ.
છતાં પણ રાજીનામું નથી લખાતું, આ માટે શાસ્ત્રકારોએ
બે માગ રાખ્યા. એક સંથારીયા સાધુનો માર્ગ અને બીજો
સાધુઓનો ઓઘ ચક્રવાલ સમાચારીનો. બેયથી સાધુ ગણ્યા.
પાંચ મહાવ્રત લે તેથી સાધુ ન ગણ્યા કેમ ? શાસ્ત્રકારો
કહે છે કે તિર્યંચો પણ પાચ મહાવ્રત તો લે છે દર્દુરાંક
શ્રેણિકના ઘોડાના પગની નીચે આવ્યો, ચગદાયો છતાં, છેટો
ન ગયો ગુગળીઆનું મરણ દીઠું કે ઉધરસે, આ તો ટાંટીયા
ઘસીને પધારીએ પડીને મરવાવાળી જાત આપણને અંગુઠો
પાકે, કેટલો ભાગ પાકયો ? સેંકડેમાં ભાગે પણ તેમાં ખટકો
થાય તે વખતે મોંઢામાંથી શું બાર આવે છે ? 'ઓ મારે'

'ઓ બાપરે' પણ ધ્યાન આવે છે કે મા ને મર્યાં ને બાપ ને મર્યો બાવીસ વર્ષ થયાં. કોણ જવાબ આપે છે, જેમ મા બાપના નામે સંસ્કાર પડયા છે તેથી તેજ શબ્દો નીકળે છે. તેવીરીતે ધર્મની રિતિમાં આત્માને કેળવો, કાંઇ થાય તો અરિહંત બોલો, નવકારના પ્રભાવે શ્રીમતીને સાપ તે ફુલની માળા થઇ. તે શાથી થઇ ? તેમાં ચિત્ત ચોંટાડયું. તેથી શ્રીમતીના ધણીને બીજી પરણવાનો વિચાર થયો. પણ આ ગુણવાળી ઉપર આપે કોણ ? ત્યારે તેને ખલાસ કરવાનું તેણે ધાર્યું. કઇ રીતે ખલાસ થાય ? રાજરમતમાં મારવો હોય તેને આપવું પાનબીડું. આગળના દરબારમાં ત્રણ જાતના પાનબીડા સામાન્ય, બાદશાહી ને જમરાજનું પાનબીડું. આ ત્રીજું પાનબીડું આપે ને ખલાસ, શ્રીમતીના ધણીએ ઓરડામાં ઘડામાં ફુલની માળા રહેતી હતી તે જગ્યાએ સાપ મંગાવીને રાખ્યો. આ બાદશાહી ઝેરી પાનબીડું કે બીજું કંઇ ? એ ચાર અખતરા બન્યા હોય તો વ્હેમનું સ્થાન પડે પણ તેવું નહિં. શ્રીમતીનો પતિ સ્નાન કરી, પૂજાનાં કપડાં પહેરીને કહે છે કે 'અંદરથી ફુલની માળા લાવ.' આ જગોપર શંકાને સ્થાન છે ? નહિ. ઓરડામાં અંધારૂં લાગ્યું. તેને લીધે વિચાર આવ્યો કે અંધારામાં મરણ સંકટ આવે તેથી હું મુંગી જાઉં તો ઇષ્ટ સ્મરણ વગર મરી જઉં. તેથી તેણે ઓરડામાં પેસતાં ફુલની માળા લેવા જતાં નવકાર ગણ્યો. એ સંસ્કાર કેટલો જબરજસ્ત હોવો જોઇએ. શ્રીમતી સામાયિક પ્રતિક્રમણ કરવા નથી બેઠી, વિચાર કરો કે તે વખતે 'નમો અરિહંતાણં' યાદ કેમ આવ્યું હશે ? તેનો આત્મા પુરો ઓતપ્રોત થયો હશે તેથીજ અરિહંત યાદ આવ્યું. આત્મા કેટલો બધો ઓતપ્રોત થયો હશે કે ઘરના

ભોંયરાના અંધારામાં શંકા પડી ત્યારે 'નમો અરિહંતાણં'
યાદ આવ્યું. એ શ્રીમતીને સાપ મટીને ફુલની માળા થઈ તે
વિચારીએ છીએ. પણ શાથી તે વિચાર કર્યો?

આપણે શ્રીપાળ મહારાજને વિષે વિચારીએ. એમનો
આત્મા કેટલો બધો ઓતપ્રોત થયો તે વિચારો. સાત
મોઢાના મગરમચ્છ જેવાનું કુતૂહલ, કુંવર દશા, એવામાં
ચોંચાનો દોર કપાય. ઉપર આભને નીચે દરીઓ છે તેમાં
'આલંબનનો કયો સંભવ છે? નથી. તો પણ તે વખતે 'નમો
અરિહંતાણં' સિદ્ધચક્રને નમસ્કાર શાથી યાદ આવ્યો? ઉપર
આભ ને નીચે દરિયો હોય તે વખતે 'નમો અરિહંતાણં'
યાદ આવે તે શ્રીપાળમહારાજાના સંસ્કારને લેવા તૈયાર થયા?
આપણને તો ટચકા આવે તે વખતે પણ સંસ્કાર નથી આવતા.
ઉપર આભ ને નીચે દરીઓ તે વખતે જે અરિહંતનું સ્મ-
રણ થયું તે કેટલો તન્મય હોય, જ્યારે આપણને બે હજા
રનો જપ આકરો પડયો, છતાં તે ગણાતા પણ હજી ઠેકાણું
ન પડ્યું. વિચાર કરો કે તમને લગાર વેદના થય છે ત્યારે
કયો શબ્દ બોલાય છે, તે વિચાર કરો ત્યારે ઘેખ્ખિના પેટ
નીચે ચગદાયેલા દુર્દશાક દેડકાની પીડામાં ને વેદનામાં
શું બાકી હોય? તે વખતે કેવી રીતે આરાધન. અરે
રહ્યો? દેડકો મરીને દેવતા થયો એટલું યાદ આવે છે પણ
એના ફળ શાથી દીધું તે વિચાર્યું? દેડકા જેવાં જાન ને ઘેખ્ખિ
જેવાના ઘોડાના પગ નીચે આવી જાય તે વખતે તેને
ધર્મ સૂઝયો. આનું નામજ ધર્મના સંસ્કાર ગણાય. દેડકાએ
અઢારે પાપસ્થાનક વોસરાવ્યા, સાધુ તો પાંચ વોસરાવે, પણ

ચારિત્ર તો મનુષ્ય ગતિમાંજ, માટે તેને મોક્ષની નીસરણી કહીએ છીએ. તિર્યંચોએ અઢાર પાપસ્થાનકો વોસરાવ્યા તો તેને ચારિત્ર કેમ નહિ ? પાંચને વોસરાવે તેને સાધુપણું ગણો છો ? તમે સામાયિક હંમેશાં કરો છો પણ તમો તેમાં શું કરો છો તેનો ખ્યાલ રાખો છો ? સાવદ્ય યોગનો ત્યાગ, ફરજીઆત અને નિરવદ્ય યોગનું સેવન ફરજીઆત, તેમાં ઉંઘ આવે તો અતિચાર, પેલાને સાવદ્ય યોગ છોડવાનું થયું પણ નિરવદ્ય યોગ આદરવાનું ન બન્યું. આ પાંચ વોસિરાવે અને નિરવદ્યને આદરે તેને સાધુપણું. તે પેલાને નહિ માટે સાધુપણું નહિ. શાસ્ત્રકાર વિરમણ પાંચને લાગુ કરે છે ને પેલાને વિવેક લાગુ કરે છે. ઇચ્છકાર સમાચારી અને ઓઘ સમાચારી એ બેનું આચરણ ન હોવાથી તિર્યંચને સાધુંપણું ન ગણવામાં આવ્યું. ડચકાં ખાતાં જો વોસિરાવીએ તો સંથારો લે ત્યારે પાંચે અને અઢારેને વોસિરાવે, પચીસ પચાસ હાથની પાઘડીમાં પાંચ આંગળાનો કસ રાખ્યો. છેવટે કસબી તારાને પાઘડી કહો, જીંદગીને છેવટે કસબી નથી બનાવવી. રાજીનામું નથી દેવાતું, જાણીએ છીએ કે રજા આપશે, ઘસડીને કાઢશે. ઘરમાં કોઇ પેસી ગયો હોય, ન નીકળે તો, હૂકમ કરે કે ઉપાડીને બહાર મૂક આને બાંધીને લઇ જાવ તે કબૂલ પણ મમતા નથી છોડવી. જે રાજીનામું ન દે તેને બાંધીને લઇ જાય. વિષય અને કષાયની તન્મયતા કેટલી બધી વસી રહેલી છે. કે મારે રાજીનામું દઇને નથી ખસવું. પણ મીંડું તો નીકળું. મર્યા વગર ન નીકળું; તે વિષયનું પોષણ છે. શાસ્ત્રો કહે, દેવ કહે, ગુરુ કહે, ધર્મ કહે તેને, દેવ ગુરુ ધર્મ માને તે જૈન. ને એનું પ્રરૂપણ કરે તેને ન માને તો અજૈન

ગણાય દેવ ગુરુ ધર્મના લક્ષણને અંગે આભ જમીનનો ફરક છે. જૈનો, વિષય કષાય રહિતપણું તે ધર્મ, તેને જણાવે તે ગુરુ, ને એ માર્ગ પ્રગટાવે તે દેવ આવીરીતે ત્રણે તત્વો મનાયેલા છે છતાં જૈન અજૈનમાં આભ જમીનનો ફેર પડે છે. તો પછી પહેલી પરીક્ષા કોની કરવી ? દેવ ગુરુ કે ધર્મની ? ત્યારે શાસ્ત્રકાર કહે છે કે દેવની શુદ્ધતા, શુદ્ધ ધર્મ પ્રરૂપે ત્યારે. શુદ્ધ ધર્મ કહે તેથી ગુરુ, માટે ધર્મની પરીક્ષા પહેલી કરવી. તે શાથી કરવી ? સાધન વિના પરીક્ષા કરવી કઇ રીતે ? ધર્મની પરીક્ષા કરવાનું સાધન ન હોય ત્યાંસુધી ન થાય. સડકો ઉપર માઇલો નાંખેલા છે છતા અંધારામાં આંધળા થઇને ચાલીયે ને માઇલની ખબર ન પડે તો વાંક કોનો ? આપણો કે સડકનો ? તેવીરીતે કસોટી હાથમાં છતાં તે લેવી નથી, પરીક્ષા કરવી નથી એમા વાક કોનો ? એવી કસોટી કષ છેદ તાપ વિગેરે છે તેથી ધર્મની પરીક્ષા થાય છે.

— —

## ૨૦

# આગમો એ લશ્કરી કાયદા છે

[ જિનનામ અને આહારકનામ કર્મ કર્મના જોરે બંધાતા નથી પણ સમ્યક્ત્વ અને સંયમના જોરે બંધાય છે. તીર્થંકર ભગવાનને પરનો ઉપકાર કરવો તે એક કર્તવ્ય છે. ગણધરભગવંતને પોતાના જ્ઞાનાવરણીય કર્મ દૂર કરવા અને પારકાના જ્ઞાનાવરણીયને દૂહાવવા બન્ને કાર્ય છે. આગમ ગ્રંથો એ લશ્કરી કાયદા છે. આથીજ આગમ ગ્રંથોમાં સાધુને અનુલક્ષીનેજ કહેવામાં આવ્યું છે. શ્રાવકને અનુલક્ષીને જે કાંઈ કહેવામાં આવ્યું છે તે પ્રાસંગિક છે. આથા આગમ વાંચવા ભણવાનો અધિકાર તે સાધુને છે બીજાને નહિ. આ ભણવામાં પણ યોગ્યતા નક્કી કરી છે. ભગવતી વિગેરેની યોગ્યતા પામેલાને માથે તો શાસનની જવાબદારી છે. તેણે કોઈ કહે ત્યારે કરવાનું નથી પણ કોઈની ભૂલ દેખાય ત્યાં તુર્ત કરવાનું છે.]

### જિનનામ અને ગણધરનામ કર્મના જોરે બંધાતા નથી.

ગણધર મહારાજાઓ જ્યારે પ્રતિબોધ પામે છે ને પ્રવજ્યા અંગીકાર કરે છે તે વખતે બાંધેલું ગણધર નામકર્મ ઉદયમાં આવે છે. જેમ તીર્થંકરોને જિન નામકર્મનો ઉદય હોય. તેથી તીર્થંકરો ગર્ભથી ત્રણે જગતને પૂજ્ય થાય છે બીજા બધાં કર્મો કર્મના જોરે બંધાય છે, પણ ત્રણ પ્રકૃતિ એવી છે કે જે કર્મના જોરે બંધાય નહિ. ૧૧૭ પ્રકૃતિ કર્મના જોરે બંધાવાવાળી છે. જિન-નામ કર્મ અને આહારકદ્વિક એ ત્રણ પ્રકૃતિ, સમ્યક્ત્વ અને સંજમના જોરે બંધાવાવાળી છે.

સમ્યક્ત્વના જોરે તીર્થંકર નામ કર્મ બંધાય છે. અને
ગણધરના નામ કર્મ સંજમના જોરે બંધાય છે. ૧૧૭ પ્રકૃતિ
બંધમાં અશુભ ગણી. આ ત્રણ પ્રકૃતિ બંધમાં શુભ છે. બીજાં
કર્મો અનુપયોગે બંધાય, પણ તીર્થંકર નામકર્મ અનુપયોગ
પણે જીવ બાંધતો નથી. પુરતા ઉપયોગે બંધાય છે. તેજ
પ્રમાણે આહારક શરીર અને આહારક અંગોપાંગ પણ ઉપ-
યોગે બંધાય છે તીર્થંકર નામકર્મ પ્રકૃતિ એ ઉપયોગથી
બાંધી હતી કે આ સંસારના જીવો રોગ શોકથી પીડાઈ રહેલા
છે, તેમના દુઃખનો તેમને પોતાને ખ્યાલ નથી સરકારમાં
કેટલાક કેસ કરવાની પોલીસને સત્તા છે ફરીયાદીને જરાય
ફરફેયાદ કરવો ન પડે. ગંભીર ગુન્હાઓમાં-ખુન વિગેરેમાં
પોલીસ પોતે ફરીયાદી બને છે તેવીરીતે જિનેશ્વરે જગતનું
નિરાધારપણું દેખ્યું અને તેને બચાવવા કમર કસી નાનું
બચ્ચું હાથમાં ફુલડી લઈને માને કે મારે તરવાનું છે સમજુ,
આ છોકરાના વાતને માને ખરો ? તેમ આ જીવો હાડ,
હવેલીને સુખનું સાધન સમજે. બચ્ચું ભોળું છે કે ફુલડીથી
તરીશ, પણ મોટાએ તો સમજવું જોઈએ કે નહિ ! તેવી-
રીતે પુદ્ગલાભિનંદી જીવો પોતાના સુખના સાધન તરીકે
કુટુંબ, ધન વિગેરેને ગણે, તે માટે જિનેશ્વર સરખાથી તે
માની લેવાય ? છોકરો ફુલડી લઈને તરવા જાય તો તેને
પકડીને પાછો લાવવો પડે તેવીરીતે જગતના જીવો પુદ્ગલે,
કાયદા કાયદાં એની જડ લગાવીને ચાલ્યા જાય છે જિનેશ્વરે
ને તેમની સ્થિતિ, સ્વરૂપ દેખીને વાળવા પડે છે. વચનો
હિતના કહ્યાં છતાં, કોઈ આમ્નાયવીને હિતપણે પરિણમે;
નેક કરી બતાવે સાચા ધર્મ માટે પણ-વેદ વધાવો જણાવેલ

નામે જમા કરો; તે નીમકહલાલ કે નીમકહરામ? નીમકહરામ. આ ખાતામાં આવેલો ચેક આપે, તે તેના નામે જમા કરવાનું બોલાય નહિ; તેમ જિનેશ્વરનો માલ બીજાને અપાય તેમાં હું ન હોય. जिनपन्नत्तं तत्तं જિનેશ્વરે કહેલું તત્ત્વ, કેવળી મહારાજે કહેલો ધર્મ, હું શરણ કરૂં છું, કેવળી મહારાજોએ કહેલા ધર્મનું નહિ કે मुनिपन्नत्तं तत्तं!

## તીર્થંકર ભગવાનને એક કામ અને ગણધરને કરવાના બે કામ.

આચાર્યે પ્રરૂપેલા ધર્મને તમે મંગલ માનતા નથી. તેમ ઉપાધ્યાય સાધુઓએ કહેલા ધર્મને ઉત્તમ માનતા નથી, ધર્મ તેમનો આપેલો, તેમનો કહેલો નહિ. કહેલો તો જિનેશ્વરનો. આચાર્ય વિગેરે આપણને ધર્મ આપે છે. પણ તે ચોકખું કહીને આપે છે, जिनपन्नत्तं तत्तं અહિં હું કહું છું તેમ કહે તો તેને હરામખોર કહેવો પડે. હું અધિક કહેવા જાય તેની દશા ખરાબ ગણવી. સિદ્ધની જડ અરિહંતમાં રહેલી છે. આચાર્ય વિગેરેની જડ તીર્થંકરમાં છે. જે પોતાની જડ ન પીછાને, પોતાના મુખ્ય આરાધ્ય, જગતના પૂજ્ય કરતાં પોતે અધિક થવા માગે તેની શી દશા થાય? તીર્થંકરોને અધિક માનીએ તે ગુણોએ અધિક નથી, ન્યૂન છે સિદ્ધની અપેક્ષાએ; બીજા કેવળીની અપેક્ષાએ તુલ્ય, એ છતાં અહિં કોઈ તેનું ભાગ્ય જબરજસ્ત છે એમનું વચન એ ભવ્ય જીવોએ ભવની ભાવટ ભાંગનારૂં થાય છે. એ ભાગ્ય કયાં મેળવ્યું? પહેલા ભવમાં; "મને" કોઈપણ સારામાં સારું મળે તો મારું પહેલું કર્તવ્ય એ છે કે ભવ્યોના ભવની ભાવઠ ભાંગી નાંખું, આવા

વિચારો જેને આવા આવ્યા હોય તે તીર્થંકર થાય. ભવ્યોના
ભવની ભાવઠ ભાંગવા માટે તીર્થંકર નામ કર્મ બાંધેલું છે.
તે કેવળજ્ઞાન પામે ત્યારે થાય છે. જેમ તીર્થંકરને તીર્થંકર
નામ કર્મ, ફળની સિદ્ધિ કરવા માટે કેવળજ્ઞાન પછી થાય.
પૂજ્યતાથી પહેલાં હોય, ફળ અપેક્ષાએ, કેવળીપણામાં. ગણ-
ધરોને પ્રવ્રજ્યા-પ્રતિબોધ થાય ત્યાં ગણધર નામ કર્મનો ઉદય.
તે ઉદયને લીધે એમને બે કામ, તીર્થંકરને એકજ કામ, પરાર્થ
કરવો તે, તીર્થંકરને પોતાનું કરવાનું નથી. પોતે ચારે ઘાતિકર્મ
ક્ષીણ કરીને કેવલીપણામાં આવ્યા છે જ્યારે ગણધરને પોતાનું
અને પારકાનું બન્નેનું કરવાનું છે, હજુ તેમને જ્ઞાનાવરણીય
પોતાનું તોડવું છે અને બીજાનું પણ તોડવું છે, તે બે વાતને અંગે
તીર્થસ્થાપન, તે તીર્થસ્થાપન કરતાં સૈન્યમાં જે કામ કરે તેને
તે શહેરનો સંબંધ ન હોય શહેરનું પોષણ સ્વતંત્ર, સૈન્ય
પોષાય તે શહેરને લીધે પણ સૈન્યનો કાયદો શહેરને લાગે-
વળગે નહિ, તેમ ગણધર મહારાજે ૧૧ અંગ રૂપી કાયદા
કર્યાં શ્રાવક શ્રાવિકા શહેરી એનાથી પોષાય, પણ એ લશ્કરી
કાયદા કરતી વખતે વચમાં શહેરીને અંગે કાંઈ લેવાનું હોય
નહિ. તેમ બધા ૧૧ અંગો વિગેરે કાયદા સાધુના, કોઈ
શ્રાવકે મૂર્તિ ભરાવી ને લાવો અંગમાં! નહિ મળે શ્રાવકની
દિનચર્યા અંગમાં નથી. ભાટભૂવાનું નામ ચારણને ઘેર કેમ
નીકળવાનું? શ્રાવકને લાયકની જે જે કરણી કબૂલ હોય.
શ્રાવક પ્રતિક્રમણ, સામાયિક કરે તેની વિધિ સૂત્રોમાં નથી.
સાધુના અધિકારમાં સંબંધ તરીકે વાત આવે તે જુદી વાત,
ઉદાપિદાતને અંગે લેપનો અધિકાર કહેવો પડશે, કરણી
નથી. ૧૧ અંગ, ૧૨ ઉપયોગ ચારિત્રના સૈનિકના કાયદાઓ

છે. લશ્કરી કાયદામાં શહેરીની કલમ માંગનારો બેવકૂફ ગણાય, આ વાત ખ્યાલમાં આવશે. તો સૂત્રના અધ્યયનનો અધિકાર સાધુને કેમ? તે સમજશો. લશ્કરી કાયદો લશ્કરીને જણાવાય. સાધુ થયો છતાં આટલા વર્ષે સૂયગડાંગ આટલા વર્ષે ઠાણાંગ, ભણાવ્યું કે તુરત નહિ. લશ્કરમાં રહ્યા છતાં પાયરીએ ચડે તે સૈનિકને અધિકાર. શહેરીને તો નહિ જ? ગણધરો જ્યાં સમ્યક્ત્વ પામી, પ્રવ્રજ્યા લીધી, પ્રથમ અંગોની રચના કરી. અનુક્રમ ધ્યાનમાં રાખજો, ચારિત્રનો કાયદો, આ કાયદો ક્યાં ચાલશે તે જણાવવું પડશે? આચારાંગનું પહેલું અધ્યયન થાય કે વડી દિક્ષાને લાયક. દશવૈકાલિક પહેલાં એ ક્રમ હતો. શસ્ત્રપરિજ્ઞાની અંદર છકાયના જીવોની રક્ષા કેવીરીતે થાય તેનું પહેલું પ્રકરણ. જેણે સર્વ વિરતિ લીધી છે તેને છકાયની દયા સરખી રીતે પાળવાને માટે તે પ્રકરણની જરૂર. આચારાંગમાં સાધુના આચાર છે. ચાલવાવાળાને ઠોકરનો સંભવ; તેથી ઠોકરથી સાવચેત રહેવાની જરૂર, ધર્મરાજાનો સૈનિક થયો એટલે મોહ રાજા હાથ અજમાવે. તેથી સૂયગડાંગ કરવું પડયું. બીજાઓ આમ કરે છે તેથી સાવચેતી, તે કર્યા પછી ઘર જાણવું જોઈએ તેથી ઠાણાંગમાં દરેક પદાર્થનું વર્ગીકરણ, વર્ગીકરણથી પદાર્થ જણાવાય તેથી તેમાં એકથી દશ સુધીનું વર્ણન થયું, પછી સમવાયાંગમાં અનંતા સુધીનું વર્ગીકરણ. તે પછી સર્વ વસ્તુને માટે લાયક, ભગવતીજીમાં સર્વ અનુયોગ, માણસ પાયરી ઉપર ચઢયો. જે માણસ પાયરી ઉપર ચઢેલો તે પાયરીને મુશ્કેલીવાળી ગણે ત્યારે ભગવતીજી જાણીને સાંભળીને તૈયાર થયો તેને માથે જોખમદારી અદા કરવાની ફરજ. જ્ઞાતાસૂત્ર તેને માટે પ્રથમ અધ્યયનમાં આભને

જમીનનો પ્રસંગ. દુનિયામાં પ્રશંસા થવી તે મુશ્કેલ છે
પણ પર પ્રશંસા સહન કરવા કરતાં સ્વ પ્રશંસા સહન કરવી
અત્યંત મુશ્કેલ, સ્વ પ્રશંસા સાંભળીને ગલગલીયાં થયાં કે
ખવાસ સ્વ પ્રશંસાના સહન કરવા કરતાં પરના અવગુણને સહન
કરવા તે વધુ મુશ્કેલ પોતાનામા ગુણ આવ્યા પછી બીજાના
અવગુણો સહન કરવા તે મુશ્કેલમા મુશ્કેલ, સંવત્સરીના
ઉપવાસ વખતે કોઈ નવકારશીનું પચ્ચક્ખાણ માગે તો બધાના
મોંઢા જુઓ તો ખરા કેમ ઉપવાસ નહિ ? જેણે ઉપવાસ
કર્યો છે તે બોલે છે, ઉપવાસ કર્યો તેમા બીજાની નવકારશી
ન સહન થઈ જગતમા સોનાને સર્વ કોઈ ચાહે છે
સોનાના પચ્ચક્ખાણ નથી, સોનાને તપાવીને લાલચોળ કરો
પછી હાથ ધરવાનું કહો તો કોણ હાથ ધરે છે ? કોઈ
નહિં, પચ્ચક્ખાણ નથી, પણ બળ્યું એ સોનું એ શબ્દો
નીકળે છે તેવીરીતે ધર્મ કિંમતી છતાં નરમ માર્ગ કિંમતી
છતાં કઠોર વચનમય ઉપદેશ હોય તો લોકોને બળ્યો એ
ઉપદેશ એમ કહેવું છે. ઉપદેશ જોઈએ છે, પણ વચનની
કઠોરતા વસી જાય તો બળ્યો એ ઉપદેશ કહેવું પડે, માટે
દરેક મનુષ્યે મધુર શબ્દોથી ઉપદેશ આપવો સાકરીયા ચણા
તો ઉપદેશ આપશોને ? પણ યાદ રાખે. કે વધુ સાકર
મીઠો પેશાબ કરી મારી નાંખે છે. માટે સાકર પીરસવાની
વાત કરો તો એકલી સાકર મારી નાખશે. એકલા મીઠા
ઉપર ધ્યાન નહીં આપવાનું, નિપુણ ધારેલા શબ્દનું પેથ
કરનાર, મીઠું હોય, સમ્યગ્દર્શન વિગેરેને જણાવે તે મીઠું.
સાધે કાર્ય સિદ્ધવાળું વચન. શહેરના વચ્ચે રહેલી પેલીસ
ચોકી તેને બોલાવે તોય રસ્તા વચ્ચે ઉભા રહેવાનું: અ.ઠ

જતી આગની હોય કે ન હોય તો પણ તેને ઉભા રહેવ
હોય. તેમ આચાર્યોએ આચાર્ય થયા પછી એ ખ્યાલ રા
વાનો કે મને કહેવા આવશે તો કરીશ એમ નહિં, ભગવ
મહાવીરને મેઘકુમારે પૂછ્યું ન હતું કે હું પહેલા ભવ
કોણ હતો ? મેઘકુમાર રજા લેવા આવ્યા છે. શહેરી પો
સને કોટડીમાં બેસવાનું હોય નહિં તેમ જોખમદાર મનુ
ને આપોઆપ પ્રવૃત્તિવાળા થવું જોઇએ. મધુર, નિપૂણ વ
નોએ કરીને આચાર્યોએ પ્રેરણા કર્યા કરવી. ચાલતા બળદ
ગોદા માર્યા કરવા ? સીધી ગાડી લઇ જતો હોય તેને પોલી
કંઇ કરતો નથી. તેમ જે જિનેશ્વરના ઉપદેશ અનુસાર ચા
છે તેને કોઇ કહેવાનું નથી પણ શિષ્ય સ્ખલના પામ્યો હો
ત્યાં પ્રેરણા કરવી. મારે શું એમ કહેવાય નહિ ? જે આચ
ર્યાદિક પણાએ આવેલા હોય તેમણે પોતાની જવાબદા
સમજવી જોઇએ. મેઘમુનિને મહાવીરે વગર પૂછ્યાં સ્
લના થતી હતી ત્યાં અટકાવ્યા, તેમ આવીરીતે સમજીને જ
જ્ઞાનનો ઉપદેશ આપશે તે મોક્ષ સુખમાં વિરાજમાન થશે.

## આનંદ ઝરણાં ભાગ ૨૦ સંપૂર્ણ